અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ માર્ચ ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ ૪ | અંક : ૨૩૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને કોર્ટે આપ્યો ઝટકો । ગુરુવારે કેજરીવાલના ૧૦ દિવસના રિમાન્ડ પૂરા થયા હતા

# કેજરીવાલના ૪ દિવસ રિમાન્ડ લંબાયા ૧ એપ્રિલ સુધી EDની કસ્ટડીમાં રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને દિલ્હી લિકર પોલિસી કેસમાં કોર્ટે રાહત આપી નહોતી. કેજરીવાલને એક એપ્રિલ સુધી ઈડીની કસ્ટડી વધારવાનો કોર્ટે આદેશ આપ્યો હતો દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે ઈડ્ઢની ટીમ ગુરુવારે બપોરે રાઉઝ એવન્યુ કોર્ટ પહોંચી હતી. જ્યાં ઈડ્ઢ અને કેજરીવાલ બંને તરફથી જોરદાર દલીલો આપવામાં આવી હતી. દલીલો સાંભળ્યા બાદ કોર્ટે કેજરીવાલના ઈડ્ઢ રિમાન્ડને ૪ દિવસ માટે લંબાવી હતી. આજે ગુરુવારે કેજરીવાલના ૧૦ દિવસના રિમાન્ડ પૂરા થયા હતા. આ પછી EDએ તેને કોર્ટમાં રજૂ કરીને ૭ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. દિલ્હીના સીએમના રિમાન્ડની માંગ કરતી વખતે EDએ કહ્યું કે મોબાઈલ ફોન (અરવિંદ કેજરીવાલની પત્નીના)માંથી ડેટા કાઢવામાં આવ્યો છે અને હાલમાં તેનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. જો કે, અન્ય ચાર ડિજિટલ ઉપકરણો (CM કેજરીવાલ સાથે સંબંધિત) માંથી ડેટા જપ્ત કરવામાં આવ્યો છે, જે ૨૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ દિલ્હીના મુખ્યમંત્રીના પરિસરમાંથી તપાસ દરમિયાન મળી આવ્યો હતો.

એએસજી એસવી રાજુએ કહ્યું હતું કે કેજરીવાલનું નિવેદન નોંધવામાં આવ્યું છે અને તેઓ પ્રશ્નોના સીધા જવાબો આપી રહ્યા નથી. EDએ અરવિંદ કેજરીવાલની ૭ દિવસની કસ્ટડીની માંગણી કરી હતી. ASGએ કહ્યું, મળેલા ડિજિટલ ડેટાની પણ તપાસ કરવામાં આવી રહી છે. કેટલાક લોકોને ગોવાથી બોલાવવામાં આવ્યા છે અને તેમને રૂબરૂ બેસીને તેમના નિવેદનો નોંધવા પડશે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

## કેજરીવાલે કોર્ટ સમક્ષ તેમની ધરપકડનો વિરોધ કરતા કહ્યું કે, આ કેસ બે વર્ષથી ચાલી રહ્યો છે, સીબીઆઈનો કેસ ઓગસ્ટ ૨૦૨૨માં દાખલ કરવામાં આવ્યો હતો

### દિલ્હીના CM પદેથી હટાવવાની PIL હાઈકોર્ટે ફગાવી દીધી



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને દિલ્હી હાઈકોર્ટમાંથી મહત્ત્વની રાહત મળી છે. ઈડીએ કેજરીવાલને કસ્ટડીમાં લીધા પછી હાલમાં તેઓ જેલમાં છે અને ત્યાંથી જ સરકાર ચલાવે છે. કેજરીવાલ જેલમાં હોવાથી તેમને મુખ્યમંત્રી પદેથી હટાવવા માટે અરજી થઈ હતી જેને હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટે કહ્યું કે તેમને સીએમ પદેથી દૂર કરવાનો કોઈ નિયમ નથી. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવા કે નહીં તે નક્કી કરવાનું કામ ન્યાયતંત્રનું નહીં પરંતુ એક્ઝિક્યુટિવ તંત્રનું છે. કેજરીવાલને ઈડી પકડી ગઈ છે અને રિમાન્ડ પર લીધા છે. કેજરીવાલે હજુ મુખ્યમંત્રીપદ છોડ્યું નથી. જેલમાંથી જ તેઓ ઓર્ડર પણ આપી રહ્યા છે. તેથી તેમને મુખ્યમંત્રી પદેથી હટાવવા માટે એક જાહેર હિતની અરજી થઈ હતી. દિલ્હી હાઈકોર્ટે આ ન ફગાવી દેતા કહ્યું કે, "આ નિર્ણય એક્ઝિક્યુટિવે લેવાનો છે. તેમને હટાવવાનો કોઈ નિયમ નથી." હાઈકોર્ટમાં કાર્યકારી ચીફ જસ્ટિસ મનમોહનના અધ્યક્ષપદ હેઠળની બેન્ચે આ મુદ્દાના મહત્ત્વ વિશે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે આ બાબત ન્યાયતંત્રની દખલગીરીના દાયરામાં નથી આવતી. સરકારની અન્ય પાંખોએ કાયદા અનુસાર આ વિશે વિચાર કરવાનો છે. સુરજિત સિંહ યાદવ નામના અરજકર્તાએ દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી અરવિંદ કેજરીવાલને હટાવવા માટે અરજી કરી હતી.

### મારી પાસે ચૂંટણી લડવાના રૂપિયા નથી : સીતારમણ

## નાણામંત્રી નિર્મલા સીતારમણ લોકસભાની ચૂંટણી નહીં લડે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભા ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો છે. ભારતીય જનતા પાર્ટી (BJP) ઈચ્છતી હતી કે તે આંધ્રપ્રદેશ અથવા તમિલનાડુમાંથી ચૂંટણી લડે. નિર્મલા રાજ્યસભાના સાંસદ છે અને ભાજપે આ ચૂંટણીમાં ઘણા રાજ્યસભા સાંસદોને ટિકિટ આપી છે, જેમાં પીયૂષ ગોયલ, ભૂપેન્દ્ર યાદવ, રાજીવ ચંદ્રશેખર, જ્યોતિરાદિત્ય સિંધિયાનો સમાવેશ થાય છે.

તેમણે કહ્યું, એક અઠવાડિયા કે દસ દિવસ વિચાર્યા પછી, હું ફક્ત આ કહેવા માંગુ છું... કદાચ નહીં. મારી પાસે ચૂંટણી લડવા માટે એટલા પૈસા નથી. મને પણ સમસ્યા છે કે તે આંધ્રપ્રદેશ હોય કે તામિલનાડુ. નાણામંત્રીએ કહ્યું, જીતવા માટે અલગ-અલગ માપદંડોનો સવાલ હશે. શું તમે આ સમુદાયના છો કે તમે તે ધર્મના છો. શું તમે આમાંથી છો. મેં કહ્યું ના, મને નથી લાગતું કે હું તે કરવા સક્ષમ છું.

નિર્મલા સીતારમણે વધુમાં કહ્યું કે હું ખૂબ જ આભારી છું કે મારી વાત સ્વીકારવામાં આવી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે દેશના નાણામંત્રી પાસે ચૂંટણી લડવા માટે પૈસા કેમ નથી. તેના પર તેણે કહ્યું કે ભારતનું કોન્સોલિડેટેડ ફંડ તેમનું અંગત ફંડ નથી. મારો દેશ, મારી કમાણી અને મારી બચત મારી છે. ભારતનું કોઈ કોન્સોલિડેટેડ ફંડ નથી.

નિર્મલા સીતારમણે ચૂંટણી ન લડવાનું કારણ આપ્યું. હવે એ જાણવું અગત્યનું બની જશે કે દેશના નાણામંત્રીની સંપત્તિ કેટલી છે. MyNªa વેબસાઈટ અનુસાર, નિર્મલા સીતારમણની કુલ સંપત્તિ ૨ કરોડ ૫૦ લાખ ૯૯ હજાર રૂપિયા અને ૩૯૬ રૂપિયા છે. તેની પાસે જંગમ અને સ્થાવર બંને મિલકત છે. નિર્મલા સીતારમણ પાસે ૩૧૫ ગ્રામ સોનું છે. તેની પાસે ૨ કિલો ચાંદી પણ છે. નિર્મલા પર ૩૦ લાખ રૂપિયાની જવાબદારી પણ છે. નિર્મલા સીતારમણ પાસે કોઈ કાર નથી. જોકે તેના નામે બજાજ ચેતક સ્કૂટર છે. તેની કિંમત ૨૮,૨૦૦ રૂપિયા છે. નિર્મલા સીતારમણ પાસે હૈદરાબાદ પાસે લગભગ ૧૬ લાખ રૂપિયાની બિનખેતી જમીન છે. તેમની સ્થાવર મિલકતની કિંમત ૧,૮૭,૬૦,૨૦૦ રૂપિયા છે.



### નિર્મલા સીતારમણ પોતાના નિવેદનના કારણે ચર્ચામાં છે

રાજ્યસભા માટેના તેમના ચૂંટણી એફિડેવિટમાં તેમણે કહ્યું હતું કે તેમની પાસે ૧૭,૨૦૦ રૂપિયા રોકડા છે. આ સિવાય બેંક FD તરીકે ૪૫,૦૪,૪૭૯ રૂપિયાની માહિતી આપવામાં આવી હતી. ચૂંટણી પંચના મતે લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચનો અવકાશ અલગ-અલગ છે. લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર ૯૫ લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરી શકે છે. આ રકમ ૨૦૨૨માં વધારવામાં આવી હતી. પહેલા તે ૭૦ લાખ રૂપિયા હતી.

### સ્ટાર પ્રચારકોની યાદીમાં મળ્યું સ્થાન

## મોદી-શાહની જોડી ભાજપ ઉપરાંત બીજી પાર્ટી માટે પણ કરશે પ્રચાર

। મુંબઈ, તા.૨૮ ।

લોકસભા ચૂંટણી માટે ભાજપ -કોંગ્રેસ સહિત ઘણા પક્ષોએ પોતાના ઉમેદવાર જાહેર કરવાની કામગીરી સાથે સ્ટાર પ્રચારકની પણ યાદી જાહેર કરવાનું શરૂ કરી દીધું છે, ત્યારે શિવસેનાએ પણ ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. શિવસેનાની યાદીમાં કેટલાક એવા નામો છે, જેમણે આજ સુધી શિવસેના માટે ચૂંટણી પ્રચાર કર્યો નથી. વાસ્તવમાં પાર્ટીએ સ્ટાર પ્રચારકોની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહનું નામ પણ સામેલ કર્યું છે. જ્યારે યાદીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારનું પણ નામ સામેલ છે.



વર્ષ ૨૦૨૨માં એકનાથ શિંદે સહિતના નેતાઓએ બળવો કર્યા બાદ શિવસેના જૂથના બે ભાગલા પડી ગયા હતા. ત્યારબાદ તેમણે ભાજપ સાથે ગઠબંધન કરી રાજ્યના મુખ્યમંત્રી બન્યા બાદ શિવસેનાના ચિન્હ પર દાવો ઠોક્યો હતો, જેમાં સુપ્રીમ કોર્ટે એકનાથ શિંદે જૂથને અસીલ શિવસેના જાહેર કર્યા છે. ત્યાબાદ ઉદ્ધવ જૂથની શિવસેનાએ પક્ષનું નામ બદલી શિવસેના (ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે) રાખવું પડ્યું હતું.

### ડરાવવું અને ધમકાવવું એ કોંગ્રેસની સંસ્કૃતિ છે : વડાપ્રધાન મોદી

। નવી દિલ્હી, તા.૨૮ ।

દેશભરના ૬૦૦ વકીલોએ CJIને પત્ર લખ્યો છે, આ પત્રને ટાંકીને પીએમ મોદીએ કોંગ્રેસને આડે હાથ લેતા કહ્યું કે, બીજાને ડરાવવાની કોંગ્રેસની જૂની સંસ્કૃતિ છે, તેથી જ ૧૪૦ કરોડ ભારતીયો કોંગ્રેસ પાર્ટીને નકારી રહ્યા છે. વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વે સહિત દેશભરના ૬૦૦થી વધુ વકીલોએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડને પત્ર લખીને ન્યાયપાલિકા પર સવાલ ઉઠાવવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. વકીલોએ આ પત્રમાં લખ્યું છે કે, એક ગ્રુપ ન્યાયિક ચુકાદાને પ્રભાવિત કરવા માટે દબાણની રણનીતિ અપનાવી રહ્યું છે. તે ખાસ કરીને રાજનીતિક હસ્તીઓ અને ભ્રષ્ટાચારો સાથે સબંધિત મામલે વધુ જોવા મળી રહ્યું છે. તેમનો તર્ક છે કે, આ કાર્યવાહીઓ લોકતાંત્રિક માળખા અને ન્યાયિક પ્રક્રિયામાં રાખવામાં આવેલા ભરોસા માટે ખતરો ઊભો કરે છે. જેનાથી તેઓ ચિંતિત છે.

### સીએમ એકનાથ શિંદેએ પાર્ટીમાં તેમનું સ્વાગત કર્યું

## બોલિવુડના પ્રખ્યાત અભિનેતા ગોવિંદા શિવસેનામાં જોડાયા

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

પ્રખ્યાત અભિનેતા ગોવિંદા મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેને મળ્યા અને શિવસેનામાં જોડાયા. તેમને લોકસભા ચૂંટણી માટે ટિકિટ મળી શકે છે. ગોવિંદાને મુંબઈ નોર્થ વેસ્ટ સીટ પરથી ટિકિટ મળી શકે છે. ગોવિંદા કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા. સીએમ એકનાથ શિંદેએ પાર્ટીમાં તેમનું સ્વાગત કરતા કહ્યું કે તેઓ ડાઉન ટુ અર્થ છે અને દરેક તેમને પસંદ કરે છે.

સીએમ એકનાથ શિંદેએ કહ્યું કે, "આજે હું ગોવિંદાનું અસલી સ્વાગત કરું છું, જેઓ જમીન સાથે જોડાયેલા છે અને દરેકને પસંદ છે. ગોવિંદાએ કહ્યું, "જય મહારાષ્ટ્ર... હું સીએમ શિંદેનો આભાર માનું છું.



### ગોવિંદાને મુંબઈ નોર્થ વેસ્ટ સીટ પરથી ટિકિટ મળી શકે છે

હું ૨૦૦૪-૦૯થી રાજકારણમાં હતો. તેમાંથી બહાર આવ્યા પછી, મેં વિચાર્યું નહોતું કે હું પાછો આવીશ. પરંતુ ૨૦૧૦-૨૪ આ ૧૪ વર્ષના આ વનવાસ પછી હું શિંદેજીના રામરાજ્યમાં પાછો આવ્યો છું."સીએમ શિંદેએ કહ્યું, "ગોવિંદાની કોઈ શરત નથી. તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું કામ ગમ્યું. તેને અમારી સાથે કામ કરવું છે. તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે કંઈક કરવું છે. તેણે કહ્યું કે મારે કોઈ ટિકિટ જોઈતી નથી. મારી એક અલગ ઓળખ છે. તે જ્યાં જાય છે ત્યાં હજારો લોકો ભેગા થાય છે.

હવે જો તે અમારી સાથે હશે તો લાખો લોકો ભેગા થશે સીએમ શિંદેએ એમ પણ કહ્યું કે રાજ્યમાં જે પ્રકારનું કામ થયું છે તે બધાએ જોયું છે. આ એવી સરકાર નથી જે ઘરે બેસીને કામ કરે. રસ્તા પર કામ કરતી સરકાર છે. તેથી અમે ૪૮ બેઠકો પર નજર રાખી રહ્યા છીએ, અમે મોટી સંખ્યામાં જીતીશું.

### SBIએ કરોડો ગ્રાહકોને આપ્યો મોટો ઝટકો

## બેંકે ડેબિટ કાર્ડ પર ચાર્જ વધાર્યો, ૧ એપ્રિલથી નવા ચાર્જ લાગુ થશે

। નવી દિલ્હી, તા.૨૮ ।

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ કેટલાક ડેબિટ કાર્ડ પર વાર્ષિક મેન્ટેનન્સ ચાર્જમાં મોટો ફેરફાર કર્યો છે. ડેબિટ કાર્ડ પર વધેલો વાર્ષિક મેન્ટેનન્સ ચાર્જ ૧ એપ્રિલ, ૨૦૨૪થી લાગુ થશે. ઉપલબ્ધ માહિતી મુજબ, ક્લાસિક, સિલ્વર, ગ્લોબલ અને કોન્ટેક્ટલેસ ડેબિટ કાર્ડ્સની વર્તમાન વાર્ષિક જાળવણી ફી ૧ એપ્રિલથી સુધારવામાં આવશે. એસબીઆઈએ એમ પણ કહ્યું કે વાર્ષિક જાળવણી ચાર્જમાં આ ફેરફારો સિવાય, તે ડેબિટ કાર્ડને જારી કરવા અને બદલવા સંબંધિત ચાર્જિસમાં પણ ફેરફાર કરશે. યુવા, ગોલ્ડ, કોમ્બો ડેબિટ કાર્ડ, માય કાર્ડ (ઈમેજ કાર્ડ) જેવા ડેબિટ કાર્ડ માટે વાર્ષિક જાળવણી હાલના રૂ. ૧૭૫ GSTથી વધારીને રૂ. ૨૫૦ GST કરવામાં આવી છે.

### લેટિનમ ડેબિટ કાર્ડ માટે વાર્ષિક મેન્ટેનન્સ, જે હાલમાં રૂ. ૨૫૦ GST હતું

ક્લાસિક, સિલ્વર, ગ્લોબલ, કોન્ટેક્ટલેસ ડેબિટ કાર્ડ્સ સહિત ઘણા કાર્ડ્સ માટે વાર્ષિક મેન્ટેનન્સ ચાર્જ હાલમાં ૧૨૫ રૂપિયા ત્ત્જી છે, જે વધારીને ૨૦૦ રૂપિયા ત્ત્જી કરવામાં આવ્યો છે. પ્લેટિનમ ડેબિટ કાર્ડ માટે વાર્ષિક મેન્ટેનન્સ, જે હાલમાં રૂ. ૨૫૦ GST હતું, તે હવે વધારીને રૂ. ૩૨૫ GST કરવામાં આવ્યું છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ડેબિટ કાર્ડ જેવા પ્રાઈડ પ્રીમિયમ બિઝનેસ ડેબિટ કાર્ડ માટે આખા વર્ષની જાળવણી ફી રૂ. તેને રૂ. ૩૫૦ GSTથી વધારીને રૂ.૪૨૫ GST કરવામાં આવ્યો છે. SBI ડેબિટ કાર્ડ માટે વાર્ષિક મેન્ટેનન્સ ચાર્જ તપાસવા માટે, તમે SBIની અધિકૃત વેબસાઇટની મુલાકાત લઈ શકો છો અથવા બેંકની ગ્રાહક સંભાળનો સંપર્ક કરી શકો છો. આ સિવાય ખાતું ખોલાવતી વખતે અથવા બેંકની વેબસાઈટ પર આપવામાં આવેલા નિયમો અને શરતોમાં લાગુ પડતા શુલ્ક વિશે માહિતી હોવી જોઈએ. ડેબિટ કાર્ડના પ્રકાર અને વિશેષ ખાતાના પ્રકારને આધારે શુલ્ક બદલાય છે.

### PhD એડમિશન માટે બદલાયો નિયમ

## જુદી-જુદી પરીક્ષાના બદલે હવે એક જ પરીક્ષા આપવી પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

Ph.Dમાં પ્રવેશ માટે UGCએ મોટો નિર્ણય કર્યો છે. હવેથી NET ક્વોલિફાય વિદ્યાર્થી Ph.Dમાં એડમિશન મેળવી શકાશે. જુદી-જુદી પરીક્ષાના બદલે હવે એક જ પરીક્ષા આપવી પડશે. ૫૭૮ બેઠક બાદ કમિટીએ આપેલા સૂચનના પછી આ નિર્ણય લેવાયો છે. અગાઉ દરેક યુનિવર્સિટી Ph.D પ્રવેશ માટે પરીક્ષા લેતી હતી. ત્યારે હવેઅલગ અલગ યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષા નહિ આપવી પડે. પીએચડીમા એડમિશન માટે હવે ઉમેદવારોને અલગ અલગ યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષા નહિ આપવી પડે. શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ થી નેટ સ્કોરના આધાર પર પીએચડીમાં એડમિશન મળશે. નેટ ક્વોલિફાઈડ જુન, ૨૦૨૪ થી હવે ત્રણ કેટેગરી માટે યોગ્ય ગણાશે. UGCએ આ નિર્ણય માટે કમિટીની નિમણૂંક કરી હતી. યુજીસીની કાઉન્સિલ બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૨૦૨૦ અંતર્ગત પીએચડીના એડમિશનના નવા નિયમને મંજૂરી આપવામા આવી છે. નવા નિયમ અંતર્ગત નેટ પર્સન્ટાઈલના આધાર પર ત્રણ કેટેગરીમાં લાભ મળશે. જે ઉમેદવારોને નેટ પર્સન્ટાઈલ વધારે હશે, તે કેટેગરી-૧ માં રહેશે. તે જેઆરએફ, સહાયક પ્રોફેસરની સાથે પીએચડી એડમિશન તથા ફેલોશિપ માટે યોગ્ય ગણાશે.



### ગાંધીનગર મનપા બની કોંગ્રેસ મુક્ત

# કોંગ્રેસના બે કોર્પોરેટરે રાજીનામું આપતા ગાંધીનગર મહાપાલિકા કોંગ્રેસ મુક્ત બની

## આ ચૂંટણીમાં મહત્વની બેઠક ગાંધીનગરની છે : અમિત શાહ સામે કોંગ્રેસ પાર્ટીએ વધુ મહેનત કરવી પડી શકે છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

લોકસભા ચૂંટણી પહેલા સંગઠન ક્ષેત્રે કોંગ્રેસને એક બાદ એક નુકસાન થઈ રહ્યુ છે. કોંગ્રેસના બે કોર્પોરેટરે રાજીનામું આપતા ગાંધીનગર મહાપાલિકા કોંગ્રેસ મુક્ત બની છે. કોંગ્રેસના અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં જોડાશે. ગાંધીનગર કોર્પોરેટરમાં કોંગ્રેસના ફક્ત ૨ કોર્પોરેટર હતા. કોંગ્રેસના બન્ને કોર્પોરેટરના રાજીનામાથી મહાપાલિકા કોંગ્રેસમુક્ત બની છે. ગાંધીનગર લોકસભા બેઠક પરથી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને ભાજપે રીપીટ કર્યા છે. ત્યારે તેમને ૧૦ લાખ કરતા વધુ લીડથી જીતાડવા માટે સંગઠન દ્વારા મતદારો સુધી પહોચી રહ્યા છે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ બીજેપી મજબુત બની રહી છે. મનપાની વાત કરીએ તો ગાંધીનગર મનપાની કુલ ૪૪ બેઠકોમાંથી ૪૧ ભાજપ પાસે છે. અને કોંગ્રેસ પાસે બે બેઠકો હતી. પરંતુ કોંગ્રેસના બે કોર્પોરેટર અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ વાઘેલાએ પણ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેતા મનપા કોંગ્રેસ મુક્ત બની છે આ બંને કોર્પોરેટરો કેસરિયા કરી શકે છે.

લોકસભા ચૂંટણીમાં બીજેપી દેશમાં ગઠબંધન સાથે ૪૦૦ પ્લસ બેઠકો જીતવા માગે છે. આ ટાર્ગેટને પાર પાડવામાં બીજેપી માટે ગુજરાત મહત્વનું રાજ્ય છે અને ગુજરાતની ૨૬ બેઠકો જીતે તો આસાનીથી આ ટાર્ગેટ પાર પડી શકે છે. એટલે લોકસભા ચુંટણી પહેલાથી બીજેપીનું પ્રદેશ અને રાષ્ટ્રીય નેતૃત્વ કામે લાગ્યુ હતું. અને કોંગ્રેસના નેતાઓને એક પછી એક ભરતી કરી ભાજપમાં ભેળવી દીધા છે. કોંગ્રેસના ધારાસભ્યોને પણ ભાજપમાં લઈ લીધા છે અને હવે ભાજપમાંથી વિધાનસભાની પેટા ચૂંટણીમાં ટિકિટો પણ ફાળવી છે. આ લોકસભામાં ૨૬ બેઠકો જીતવાનો ટાર્ગેટ છે પરંતુ સૌથી વધુ મહત્વની ગાંધીનગર બેઠક છે.

ગાંધીનગર બેઠક પરથી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ચુંટણી લડી રહ્યા છે. અને કોંગ્રેસમાંથી મહિલા ઉમેદવાર સોનલબેન પટેલ ટક્કર આપવાના છે. અમિત શાહને વધુ લીડથી જીતાડવા માટે સંગઠન દ્વારા કામે લાગી ગયા છે. મતદારો સુધી પહોચી રહ્યા છે. ગુજરાતમાં ચૂંટણીની તારીખોની વાત કરીએ તો ૭ મેના રોજ મતદાન થશે. ત્રીજા તબક્કામાં ગુજરાતમાં મતદાન થશે. આ ચૂંટણીમાં મહત્વની બેઠક ગાંધીનગરની છે. અમિત શાહ સામે કોંગ્રેસે વધુ મહેનત કરવી પડી શકે છે.

આ બેઠક પર કોંગ્રેસનું સંગઠન પણ હવે એટલુ મજબુત રહ્યુ નથી પરંતુ કોંગ્રેસ લોકોની વચ્ચે જઈ મુદ્દા રજુ કરીશુની વાત કરી રહ્યુ છે. અલગ અલગ મુદ્દાઓને લઈને કોંગ્રેસ લોકો સુધી પહોંચી રહ્યા છે. આ બેઠકના ઉમેદવાર સોનલ પટેલ લાંબા સમયથી કોંગ્રેસ સાથે જોડાયેલા છે. તેઓ અગાઉ કોંગ્રેસ મહિલા પ્રમુખનું પદ સંભાળી ચુક્યા છે. તેમનું કાર્યક્ષેત્ર નારણપુરામાં રહેલુ છે.

અત્યારે મહારાષ્ટ્રના પ્રભારી તરીકે સોનલ પટેલ કામ કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પણ તેઓ લડી ચુક્યા છે.



યુનિવર્સિટી સેપ્ટ રોડ પર ચાલી રહેલ મેગીની લારીઓને એએમસીના દબાણ વિભાગ દ્વારા હટાવી દેવામાં આવી હતી.

### પાલનપુર કોર્ટે સજા ફટકારી અને ૨ લાખનો દંડ કર્યો

# પૂર્વ IPS સંજીવ ભટ્ટને ૨૦ વર્ષની સખત કેદની સજા

। (એજન્સી) પાલનપુર, તા.૨૮ ।

પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને પાલનપુર કોર્ટે મોટો ફટકો આપ્યો છે. પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને કોર્ટે ૨૦ વર્ષની સખત કેદ અને ૨ લાખનો દંડ ફટકાર્યો છે. રાજસ્થાનના પાલીના વકીલ પર ખોટા કેસને પગલે કોર્ટે આ ચુકાદો આપ્યો છે. પાલનપુર કોર્ટે એનડીપીએસ કેસમાં સંજીવ ભટ્ટને દોષી ઠેરવ્યા હતા. પાલનપુર કોર્ટે સંજીવ ભટ્ટને દોષિત ઠેરવી અલગ-અલગ ૧૧ કલમો હેઠળ સજા અને દંડ ફટકરાયો છે. જો દંડ ન ભરે તો એક વર્ષની સાદી કેદની સજા કરવાની પણ જોગવાઈ કરાઈ છે. પાલનપુર કોર્ટ સંજીવ ભટ્ટને ડ્રહૃઁજી કેસમાં દોષિત ઠેરવી ૨૦ વર્ષની સજા સંભળાવી છે.



૧૯૯૬માં પાલનપુરની હોટેલમાં રાજસ્થાનના વકીલની રૂમમાં ખોટી રીતે ૧.૧૫ કિલો ડ્રગ્સ પ્લાન્ટ કરી, દુકાન ખાલી કરવા ધમકી આપી વકીલને ફસાવવાનો આરોપ સંજીવ ભટ્ટ પર લાગ્યો હતો. પાલીના વકીલ સુમેરસિંહ રાજપુરોહિતના સમર્થનમાં અને સંજીવ ભટ્ટ સામે પગલાં લેવા પાલીના એડવોકેટ એસોસિએશનએ ૬ મહિના સુધી હડતાળ કરી હતી.

આ મામલે વર્ષ ૨૦૧૮માં પૂર્વ IPS સંજીવ ભટ્ટની સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી હતી. ઝ્રૈંડ્ઢ ક્રાઈમે પાલનપુરની એક હોટલના રૂમમાં અફીણનો જથ્થો મુકાવી રાજસ્થાન પાલીના એક વકીલને ખોટા કેસમાં ફસાવી દેવાના કેસમાં ધરપકડ કરી હતી. આ ઉપરાંત સીઆઈડી ક્રાઈમે પાલનપુરના તત્કાલીન પીઆઈ વ્યાસની પણ ધરપકડ કરી હતી. જે બાદ પાલનપુર કોર્ટ દ્વારા વ્યાસને સરકારી સાક્ષી બનાવીને ૧૯૯૬ના ડ્રગ કેસમાં છૂટકારો આપવાની મંજૂરી આપી હતી. આ મામલે ડ્રેગ્સ પ્લાન્ટિંગ કેસની ફરિયાદ રદ કરવા માટે સંજીવ ભટ્ટે અરજી કરી હતી. સાડા પાંચ વર્ષથી સંજીવ ભટ્ટ આ કેસને લઈને પાલનપુરની સબજેલમાં કેદ હતા. આઈઆઈટીમાંથી અભ્યાસ કરી ચૂકેલા સંજીવ ભટ્ટ ૧૯૮૮માં પોલીસ સેવામાં જોડાયા હતા, તેઓ ગુજરાત કેડરના આઈપીએસ હતા. ૨૦૦૨ના ગુજરાત રમખાણોમાં તત્કાલિન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકાનો આરોપ લગાવતી એફિડેવિટ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે આરોપોને ફગાવી દીધા હતા. આ પછી ૨૦૧૧માં સંજીવ ભટ્ટને સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ઓગસ્ટ ૨૦૧૫ માં, તેમને 'અનધિકૃત ગેરહાજરી' માટે ગૃહ મંત્રાલય દ્વારા બરતરફ કરવામાં આવ્યા હતા. સંજય ભટ્ટનો વિવાદ સાથે બહુ જુનો નાતો રહ્યો છે.સંજીવ ભટ્ટ જ્યારે ગોધરાકાંડના મામલે આક્ષેપ કરી રહ્યા હતા ત્યારે તેમને એક સુરક્ષાકર્મી સાથે ઝઘડો થયો હતો. આ દરમિયાન તેમણે સુરક્ષાકર્મીને લાફો મારી દીધો અને તેની ફરિયાદ પણ નોંધાઈ હતી. માત્ર એટલું જ નહીં, સંજીવ ભટ્ટે પોતાના મેમનગર પાસે આવેલા બંગલોમાં ગેરકાયદે બાંધકામ કર્યું હતું. જેને લઈ ખૂબ વિવાદ થયો હતો.

### બોટાદમાં ટ્રેન નીચે પડતુ મુકી પિતા-પુત્રએ આપઘાત કર્યો

। (એજન્સી) બોટાદ, તા.૨૮ ।

રાજયમાં ટ્રેન નીચે પડતુ મુકીને આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. બોટાદમાં ટ્રેન નીચે પડતુ મુકી પિતા- પુત્રએ આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ ઘટના બોટાદના કુંડલી ગામ પાસે આવેલા રેલવે ફાટક પાસે બની છે. બોટાદથી સુરેન્દ્રનગર તરફ જતી ટ્રેન નીચે આવીને આપઘાત કર્યો છે. જેમાં મૃતક પિતા-પુત્ર રાણપુર તાલુકાના ધારપીપળા ગામના વતની હોવાનું જાણવા મળ્યુ છે. ઘટનાની જાણ થતા તાત્કાલિક રેલવે પોલીસે ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. હજુ પિતા- પુત્રના આપઘાતનું કારણ જાણવા મળ્યુ નથી. બીજી તરફ આ અગાઉ પણ ટ્રેન નીચે પડતુ મુકીને એક પરિવારે આપઘાત કર્યો હતો.બોટાદના નિગાળા રેલવે મથક પર એક જ પરિવારના ૪ સભ્યોએ ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કરી લેતા ચકચાર મચી હતી. આપઘાત કરનારામાં ૨ યુવતી અને ૨ પુરૂષો હોવાનું સામે આવ્યું હતુ. ચારેય મૃતકોએ ભાવનગર-ગાંધીગ્રામ ટ્રેન નીચે કૂદીને મોતને વ્હાલ કર્યું હતું. ઘટનાની જાણ થતા બોટાદ રેલવે વિભાગના અધિકારીઓ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતુ કે આપઘાત કરનાર પરિવાર સખપર ગામનો રહેવાસી હતો. જેમાં મૃતકોમાં ૪૨ વર્ષીય મંગાભાઈ વિજુડા, ૧૯ અને ૧૭ વર્ષની બે પુત્રી, અને ૨૧ વર્ષીય પુત્ર હતો.

### પરિવારનો આધારસ્તંભ મહિલાનું મોત

# ડમ્પર ચાલકે પગપાળા જતી મહિલાને અડફેટે લેતા ઘટના સ્થળે જ કરુણ મોત

## અકસ્માતની ઘટના બાદ રોષે ભરાયેલા ટોળાએ ચાલકને ઝડપી પાડી બરોબરનો મેથીપાક ચખાડ્યો હતો

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરતમાં બેફામ દોડતા ટ્રક ચાલકોને કારણે અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાય રહ્યો છે. જ્યાં વધુ એક ઘટના સુરતના કતારગામ વિસ્તારમાં બની છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યાનુસાર, ચોક બજાર વિસ્તારમાં આવેલ કુબેરનગર સોસાયટીમાં રહેતી મનિષાબેન નિકુંજભાઈ બારોટ કતારગામ ખાતે આવેલી કે.પી સંઘવી ડાયમંડ કંપનીમાં ફરજ બજાવતા હતા. આજ રોજ પોતાના નિત્યક્રમ મુજબ પોતાની માસૂમ બાળકીને શાળાએ મૂકી તેઓ કતારગામ સ્થિત નગીનાવાડી ખાતેથી પગપાળા પસાર થઈ રહ્યા હતા. આ વેળાએ અચાનક પુરપાટ ઝડપે દોડી આવેલા પાલિકાના ડમ્પર ચાલકે મનીષાબેનને અડફેટે લેતા ઘટના સ્થળે જ તેઓનું કરુણ મોત નીપજ્યું હતું.ગમખ્વાર અકસ્માતની ઘટના બાદ રોષે ભરાયેલા ટોળાએ ચાલકને ઝડપી પાડી બરોબરનો મેથીપાક ચખાડ્યો હતો.જે બાદ પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિ થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. ટોળા અને પોલીસ વચ્ચે ધક્કામુક્કી અને ઘર્ષણની સ્થિતિ ઉભી થઈ હતી. જે બાદ પોલીસ દ્વારા ડમ્પર ચાલક ની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જવાનો પ્રયાસ કરતા ટોળું વધુ રોષે ભરાયું હતું. ચાલક દારૂના નશામાં હતો અને લાયસન્સ પણ નહોતું તેવા આક્ષેપ સાથે ટોળાએ ટ્રક ચાલકને સોંપવા અંગેની માંગ કરી હતી. જે બાદ ટોળાએ પોલીસ પીસીઆર વાનનો ઘેરાવ કર્યો હતો. જેથી વધુ પોલીસ કાફલાની મદદ લેવાની ફરજ પડી હતી. ઘટના સ્થળ પર પહોંચેલા પોલીસના મોટા કાફલાએ સમગ્ર પરિસ્થિતિ કાબુમાં લીધા બાદ મૃતદેહને પીએમ અર્થે સુરત સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યો હતો.

### અચાનક લિફ્ટ બંધ પડી જતા પરિવાર ફસાયો

# સુરતમાં લિફ્ટમાં પરિવારના સાત સભ્યો ફસાયા, ફાયરટીમે બચાવ કર્યો

## આખો પરિવાર લિફ્ટમાં ફસાતા પરિવારજનો સહિત ફ્લેટના લોકોમાં પણ ગભરાટ જોવા મળી હતી

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરતમાં લિફ્ટમાં આખો પરિવાર ફસાયાની ઘટના સામે આવી છે. આ ઘટના સુરતના કાપોદ્રા કેશવ સૃષ્ટિ એપાર્ટમેન્ટમાં બનવા પામી છે. કેશવ સૃષ્ટિ એપાર્ટમેન્ટમાં એક જ પરિવારના સભ્યો મચાતા વિસ્તારમાં ઉહોપોહ મચ્યો હતો. આખો પરિવાર લિફ્ટમાં ફસાતા પરિવારજનો સહિત ફ્લેટના લોકોમાં પણ ગભરાટ જોવા મળ્યો. ફ્લેટના એક રહિશ દ્વારા ફાયરટીમને જાણ કરાતા રેસ્કુય કરી આખા પરિવારને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો. સામે આવ્યો વીડિયો. ઘટનાની વિગત મુજબ કાપોદ્રા વિસ્તારના કેશવ સૃષ્ટિ એપાર્ટમેન્ટમાં રહેતો એક પરિવાર ગઈકાલે કામસર લિફ્ટનો ઉપયોગ કરી રહ્યો હતો. દરમ્યાન અચાનક લિફ્ટ બંધ પડી જતા પરિવારના તમામ ૭ સભ્યો લિફ્ટમાં ફસાઈ ગયા. ૭ સભ્યોમાં ત્રણ નાના બાળકો પણ હતા. લિફ્ટ બંધ પડતા બાળકો વધુ ગભરાઈ ગયા. કેશવ સૃષ્ટિ એપાર્ટમેન્ટની લિફ્ટ અચાનક ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળ વચ્ચે લિફ્ટ અટકી પડી. અને લિફ્ટમાં પરિવારના સાત સભ્યો ફસાઈ ગયા. આ જ ફ્લેટના કોઈ રહીશ દ્વારા તાત્કાલિક ફાયરટિમને જાણ કરવામાં આવી. ફાયરટીમે લિફ્ટનો દરવાજો તોડી આખા પરિવારને સલામત રીતે બહાર કાઢયો. ફાયર ટીમને તત્કાળ મદદથી નાના બાળકોના જીવ બચાવી શકાયા. કારણ કે અનેક વખત આવા કિસ્સામાં જોવા મળ્યું છે કે લિફ્ટ બંધ થતા શ્વાસ લેવામાં તકલીફ પડતા તેમજ ગભરાટના કારણે બાળકો તો શું મોટાઓ પણ ગભરાઈ જાય છે અને કેટલાક કિસ્સામાં મોત નિપજ્યા હોવાનું પણ જોવા મળ્યું છે.

### હાર્ટએટેકના કિસ્સાઓમાં સતત વધારો

# ગાંધીનગરમાં ચાલુ નોકરીએ નાયબ મામલતદારને હાર્ટ એટેક આવ્યો હતો

## અકસ્માતની ઘટના બાદ રોષે ભરાયેલા ટોળાએ ચાલકને ઝડપી પાડી બરોબરનો મેથીપાક ચખાડ્યો હતો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

રાજ્યભરમાં છેલ્લા કેટલાક સમયથી હાર્ટએટેકના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમને નખમાં રોગ ન હોય તેવા વ્યક્તિઓને હાર્ટએટેક આવી રહ્યો છે. ત્યારે આજે ગાંધીનગરમાં ચાલું નોકરીએ નાયબ મામલતદારને કચેરીમાં હાર્ટએટેકના લીધે અવસાન થયું હતું. જેના કારણે કચેરીમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

મળતી માહિતી પ્રમાણે, ગાંધીનગરમાં ચાલુ નોકરીએ નાયબ મામલતદારને હાર્ટ એટેક આવતા ખળભળાટ મચી ગયો છે. સિવિલના ડૉક્ટરોએ મનીષ કડિયાને મૃત જાહેર કર્યા હતા. ત્યારબાદ અધિકારી આલમમાં શોકનો માહોલ વ્યાપી ગયો હતો. મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા મનીષ કડીયા (ઉ.વ.૪૨) આજે નિત્યક્રમ મુજબ તેઓ ઓફિસ આવ્યા હતા અને બપોરના સમયે અચાનક છાતીમાં દુઃખાવા જેવું લાગ્યું હતું. જેથી તાકીદે તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને જ્યાં સારવાર મળે તે પહેલાં જ તેમનું અવસાન થયું હતું.

નાયબ મામલતદારના અચાનક અવસાનના પગલે કચેરીમાં શોક છવાઈ ગયો હતો અને પરિવારને જાણ કરવામાં આવતાં પરિવાર દોડી આવ્યો હતો અને આક્રંદ કરી મૂક્યું હતું. ગત સપ્તાહે જ સેક્ટર-૨૮માં મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલનું હાર્ટએટેકથી અવસાન થયું હતું અને આજે ફરીથી સરકારી અધિકારીનું હાર્ટએટેકથી નિધન થયું હતું.

### અમદાવાદમાં ક્ષત્રિય સમાજની ૯૦ સંસ્થાઓની બેઠક મળી

# પરશોત્તમ રૂપાલાને ઉમેદવાર પદેથી દૂર કરો : ક્ષત્રિય સમાજ




ક્ષત્રિય સમાજ માટે આપેલા નિવેદન બાદ પરસોત્તમ રૂપાલાએ માફી તો માંગી, પણ ક્ષત્રિયોનો રોષ શમ્યો નથી. રાજપૂત સમાજને થઈ રહેલા અન્યાયને તથા પુરુષોત્તમ રૂપાલા દ્વારા રાજપૂત સમાજ વિશે ભાષણ કરવાના વિરોધમાં સમગ્ર રાજપૂત સમાજ એક થયો છે. રાજપૂત સમાજે પુરુષોત્તમ રૂપાલા સામે બાંયો ચઢાવી છે. ત્યારે અમદાવાદમાં ગુજરાત રાજ્યના રાજપૂત સંગઠનોની સંકલન સમિતિ દ્વારા એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં ક્ષત્રિય સમાજની બેઠક મળી હતી. જેમાં કેન્દ્રીય મંત્રી રૂપાલના નિવેદન પર ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળ્યો. સાથે જ રૂપાલાને ઉમેદવાર પદેથી દૂર કરવા માંગ કરાઈ છે. રાજકોટ લોકસભા બેઠક પરથી રૂપાલાના સ્થાને અન્યને ટિકિટ આપવા માંગ કરાઈ. રૂપાલા નહીં બદલાય તો પરિણામ વિપરીત આવવાની ચીમકી બેઠકમાં આપવામા આવી છે. સાથે જ ભાજપ પક્ષ સામે કોઈ વાંધો ન હોવાની ક્ષત્રિય સમાજે કરી છે. અમદાવાદમાં ક્ષત્રિય સમાજની બેઠક મળી હતી. જેમાં રૂપાલાના નિવેદન મામલે ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળ્યો છે. બેઠક બાદ ક્ષત્રિય સમાજે કહ્યું કે, અમારે ભાજપ સાથે કોઈ વાંધો નથી. પરશોત્તમ રૂપાલાને ઉમેદવાર પદેથી દૂર કરવા અમારી માંગ છે. રૂપાલાના સ્થાને અન્ય કોઈ ઉમેદવારને ટિકિટ આપો. રૂપાલા નહીં બદલાય તો ભાજપને પરિણામ ભોગવવું પડશે. અમે રૂપાલા સામે એક તરફી મતદાન કરીશું. દરેક જિલ્લામાં રૂપાલાના પૂતળાનું દહન કરાશે. રાજપૂત સમાજ રૂપાલાને ક્યારેય માફ નહીં કરે. સમાજના વીરભદ્ર સિંહ જાડેજાએ કહ્યું કે, રૂપાલાને ઉમેદવાર રાખશો તો પરિણામ બદલવાની અમારી તાકાત છે. રૂપાલાની ટિકિટ રદ થવી જોઈએ. રૂપાલા એક માત્ર ટાર્ગેટ છે. બીજા કોઈ ઉમેદવારને ટિકિટ આપશે તો અમે તેની સાથે રહીશું. આ અમારી ઈજ્જત પર વાર છે. સમાજ તેમને માફ નહિ કરે. અમે ૨૬ બેઠકોમાં ક્ષત્રિય સમાજને ટિકિટની માંગ મૂકી હતી. સમાજ કરતા રૂપાલા વ્હાલા હોય તો પરિણામ ભોગવવા તૈયાર રહેજો. આ બેઠકમાં ૯૦ સંસ્થાના આગેવાનો હાજર રહ્યાં. ટૂંક સમયમાં રાજકોટમાં મહાસંમેલન યોજાશે. ગોહિલવાડ સમાજના પ્રમુખ વાસુદેવસિંહ ગોહિલે કહ્યું કે, રૂપાલાએ વાણી વિલાસ કર્યો છે તેના ઘેરા પડઘા પડ્યા છે. સુરેન્દ્રનગર, રાજકોટમાં આવેદન પત્ર આપાયા છે. રૂપાળાનું પૂતળાં દહન કરવાનું આયોજન છે. અમને સમાધાન માન્ય નથી. અમને પક્ષ સામે વાંધો નથી, વ્યક્તિ સામે વાંધો છે. રૂપાલાનો જ વિરોધ છે. તેમના વિરોધમાં મતદાન કરીશું. ક્ષત્રિયો તેમની તાકાત બતાવશે. સમગ્ર ગુજરાતમાં ૧૭ ટકા જેટલું ક્ષત્રિય સમાજનું મતદાન છે. તો ક્ષત્રિય મહાસભાના પ્રમુખ કરણસિંહ ચાવડાએ કહ્યું કે, રૂપાલાએ અમારી અસ્મિતા પર ઘા કર્યો છે. તેથી તેમની ઉમેદવારી રદ કરવાની અમારી માંગ છે. કારડીયા, નાડોદા, સહિત ક્ષત્રિય સમાજ સાથે ૨ લાખનું વિશાળ સમેલન યોજીશું. રાજકોટને કુરુક્ષેત્રના મેદાનમાં ફેરવાશે. રૂપાલા સામે હાઈકોર્ટમાં રીટ કરીશું. કોર્ટ આ મામલે સુઓમોટો લે. મત લેવા કોઈ જાતિ કે જ્ઞાતિનું ઉચ્ચારણ કરવું યોગ્ય નથી. બે દિવસ પછી ફરી પ્રેસ કરીશું. ૧૬ તારીખ પહેલાં રૂપાલાને બદલવા અમારી માંગ છે. અમારો મુદ્દો રૂપાલા જ છે. અમે ભાજપના આગેવાનો સાથે બેસીશું. પણ માગ આ જ રહેશે. આજે સીઆર પાટીલ રાજકોટ ખાતે ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક કરીને રૂપાલા મામલે ડેમેજ કન્ટ્રોલ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ લાગે છે કે રાજપૂત સમાજ લડી લેવાના મૂડમાં છે અને રૂપાલાને બદલીને જ રહેશે. રાજકોટમાં સીઆર પાટીલે ક્ષત્રિય આગેવાનો સાથે ચર્ચા કરી હતી. આ બાદ પાટીલે કહ્યું કે, આ વિવાદનું નિરાકરણ ટૂંક સમયમાં આવી જશે. એક-બે દિવસમાં તમામ પ્રશ્નોનું નિરાકરણ થઈ જશે.

## ન્યુઝ બોક્ષ



### રોહિત શર્માએ દેખાડી હાર્દિક પંડ્યાને જગ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

મુંબઈ ઈન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વિરુદ્ધ મેચમાં તે બધુ જ જોવા મળ્યું જે ફેન્સ જોવા માંગતા હશે. કેપ્ટન તરીકે હાર્દિક પંડ્યા માટે જો કે આ મેચ એક ખરાબ સપના સમાન હશે કારણ કે તેની ટીમના બોલરોની ખુબ ધોલાઈ થઈ અને વિરોધી ટીમે ૨૦ ઓવરમાં ૨૭૭ રન ઝૂડી નાખ્યા. જે આઈપીએલના ઈતિહાસમાં કોઈ પણ ટીમનો બેસ્ટ સ્કોર બની ગયો. મેચના અનેક વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યા છે. જેમાંથી એક વીડિયો જે જોવા મળ્યો છે તેમાં સ્થિતિ બગડતા પૂર્વ કેપ્ટન રોહિત શર્માએ મોરચો સંભાળ્યો અને હાર્દિક પંડ્યાને બાઉન્ડ્રી પર ફિલ્ડિંગ કરવા મોકલ્યો. આ વીડિયો પર ક્રિકેટ ચાહકો મોજ લેતા જોવા મળી રહ્યા છે. કેટલાકે લખ્યું કે રોહિત શર્માએ હાર્દિક પંડ્યા જોડે બદલો લીધો તો કેટલાકે કહ્યું કે હાર્દિકને ફિલ્ડિંગ માટે યોગ્ય જગ્યાએ મોકલી દીધો. એક વીડિયો વાયરલ થયો છે જેમાં હાર્દિક પંડ્યા બાઉન્ડ્રી તરફ ભાગતો જોવા મળે છે અને રોહિત શર્મા તેને કઈક કહે છે.



### નીરવ મોદીનો લંડનનો આલીશાન બંગલો વેચાશે, કોર્ટે કિંમત નક્કી કરી

। (એજન્સી) લંડન, તા.૨૮ ।

કોર્ટે પીએનબી કૌભાંડના આરોપી ભાગેડુ નીરવ મોદીનો સેન્ટ્રલ લંડનના મેરીલેબોનમાં આવેલો આલીશાન બંગલો વેચવાની મંજૂરી આપી છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ માસ્ટર જેમ્સ બ્રાઈટવેલે કહ્યું કે આ બંગલો ૫.૨૫ મિલિયન બ્રિટિશ પાઉન્ડ (લગભગ ૫૫ કરોડ રૂપિયા)થી ઓછી કિંમતમાં વેચી શકાય નહીં. નીરવ મોદીનો આલીશાન બંગલો જેને લંડન હાઈકોર્ટે વેચવાનો આદેશ આપ્યો છે તે ૨૦૧૭માં એક ટ્રસ્ટને આપવામાં આવ્યો હતો. નીરવ મોદી હાલમાં બ્રિટનની થેમસાઈડ જેલમાં બંધ છે. આ કેસમાં ED તરફથી હાજર થયેલા બેરિસ્ટર હરીશ સાલ્વે હાજર થયા હતા. જ્યારે નીરવ મોદી હાલમાં બ્રિટનની થેમસાઈડ જેલમાં બંધ હોવાથી ઓનલાઈન જોડાયેલો હતો. સિંગાપોરની એક કંપની ટ્રાઈડેન્ટ ટ્રસ્ટ પણ આ કેસમાં દાવેદાર છે. આ કંપનીએ ૧૦૩ મેરેથોન હાઉસ વેચવાની પણ માંગ કરી હતી. બીજી તરફ, EDની દલીલ છે.

### નોઈડામાં સ્કૂટી પર અશ્લિલ હોળી રમનાર છોકરીઓની ધરપકડ

। (એજન્સી) નોઈડા, તા.૨૮ ।

નોઈડામાં સ્કૂટી પર રોમાન્સ કરીને અશ્લિલ હોળી રમનાર બંને છોકરીઓની ધરપકડ કરાઈ છે સાથે એક છોકરો પણ ઝડપાયો છે. આ છોકરીઓએ નોઈડા અને દિલ્હી મેટ્રોમાં અશ્લિલ વીડિયો બનાવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી આ બંને યુવતીઓના અનેક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. તમામ વીડિયોમાં યુવતીઓ એકબીજાને કલર લગાવતી જોવા મળી હતી. કેટલાક વીડિયો દિલ્હી મેટ્રોમાં શૂટ કરવામાં આવ્યા હતા અને કેટલાક ચાલતી સ્કૂટી પર. વીડિયોમાં બંને ખુલ્લેઆમ રોમાન્સ કરતા જોવા મળ્યા હતા. તેઓએ એકબીજાને લલચાવતા અને તેમને અહીં અને ત્યાં સ્પર્શ કરતા વિડિઓઝ બનાવ્યા હતા. વીડિયો બનાવનારી યુવતીઓની ઓળખ પ્રીતિ અને વિનીતા તરીકે થઈ છે. સાથે જ પોલીસે પીયૂષ નામનો એક છોકરો પણ પકડી પાડ્યો છે. નોઈડા ટ્રાફિક પોલીસે સ્કૂટી પર સ્ટંટ કરવા પર છોકરીઓને ૩૩,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. પોલીસે બંને છોકરીઓ અને એક છોકરા સામે અશ્લીલતા ફેલાવવા બદલ કેસ પણ નોંધ્યો હતો.

### ધોની હજી સુધી શા માટે બેટિંગ કરી શક્યો નથી?

# બંને મેચમાં ધોની બેટિંગમાં આવ્યો ન હતો

**ચેન્નઈ સુપર કિંગ્સે અત્યાર સુધી તેની બે મેચ રમી છે , બંનેમાં ટીમનો શાનદાર વિજય થયો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટનો રોમાંચ શરૂ થઈ ગયો છે. જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સે અત્યાર સુધી તેની બે મેચ રમી છે અને બંનેમાં ટીમનો શાનદાર વિજય થયો છે. પહેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂને પરાજય આપ્યા બાદ ઋતુરાજ ગાયકવાડની આગેવાનીવાળી ટીમે બીજી મેચમાં ગુજરાત ટાઈટન્સને હરાવ્યું હતું. જોકે, બંને મેચમાં ભૂતપૂર્વ સુકાની અને સ્ટાર બેટર મહેન્દ્ર સિંહ ધોની બેટિંગમાં આવ્યો ન હતો.

ચેન્નાઈ સુપર કિંગ્સના બેટિંગ કોચ માઈકલ હસ્સીનું કહેવું છે કે, 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમે ધોનીના બેટિંગ ઓર્ડરને લંબાવ્યો છે. જેના કારણે આ આઈપીએલમાં ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને આઠમા નંબર પર બેટિંગ કરવાની મંજૂરી મળી છે. ૨૦૨૩ સીઝનથી રજૂ કરાયેલ 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમ દરેક ફ્રેન્ચાઈઝીને પાંચ ખેલાડીઓને નોમિનેટ કરવાની મંજૂરી આપે છે જેમાંથી એક મેચ દરમિયાન અવેજી તરીકે રમી શકે છે. ગુજરાત ટાઈટન્સ સામે સુપર કિંગ્સ ટીમ છ વિકેટે ૨૦૬ રનનો વિજયી સ્કોર નોંધાવવામાં સફળ રહી હતી. જોકે, સાત બેટ્સમેન ક્રિઝ પર આવ્યા હોવા છતાં ધોની બેટિંગમાં આવવાના કોઈ સંકેત ન હોવાથી તેના



ચાહકો થોડા અધીરા બની ગયા હતા. માઈકલ હસ્સીએ મેચ બાદ પત્રકારોને કહ્યું હતું કે, આ રમતને આગળ વધારવા માટે મુખ્ય કોચ સ્ટીફન ફલેમિંગનું નિર્દેશન ચોક્કસપણે છે.

'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમએ ધોની સાથે આઠમા નંબરે બેટિંગ ઓર્ડરને લંબાવ્યો છે જે અદ્દભુત છે. તે અત્યારે નેટમાં સારી બેટિંગ કરી રહ્યો છે. તેણે કહ્યું છે કે, આના કારણે ઉપલા ક્રમના બેટ્સમેનો સકારાત્મક (આક્રમક) વલણ અપનાવી શકે છે. તેને ચોક્કસપણે કોચ અને કેપ્ટનનું સમર્થન છે. આમ કરતી વખતે તેઓ બહાર નીકળી જાય તો પણ ઠીક છે અને તેમની ટીકા કરવામાં આવશે નહીં. અમે ઝડપી રમવાનું ચાલુ રાખવા માંગીએ છીએ. ચેન્નઈ સુપર કિંગ્સ માટે સારા પ્રદર્શન કરનારાઓમાં ન્યુઝીલેન્ડનો રચિન રવિન્દ્ર હતો, જેણે ૨૦ બોલમાં ૪૬ રન ફટકારીને પોતાનું શાનદાર ફોર્મ ચાલુ રાખ્યું હતું.

પ્રિ-સીઝનની તાલીમ દરમિયાન તેણે કેવી રીતે રચિન રવિન્દ્ર સાથે કામ કર્યું તેના પર, હસ્સીએ કહ્યું હતું કે, આ બધું તેને 'તેનું શ્રેષ્ઠ ક્રિકેટ રમવા' માટે છૂટ આપવા વિશે હતું. તેણે કહ્યું હતું કે, તેણે શાનદાર શરૂઆત કરી છે, તે જોવું સારું છે. તે ઘણી ઉર્જા સાથે અહીં આવે છે અને વધુ શીખવા અને ટીમ પર સકારાત્મક અસર કરવા માંગે છે. તે સ્પષ્ટ મન અને સારા સકારાત્મક વલણ સાથે આવ્યો છે અને સારું પ્રદર્શન કરી રહ્યો છે.

### અમે વિચાર્યું ન હતું કે આટલો મોટો સ્કોર બનશે : હાર્દિક

# મુંબઈ ઈન્ડિયન્સની ટીમે સતત બીજીવાર હારનો સામનો કર્યો

**પેટ કમિન્સની આગેવાની હેઠળની SRH ટીમે MI ને હરાવીને વર્તમાન સિઝનમાં તેની પ્રથમ જીત નોંધાવી છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।



હાર્દિક પંડ્યાની કપ્તાનીમાં મુંબઈ ઈન્ડિયન્સને સતત બીજી હારનો સામનો કરવો પડ્યો છે. હાઈ સ્કોરિંગ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે મુંબઈને ૩૧ રને હરાવ્યું હતું. આ મેચમાં રેકોર્ડ ૫૨૩ રન બન્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સને IPL ૨૦૨૪માં સતત બીજી હારનો સામનો કરવો પડ્યો છે. હૈદરાબાદમાં રમાયેલી મેચમાં હાર્દિક પંડ્યાની કેપ્ટન્સીમાં મુંબઈને સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૩૧ રને પરાજય મળ્યો હતો. હાર બાદ હાર્દિક પંડ્યાએ કહ્યું ક્યાં ભૂલ થઈ. પંડ્યાએ કહ્યું કે તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે હૈદરાબાદની ટીમ આટલો મોટો સ્કોર કરશે. મુંબઈના સુકાનીએ સ્વીકાર્યું કે તે બોલિંગ કરતી વખતે કંઈક અલગ કરવાનો પ્રયાસ કરી શક્યો હોત પરંતુ એવું થયું નહીં. આ મેચમાં બેટ્સમેનોએ ઘણા રન બનાવ્યા હતા. પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદે ૨૭૭ રન બનાવ્યા જે IPLના ઈતિહાસમાં સૌથી વધુ રન છે. પેટ કમિન્સની આગેવાની હેઠળની SRH ટીમે MI ને હરાવીને વર્તમાન સિઝનમાં તેની પ્રથમ જીત નોંધાવી છે. સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની હાર બાદ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ કહ્યું, 'વિકેટ સારી હતી પરંતુ અમે વિચાર્યું ન હતું કે આટલો મોટો સ્કોર બનશે. આનાથી સ્પષ્ટ દેખાય છે કે હૈદરાબાદના બેટ્સમેનોએ સારી બેટિંગ કરી હતી. બે ટીમોએ મળીને ૫૦૦થી વધુ રન બનાવ્યા હતા. મતલબ કે વિકેટ બેટ્સમેનોને મદદરૂપ હતી. પ્રથમ બેટિંગ માટે આમંત્રિત કર્યા પછી, સનરાઈઝર્સ હૈદરાબાદે રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ૩ વિકેટે ૨૭૭ રન બનાવ્યા, જે IPLમાં એક નવો રેકોર્ડ છે. તેણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ૨૦૧૩માં પુણે વોરિયર્સ સામે ૫ વિકેટે ૨૬૩ રનના રેકોર્ડને પાછળ છોડી દીધો હતો. મુંબઈની ટીમે પણ આકરો પડકાર રજૂ કર્યો હતો પરંતુ સારી શરૂઆત છતાં તેની ટીમ ૫ વિકેટે ૨૪૬ રન જ બનાવી શકી હતી. આ રીતે મેચમાં કુલ ૫૨૩ રન બનાવ્યા જે IPL માટે એક રેકોર્ડ છે. આટલું જ નહીં આ મેચમાં ૩૮ સિક્સર ફટકારવામાં આવી હતી જે ૨૦ ક્રિકેટમાં એક નવો રેકોર્ડ છે. હાર્દિક પંડ્યાએ વધુમાં કહ્યું, 'અમારી પાસે યુવા બોલિંગ આક્રમણ છે. અમે આ હારમાંથી શીખીશું. આપણે કેટલીક બાબતોમાં સુધારો કરવાની જરૂર છે. જો અમે તેને ઠીક કરવામાં સફળ થઈશું તો બધું સારું થઈ જશે.' મુંબઈની સતત બીજી હાર બાદ લોકોએ હાર્દિક પંડ્યાની કેપ્ટનશિપ પર સવાલ ઉઠાવવાનું શરૂ કર્યું છે.

### સાવિત્રી જિંદાલ હરિયાણા સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે

# 30 અબજ ડોલરના માલિક સાવિત્રી જિંદાલે કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો

**સાવિત્રી જિંદાલ પણ ભાજપમાં સામેલ થશે તેવી અટકળો પુત્ર નવીન જિંદાલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતના સૌથી ધનિક મહિલા ગણાતા સાવિત્રી જિંદાલે કોંગ્રેસ સાથે છેડો ફાડવાની જાહેરાત કરી છે. સાવિત્રી જિંદાલના પુત્ર નવીન જિંદાલ તાજેતરમાં જ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા છે. હવે સાવિત્રી જિંદાલ પણ ભાજપમાં સામેલ થશે તેવી અટકળો ચાલે છે. સાવિત્રી જિંદાલ ૩૦ અબજ ડોલરથી વધુ સંપત્તિના માલિક છે. તેઓ હરિયાણા સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. તેઓ ઓપી જિંદાલ ગ્રુપના ચેરમેન છે. લોકસભાની ચૂંટણી અગાઉ કોંગ્રેસને વધુ એક મોટો ફટકો પડ્યો છે. કોંગ્રેસના બેંક ખાતા સિઝ થયેલા હોવાથી તે ભારે નાણાકીય સંકટમાં છે. બીજી તરફ ધનાઢ્ય નેતાઓ કોંગ્રેસ છોડી રહ્યા છે. સાવિત્રી જિંદાલે ટ્વિટર પર પોતાની રાજીનામાની જાહેરાત કરી હતી. જોકે, હવે તેઓ ભાજપમાં જોડાશે કે નહીં તેના વિશે કોઈ સત્તાવાર જાહેરાત નથી



થઈ. સાવિત્રી જિંદાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું છે કે, "મેં ધારાસભ્ય તરીકે ૧૦ વર્ષ સુધી હિસારના લોકોનું પ્રતિનિધિત્વ કર્યું છે. મંત્રી તરીકે મેં નિઃસ્વાર્થ ભાવે હરિયાણાની સેવા કરી છે. હિસારના લોકો મારો પરિવાર છે. મારા પરિવારની સલાહ પર હું કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી રહી છું. હું કોંગ્રેસના નેતૃત્વ અને મારા તમામ સાથીઓની હંમેશા આભારી રહીશ જેમણે હંમેશા મને સન્માન આપ્યું છે." બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ પ્રમાણે સાવિત્રી જિંદાલ હાલમાં સૌથી ધનાઢ્ય ભારતીય મહિલા છે. તેઓ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી જેવા અમીર લોકોની સાથે દેશના ટોચના ૫ ધનિકોમાં સ્થાન ધરાવે છે. વિશ્વના ટોચના ધનિકોમાં તેઓ ૫૬મા ક્રમે છે. તેમની પાસે ૩૦ અબજ ડોલરની સંપત્તિ છે અને તેઓ અગ્રોહા સ્થિત મહારાજા અગ્રસેન કોલેજના પ્રમુખ પણ છે. સાવિત્રી જિંદાલ ૧૦ વર્ષથી હિસારના ધારાસભ્ય છે. વર્ષ ૨૦૦૫માં તેમના પતિ અને જિંદાલ ગ્રુપના સ્થાપક ઓપી જિંદાલનું એક વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. ત્યાર પછી તેઓ હિસારથી હરિયાણા વિધાનસભાની ચૂંટણી લડ્યા અને જીતી ગયા. ૨૦૦૯માં તેઓ ફરીથી આ સીટ પર જીત્યા હતા. તેમને ૨૦૧૩ સુધી હરિયાણા સરકારમાં મંત્રી પદ પણ આપવામાં આવ્યું હતું. ૨૦૧૪ની હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં તેઓ હારી ગયા હતા. તેમના પુત્ર નવીન જિંદાલ રુક્ષેત્ર લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે.

### અગાઉના વિમાન કરતા વધુ એડવાન્સ અને ઘાતક

# ભારતના નવા ફાઈટર જેટ Tejas MK-1Aની પ્રથમ ઉડાણ સફળ

**આ એરક્રાફ્ટ મહત્તમ ૫૦ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે : એરક્રાફ્ટમાં કુલ ૯ હાર્ડ પોઈન્ટ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

તેજસ Mk-1A ફાઈટર જેટની પ્રથમ ઉડાન ૨૮ માર્ચ ૨૦૨૪ના રોજ બેંગલુરુમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની સુવિધામાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. આ ફ્લાઈટ લગભગ ૧૮ મિનિટની હતી. થોડા સમય પહેલા આ એરક્રાફ્ટમાં ડિજિટલ ફ્લાય બાય વાયર ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર (DFCC) લગાવવામાં આવ્યું હતું. સાદી ભાષામાં DFCC નો અર્થ છે ફાઈટર જેટમાંથી મેન્યુઅલ ફ્લાઈટ કંટ્રોલ દૂર કરવા અને તેને ઈલેક્ટ્રોનિક ઈન્ટરફેસ સાથે બદલવા. મતલબ કે કોમ્પ્યુટરના હાથમાં ઘણી બધી વસ્તુઓ જાય છે, જે પ્લેનને સંતુલિત રાખે છે અને પાઈલટના કહેવા મુજબ નિયંત્રિત રહે છે. આ સિસ્ટમના કારણે રડાર, એલિવેટર, એલિરોન, ફ્લેપ્સ અને એન્જિન ઈલેક્ટ્રોનિક રીતે નિયંત્રિત થાય છે. વાયર દ્વારા ફ્લાય ઓવરઓલ ફાઈટર જેટને સ્વ સંતુલન આપે છે. સ્ટેબલાઈઝ કરે છે. આ પ્લેનને વધુ સુરક્ષિત બનાવે છે. એરક્રાફ્ટનું અપગ્રેડેડ વર્ઝન, તેજસ Mk-1A, એડવાન્સ્ડ મિશન કોમ્પ્યુટર, હાઈ પરફોર્મન્સ ક્ષમતા ડિજિટલ ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર (DFCC Mk-1A), સ્માર્ટ મલ્ટી-ફંક્શન ડિસ્પ્લે (SMFD), એડવાન્સ ઈલેક્ટ્રોનિકલી સ્કેન કરેલ એરે (AESA) રડાર, એડવાન્સ્ડ સેલ્ફ પ્રોટેક્શન જેમર , ઈલેક્ટ્રોનિક વોરફેર સૂટ વગેરે જેવી સુવિધાઓ છે. જો કે આ ફાઈટર જેટ તેજસ MK-1 જેવું જ છે, પરંતુ તેમાં કેટલીક વસ્તુઓ બદલાઈ છે. જેમ કે તે અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક વોરફેર સ્યુટ, ઉત્તમ AESA રડાર, સેલ્ફ-પ્રોટેક્શન જામર, રડાર વોર્નિંગ રીસીવરથી સજ્જ છે. આ સિવાય ECM પોડ બહારથી પણ લગાવી શકાય છે. માર્ક-૧એ અગાઉના વેરિઅન્ટ કરતાં થોડું હળવું છે. પરંતુ તે કદમાં પણ એટલી જ મોટી છે. એટલે કે ૪૩.૪ ફૂટ લંબાઈ. ૧૪.૫ ફૂટની ઊંચાઈ. મહત્તમ ૨૨૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. કોમ્બેટ રેન્જ ૭૩૯ કિલોમીટર છે. જો કે, તેની ફેરી રેન્જ ૩૦૦૦ કિલોમીટર છે. આ એરક્રાફ્ટ મહત્તમ ૫૦ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. તેમાં કુલ ૯ હાર્ડ પોઈન્ટ છે. આ સિવાય ૨૩ એમએમની ટ્વીન-બેરલ કેનન લગાવવામાં આવી છે. ૯ અલગ અલગ રોકેટ, મિસાઈલ, બોમ્બ હાર્ડપોઈન્ટમાં ઈન્સ્ટોલ કરી શકાય છે. અથવા તમે તેમને મિક્સ કરી શકો છો. ભારતીય વાયુસેનાને ૧૮૦ તેજસ ફાઈટર જેટની જરૂર છે. 83 LCA Mark1A માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. એરફોર્સ વધુ ૯૭ ફાઈટર જેટ લેશે. ભારતીય વાયુસેના માર્ક 1A પહેલા તેણે ૧૨૩ તેજસ ફાઈટર જેટની માંગણી કરી હતી. જેમાંથી ૩૦ જેટલા જેટની ડિલિવરી કરવામાં આવી છે. આ પછી બાકીના ૮૩ ફાઈટર જેટ તેજસ માર્ક-1A હશે, જે ૨૦૨૪ થી ૨૦૨૮ વચ્ચે આપવામાં આવશે. અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઈંગ્લેન્ડ, ચેક રિપબ્લિક, બ્રાઝિલ, દક્ષિણ કોરિયા, રશિયા, ચીન, ઈટાલી અને રોમાનિયા પાસે પણ હળવા ફાઈટર જેટ્સનો કાફલો છે.

### સારવાર દરમિયાન મોત નિપજ્યું

# ચૂંટણી લડવા પાર્ટીએ ટિકિટ ન આપતા સાંસદે ઝેર ગટગટાવ્યું

**તમિલનાડુના સાંસદ-MDMK પાર્ટીના નેતા ગણેશમૂર્તિને લોકસભાની ચૂંટણી માટે ટિકિટ ન મળવાથી લાગી આવ્યું**

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૮ ।

ભારતમાં રાજકારણમાં આવ્યા પછી લોકો સત્તા માટે એટલા બેબાકળા થઈ જાય છે કે સત્તા ગુમાવવાની બીકમાં તેઓ કંઈ પણ કરી બેસે છે. તમિલનાડુમાં MDMK પાર્ટીના હાલના સાંસદ એ. ગણેશમૂર્તિને તેમના પક્ષે લોકસભાની ચૂંટણી માટે ટિકિટ ન આપતા ગણેશમૂર્તિને એટલું લાગી આવ્યું કે તેમણે ઝેરી દવા પી લીધી હતી. તેના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું છે. ચૂંટણીની ટિકિટ ન મળવાના કારણે નેતાએ જીવ ટૂંકાવ્યો હોય તેવી આ દુર્લભ ઘટના છે. ગણેશમૂર્તિ ઈરોડના સાંસદ હતા જેમને ટિકિટ ન



મળવાના કારણે તેઓ નિરાશ થઈ ગયા હતા અને જંતુનાશક દવા ગટગટાવી ગયા હતા. તેમને અહીં એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ સારવારથી કોઈ ફરક પડ્યો ન હતો અને તેમનું મૃત્યુ થયું છે. ગણેશમૂર્તિની ઈચ્છા હતી કે લોકસભાની ચૂંટણી માટે તેમનો પક્ષ MDMK તેમને ટિકિટ આપે. પરંતુ ટિકિટ ન મળવાથી તેઓ નિરાશ થઈ ગયા હતા. તેમણે જંતુનાશક દવા પીધા પછી તેમને કોવાઈ મેડિકલ કેર એન્ડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોએ આજે સવારે પાંચ વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. તેમના મૃતદેહને ઈરોડ ખાતે પેરુન્દુરાઈની સરકારી હોસ્પિટલે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. ગણેશમૂર્તિ MDMKના એક સિનિયર નેતા હતા. તેઓ ૨૦૧૯માં ડીએમકેના ઉગતા સૂરજના સિમ્બોલ પર ઈરોડ સંસદીય ક્ષેત્રની ચૂંટણી લડ્યા હતા અને જીત્યા હતા. પરંતુ આગામી લોકસભાની ચૂંટણી માટે તેમને પાર્ટીએ ઉમેદવાર ન બનાવતા તેઓ અત્યંત તણાવનો સામનો કરતા હતા.

### ચલણી નોટો પર સૂતા અસમના નેતાનો મામલો

# બેન્ઝામિન બાસુમતારી હવે પાર્ટીથી જોડાયેલા નથી : યુપીપીએલ પ્રમુખ

**યુપીપીએલના પ્રમુખ અને બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલના મુખ્ય કાર્યકારી સભ્ય પ્રમોદ બોરોએ એક સ્પષ્ટતા કરી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સોશિયલ મીડિયા પર એક તસવીર વાયરલ થઈ રહી છે, જેમાં જોઈ શકાય છે કે એક વ્યક્તિ ૫૦૦ રૂપિયાની નોટો પર સૂતેલો છે. જાણકારી પ્રમાણે આ વ્યક્તિ અસમનો એક રાજનેતા છે. તે અસમના ઉદાલગિરી જિલ્લાના ભૈરાગુડીમાં ગ્રામ પરિષદ વિકાસ સમિતિનો અધ્યક્ષ છે. તેનું નામ બેન્ઝામિન બસુમતારી છે, જે ૫૦૦ની નોટો પર આરામ કરી રહ્યો છે. તસવીરમાં જોઈ શકાય છે કે બેડની આસપાસ નોટો પડી છે. સૂત્રો અનુસાર બેન્ઝામિન બસુમતારી જે અસમ અંતર્ગત સ્થિત સ્વાયત્ત પ્રદેશ બોડોલેન્ડના એક નેતા છે. તે પ્રધાનમંત્રી આવાસ યોજના અને ગ્રામીણ રોજગાર યોજનાથી જોડાયેલા મોટા પાયા પર ભ્રષ્ટાચારના મામલાનો આરોપી છે. સૂત્રોએ કહ્યું કે બેન્ઝામિન પર કથિત રીતે ઓડાલગુરી વિકાસ ક્ષેત્રમાં પોતાના વીસીડીસી હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના અને મનરેગા



યોજનાઓના ગરીબ લાભાર્થીઓ પાસેથી લાંચ લેવાનો આરોપ લાગ્યો હતો. આ તસવીરે સોશિયલ મીડિયા પર વિવાદ ઉભો કરી દીધો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ સવાલ ઉભા થવા લાગ્યા છે કે તે બોડોલેન્ડ સ્થિત યુનાઈટેડ પીપુલ્સ પાર્ટી લિબરલ (યુપી પીએલ) નો સભ્ય છે, જે ભ્રષ્ટાચાર વિરોધી વલણ માટે જાણીતી છે. આ તસવીર વાયરલ થયા બાદ યુપીપીએલના પ્રમુખ અને બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલના મુખ્ય કાર્યકારી સભ્ય પ્રમોદ બોરોએ આજે એક સ્પષ્ટતા કરી હતી.

## તંત્રી લેખ...

### આપણો જન્મ જે ઉદ્દેશ્ય માટે થયો છે, આપણે તેને પૂરો કરવા માટે તૈયાર થઈ જઈએ

વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવાની આપણી એક ક્ષમતા હોય છે. એવી સ્થિતિમાં કેટલાક વ્યક્તિ જલ્દી નિરાશ થવા લાગે છે. કેટલાક લોકો તેને ઈશ્વરની મરજી કે નિયતિની ગતિ માની લે છે. જે લોકો એવી સ્થિતિમાં પોતાનું ધૈર્ય ગુમાવી દે છે, તેઓ જ સૌથી વધુ સંકટમાં ફસાય છે. અધીરા થઈને તેઓ ઈશ્વરની સત્તા પર જ સવાલ ઉઠાવવા લાગે છે, કે આ જીવન કેમ આપ્યું અને આપ્યું તો તેમાં દુઃખના આટલા ઢગલા કેમ આપ્યા? દુઃખ આપ્યાં તો દુઃખનું નિવારણ કેમ નથી થઈ રહ્યું? જ્યારે આપણે એ યાદ રાખવું જોઈએ કે જો આ પ્રકૃતિએ આપણને જન્મ આપ્યો, તો એ નાતે આપણે બધા એનાં જ સંતાન છીએ. કોઈ પોતાના સંતાનથી કેવી રીતે વિમુખ થઈ શકે? આ પ્રકૃતિને બધાનું ધ્યાન છે. તેને આપણા બધાનો સ્વભાવ સારી રીતે ખબર છે. તેને બધાની ક્ષમતા ખબર છે. તેને એ પણ ખબર છે કે કોઈને અસ્તિત્વમાં રાખવા માટે તેના જીવનમાં કેટલો સંઘર્ષ જરૂરી છે. નહિ તો વ્યક્તિગત સ્વભાવ કે પ્રકૃતિ અનુસાર અસ્તિત્વમાં રહેવા માટે જરૂરી ક્ષમતાઓ વિકસિત નહીં થઈ શકે. ઠીક એવી જ રીતે જેમ પતંગિયું. પતંગિયા માટે પડકારજનક ક્ષણ કોઈપણ પ્રકારે આસાન થઈ જાય તો તાત્કાલિક રૂપે તો તેના માટે એ સારું છે, પરંતુ ત્યારબાદના પડકારો તે સહન નહીં કરી શકે. ઓશો કહે છે, 'જો બહુ સુરક્ષા મળે અને કોઈ સંઘર્ષ ન હોય, તો કરોડરજ્જુ તૂટી જાય છે. કરોડરજ્જુ સંઘર્ષમાં જ બને છે. તમે જેટલો સંઘર્ષ કરો છો, એટલી જ કરોડરજ્જુ મજબૂત થાય છે.' તેથી આપણે પ્રકૃતિના નિયમ પર ભરોસો કરવો પડશે. આપણે ઈશ્વર પર ભરોસો કરવો પડશે. તે બસ એ જ ઈચ્છે છે કે આપણો જન્મ જે ઉદ્દેશ્ય માટે થયો છે, આપણે તેને પૂરો કરવા માટે તૈયાર થઈ જઈએ. યાદ રાખો કે જેના જીવનમાં અભૂતપૂર્વ સંઘર્ષ આવ્યો છે, તે જ અભૂતપૂર્વ સફળતાને યોગ્ય બની શક્યો છે. તે એ કરોડો લોકોથી અલગ છે, જેણે તેની તુલનામાં આસાન જીવન વિતાવ્યું છે. જિંદગી પરિવર્તનથી બંધાએલી ઘટના છે. ધાર્યું થઈ પણ શકે અને ન પણ થાય. ધાર્યું થાય ત્યારે માણસ પ્રસન્ન રહે છે અને પોતાની આકાંક્ષા કે અપેક્ષાથી વિપરીત થાય ત્યારે એ હતાશ-નિરાશ, ઉદાસ કે રુદનકર્તા પણ થઈ જાય છે. દેવ હોય કે દાનવ આફતોનો સામનો દરેકે કરવો પડયો છેઃ સંજોગ એટલે પરિસ્થિતિ. સંજોગને દૈવયોગ તરીકે પણ ઘટાવવામાં આવે છે. આફત, આપત્તિ, વિપત્તિ વગેરે જીવનની અગ્નિ-કસોટીઓ છે, જે તમે ધારો તેમ નિવારી ન પણ શકો. એવી પરિસ્થિતિમાં હળવા રહેવા માટે આત્મવિશ્વાસ, આત્મબળ અને આધ્યાત્મિક મનોવૃત્તિ મદદરૂપ બને છે. 'વિપત પડે નવ વલખીઓ વલખે વિપત્ત ન જાય' એ મહાન સત્ય છે. જેમ આકાશમાં વાદળો વિખરાઈ જાય છે તેમ આફત પણ જતી રહેવાની જ છે, એવી આત્મશ્રદ્ધા માણસની હામને ટકાવી રાખે છે. માણસ દુઃખની પરિસ્થિતિમાં ખુશ કેમ રહેવું એનું ચિંતન કર્યા કરતા દુઃખની સ્થિતિની ચિંતા કરે છે પરિણામે એ વધુ દુઃખી થાય છે. માણસ સકારાત્મક વિચારણાને બદલે નકારાત્મક વિચારોમાં વ્યસ્ત રહે છે ત્યારે નકારાત્મકતા તેનામાં નિરાશાના ઢગલા ખડકવા માંડે છે. 'હું દુઃખી નથી કે મને કોઈ દુઃખી કરી શકતું નથી,' એવી માનસિક સ્વસ્થતા જ મનને આનંદમાં રાખવાનું અમોઘ ઔષધ છે. આનંદમાં રહેવાની કે હસતા રહેવાની ઔષધિ બજારમાં વેચાતી મળતી નથી. એ ઔષધિ માણસે જાતે તૈયાર કરવી પડે છે. શ્રદ્ધાનું રસાયણ, આત્મબળ, આત્મવિશ્વાસ, પરમ શક્તિ પર ભરોસો, હિંમત અને આંતરિક મસ્તી અને જીવન પ્રત્યે આશાવાદી દ્રષ્ટિકોણ- આટલાં ઔષધો એકઠાં કરો એટલે જીવનમાં આનંદિત રહેવાનું મહાઔષધ તૈયાર.

### આપણે હવામાનના બદલાવને અનુકૂળ ખુદને એ જ અનુપાતમાં ઝડપથી ઢાળી નથી શકતા



વધતા ગ્લોબલ વોર્મિંગને કારણે ખેતી પર સંકટ તોળાઈ રહ્યું છે. જે ગતિથી પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે, તે આમ આદમી માટે તો કષ્ટદાયક છે જ, ખેડૂત માટે સંકટ વધારે છે. તેની સીધી અસર ખેતરોની ઉત્પાદકતા પર પડી રહી છે. જેના મુકાબલા માટે સુનિયોજિત તૈયારીની જરૂર છે. ખેડૂતોએ એ વૈકલ્પિક પાકો વિશે વિચારવું પડશે, જે ઓછા પાણી અને વધુ તાપ છતાં બહેતર ઉત્પાદન આપી શકે. અનાજ ઉત્પાદકોને ધરતીના તાપમાનમાં ઉત્પન્ન ખતરા પ્રત્યે સચેત કરવાની જરૂર છે. જો સમય રહેતાં એવું ન કરવામાં આવ્યું તો માની લો કે આપણે આસન્ન સંકટની અવગણના કરી રહ્યા છીએ. આ મુદ્દો એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ મુદ્દો દુનિયાની સૌથી મોટી આબાદીની ખાદ્ય શૃંખલા સાથે પણ જોડાયેલો છે. એટલે કે જાણે અજાણે આ સંકટના વ્યાપમાં દેશનો દરેક નાગરિક આવશે. અસલમાં દુનિયાના તાપમાન પર નજર રાખનારી વૈશ્વિક સંસ્થા ડબ્લ્યુએમઓનો રિપોર્ટ ચિંતા વધારી રહ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા એક દાયકામાં પૃથ્વીનું તાપમાન લગભગ સરેરાશ તાપમાનથી વધારે રહ્યું છે. વહેલામોડા એનાથી મનુષ્ય જીવનનું દરેક પાસું પ્રભાવિત થશે. એ સર્વવિદિત છે કે દુનિયાના મોટાં રાષ્ટ્રો કાર્બન ઉત્સર્જન ઓછું કરવા તથા જીવાશ્મ ઈંધણ પર રોક લગાવવા માટે પ્રતિબદ્ધ નથી દેખાતા. આખી દુનિયામાં વિકાસના નામે પ્રાકૃતિક સંસાધનોનું બેફામ દોહન કરી રહ્યા છે. તેઓ એ વાતને લઈને ગંભીર નથી દેખાતા કે આજે દુનિયામાં ઔદ્યોગિકીકરણ પહેલાંના સમયના મુકાબલે વિશ્વનું તાપમાન નિર્ધારિત સીમાને પાર કરી ચૂક્યું છે. જે આપણા માટે ખતરાની ઘંટડી છે. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે આપણે હવામાનના બદલાવને અનુકૂળ ખુદને એ જ અનુપાતમાં ઝડપથી ઢાળી નથી શકતા. અસલમાં હવામાનના વ્યવહારમાં ઝડપ થી થઈ રહેલા બદલાવને અનુરૂપ ખેતીની પેટર્નમાં પણ બદલાવની જરૂર છે. એ પરંપરાગત પાકો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે જે ઓછા વરસાદ અને વધુ તાપમાનમાં ઠીકઠાક ઉપજ આપવામાં સક્ષમ છે. એક સમયે ભારતમાં મોટા ભૂભાગમાં આપણે જાડાં ધાન્યોનું ઉત્પાદન કરતા હતા, જે ઓછા વરસાદમાં બહેતર ઉપજ આપતા હતા. પરંતુ સમયાંતરે આપણે વધુ સિંચાઈવાળા પાકોનું ઉત્પાદન વ્યાવસાયિક સ્તરે કરવાનું શરૂ કરી દીધું. હવામાનમાં બદલાવની અસર ખાદ્યાન્ન જ નહીં, શાકભાજી, ફળ-ફૂલો પર પણ ઊંડે સુધી પડી રહી છે. એવામાં માત્ર કાગળિયે કાર્યવાહી કરવાને બદલે ધરાતલ પર ઠોસ પગલાં ભરવાની જરૂર છ. આપણી કૃષિ યુનિવર્સિટીઓએ પાકની નવી જાતોનાં બીજ તૈયાર કરવા પડશે, જે ખેડૂતોને આધાર આપવાની સાથે જ આપણી ખાદ્ય સુરક્ષા ચેઈનને સુરક્ષિત બનાવી શકે. સાથે જ આપણે કાર્બન ઉત્સર્જનના સ્રોતો પર પણ અંકુશ લગાવવો પડશે. પશુધનનું સંરક્ષણ પણ અનિવાર્ય ગણાશે. જો આપણે અત્યારે નહીં જાગીએ તો આપણે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ચક્રવાતી તોફાન જેવી આપદાઓ માટે તૈયાર રહેવું પડશે. ભારત, જ્યાં દેશની અડધી આબાદી ખેતી અને તેની સાથે જોડાયેલા વ્યવસાયો પર નિર્ભર હોય તેના માટે આ સંકટ મોટું છે.

---

**આર્થિક સામાજિક, તો ઘણીવાર તો ડોકટરો એટલી બધી પરેજી નાખે, કે તેનું બેસવું ઉઠવું પણ સહજ ના રહે !**

# સુખ કે સબ સાથી દુખમેં ન કોઈ! એ ગીતના બોલને ભૌતિક કે દુન્યવી સુખ દુઃખ સાથે સરખાવીએ નહીં!!





સદ્ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે ચિંતનમાં એ વિશે ઘણીવાર સવિસ્તૃત વાત પણ કરી છે, પરંતુ કહેવાનું તાત્પર્ય એટલું છે કે સ્વભાવવશ હોય, સમય વશ હોય સંજોગ વશ હોય કે, સંબંધ હોય, પણ માનવી આસાનીથી પોતાની નિયતિને બદલી શકતો નથી કે, નિયતિને સ્વીકારી શકતો નથી!**

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રકૃતિમાં જરાક નજર કરીએ તો રોજ રાત પડે, અને પછી પાછી સવાર પણ પડે! એટલે કે નિયત સમયે બધું થયે રાખે. પણ દરેક માનવીના જીવનમાં પ્રકૃતિ જેમ રાત પડે પછી દિવસ પડવો એ એટલું આસાન નથી, અને એના કારણો ઘણાં અને જુદા જુદા હોય છે. આપણે ચિંતનમાં એ વિશે ઘણીવાર સવિસ્તૃત વાત પણ કરી છે, પરંતુ કહેવાનું તાત્પર્ય એટલું છે કે સ્વભાવવશ હોય, સમય વશ હોય સંજોગ વશ હોય કે, સંબંધ હોય, પણ માનવી આસાનીથી પોતાની નિયતિને બદલી શકતો નથી કે, નિયતિને સ્વીકારી શકતો નથી! અને ઘણીવાર તો એટલા ભયંકર તોફાનો કે કાળા વાદળો જીવનમાં છવાઈ જાય, ત્યારે તેને બધા જ પરથી વિશ્વાસ ઉઠી જાય છે. કોઈને પોતાનાં આગ્રહો અને સ્વભાવ વશ પણ માનવી મુશ્કેલીઓ વ્હોરી લેતો હોય છે. બધી જ રીતે સારું હોય, એટલે કે આર્થિક સામાજિક, તો ઘણીવાર તો ડોકટરો એટલી બધી પરેજી નાખે, કે તેનું બેસવું ઉઠવું પણ સહજ ના રહે!: અને આવી પરિસ્થિતિમાં અન્ય સામાન્ય માનવી, તો પોતાનું જીવન માણતા હોય, મોટેભાગે માનવીની માનસિકતા એવી હોય કે, યુવાનીમાં સંઘર્ષ કરીને ધન એકઠું કરી લઈએ, એટલે પછીની જિંદગીમાં નિરાંત! અને અમુક રીતે દેશ કાળ પ્રમાણે આ સત્ય સ્વીકારવું પણ રહ્યું. પરંતુ ધનની લાલસા એક એવી લાલસા છે, જે સમય જતા મરતી નથી, એટલે કે એમાં ક્યારેય હાશકારો થતો નથી. લાખ કમાતો હોય એને બે લાખનાં, અને બે લાખ કમાતો એને બાવીસ લાખના સપના આવ્યા વગર રહેતા નથી, અને આમ જ્યારે શરીર સાથ દેતું હોય, પર્યાપ્ત માત્રામાં ધન પણ હોય, છતાં અમુક ઈચ્છાઓ દાબી દીધી હોય તો, એ ઈચ્છાઓ પણ પાછળથી બળવો કરે! કોઈ વાર વધુની લાલસામાં એવો જુગાર રમાઈ જતો હોય છે, કે જિંદગીભરની કમાણી ચાલી જાય છે. વેપાર ધંધામાં ખોટ જવી, નાદારી નોંધાવી દેવી, મોટી મોટી પેઢી ડૂબી જવી! ચોરી થવી કે પછી નોકરિયાતની નોકરી જવી! આજકાલ તો એવું ઘણી વાર થાય છે, એટલે કે શેરબજારમાં પૈસા ડૂબી જાય, સટ્ટો અને જુગારના શોખીનો સાથે આવું બનતું હોય! કે પછી સાઈબર ક્રાઈમમા બેક્ક બેલેન્સ ખત્મ થઈ જાય! અને આવી ઘડીએ કાલ સુધી આગળ પાછળ ફરનારા અને ખુશામત કરનારા બાકીના લોકો પણ મોઢું ફેરવી લેતા હોય છે. એ સૌને એમ થાય કે આ માંગણી કરશે! અને ત્યારે જેની સાથે આવી ઘટના ઘટે છે, એનાં મોઢામાંથી મોટે ભાગે સુખ કે સબ સાથી દુઃખ મેં ના કોઈ એ શબ્દો નીકળતા હોય છે, તો આજે તરાને કી તર્જ જીવન કા અર્કમાં આપણે એ ગીતના બોલ પર ચિંતન કરીશું.


**સુખ કે સબ સાથી દુખમેં ન કોઈ,**
**મેરે રામ, મેરે રામ,**
**તેરા નામ હૈ સાચા દૂજા ન કોઈ,**
**જીવન આની જાની છાયા,**
**ઝૂઠી માયા ઝૂઠી કાયા,**
**ફિર કાહે કો સારી ઉમરિયા,**
**પાપકી ગઠરી ઢોઈ,**
**ના કુછ તેરા ના કુછ મેરા,**
**યે જગ જોગીવાલા ફેરા,**
**રાજા હો યા રંક સભીકા,**
**અંત એકસા હોઈ,**
**બાહરકી તૂ માટી ફાંકે,**
**મનકે ભીતર ક્યૂં ન ઝાંકે,**
**ઉજલે તનપર માન કિયા,**
**ઔર મનકી મૈલ ન ધોઈ.**

૧૯૭૦માં બનેલી ગોપી નામની ફિલ્મનું આ ગીત છે આ ગીત રાજેન્દ્ર કૃષ્ણ લખ્યું છે સંગીતકાર કલ્યાણજી આનંદજી છે, અને મહમદ રફી એ ગાયેલ છે, અને દિલીપ કુમાર અભિનિત છે. આ ફિલ્મ પણ મેં જોઈ નથી, પરંતુ ગીત ઘણીવાર જોયું છે, અને દિલીપકુમાર અભિનીત આ ફિલ્મ ભજન રૂપે મંદિરમાં ભગવાન રામ લક્ષ્મણ જાનકી સામે ગવાય એવી પ્રસ્તુતિ કરવામાં આવી છે. સત્ય તો એ જ છે કે રામનું નામ જ સાચું છે, અને બીજું કોઈ નામ આપણા જીવનને ઉપર ઉઠાવી શકતું નથી. એટલે કે હરિ નામ જ કળિયુગનો સાર છે. એવું પણ નથી કે આપણે આ સત્ય જાણતા નથી, દરેક વૈદિક શાસ્ત્રોમાં ભરી ભરીને આ જ વાત કહેવામાં આવુ છે, અને ભારતીય સંસ્કૃતિમાં ઉછેર્યા હોવાથી ગળથૂથીમાં પણ આ બધા જ સંસ્કારો આપણને મળ્યાં છે, પણ એ માત્ર જાણકારી બનીને રહી ગયાં. કારણકે આપણે એનો પ્રયોગ કર્યો નહીં, અને એ જ્ઞાન સિદ્ધ થયું નહીં. આપણો અનુભવ બન્યો નહીં. પરંતુ ગીત કારને આ શબ્દો એમનેમ નહીં ઉતર્યા હોય, એમણે રામના ચરિત્રને આત્મસાત કર્યું હશે, સિયારામ મય જગ જાની, ની જેમ એક એકમાં રામના દર્શન કર્યા હશે, ત્યારે જ તે એમ કહી શકે! દુજા ન કોઈ! કવિ આગળ લખે છે કે જીવનમાં સુખ દુઃખ તો આવે છે ને જાય છે, એમાં તું આટલો બધો ઓતપ્રોત થઈ ગયો, કે આ માયાને પણ સાચી સમજવા લાગ્યો, અને આ કાયાને પણ સાચી સમજવા લાગ્યો! પણ હકીકતમાં એ બંને જુઠા છે, એટલે કે એક દિવસ માયા પણ સાથ મૂકી દેશે, અને કાયા પણ સાથ મૂકી દેશે! છતાં તે આખી ઉંમર એટલે કે આખું જીવન એ માયા ને કાયાની માટે થઈને પાપ કર્યા, અહીં કંઈ જ તારું નથી અને કંઈ જ મારું નથી, છતાં મારું મારું કરીને સંગ્રહ કરતો રહ્યો!: માનવ જન્મ તો ઈશ્વરે આપેલી ભેટ છે, અને અહીં જોગીની જેમ આવી અને ભક્તિની મસ્તીમાં જીવવાનું હોય છે, કારણ કે અહીં રાજા હોય, કે રંક દરેકનો અંત એટલે કે મૃત્યુ એકસરખું હોય છે, અને દરેકને એક ને એક દિવસ તો જવાનું જ છે. બાહ્ય જગતની ચકાચોંધમાં તું એટલો પરવાઈ ગયો છે કે તને એ જ બધું સાચું લાગે છે અને ભોગરૂપે એ બધો જ કચરો તુ તારાં માં નાખે છે, પણ એનાથી તારું અંતર એટલે કે માનસ કેટલું ખરાબ થાય છે એ તું જોતો નથી ક્યારેક અંદર પણ ઝાકવું જોઈએ જેનાથી આત્મ પ્રકાશ, કે આત્મશક્તિ ઘટતી તો નથી ને? એ સત્ય સમજાય! ભોગના અતિરેકમાં પ્રવૃત્ત રહીને તે અંતરનો મેલ ક્યારે ધયો નહીં, અને રામનું નામ લેવાનું ચૂકી ગયો જે એકમાત્ર સાચું છે. માનવી ઈશ્વરની કૃપાથી આ ધરા પર જન્મે છે તો ખરો પરંતુ તેને તેનો ઉદ્દેશ યાદ રહેતો નથી. ઈશ્વરનો આભાર યાદ રહેતો નથી, અને જીવન સાથે જોડાયેલા સભ્યો પણ યાદ રહેતા નથી, તેને અહીંથી ક્યારેય જવાનું ન્હોય એમ તે જીવે છે. એવું પણ નથી કે ઈશ્વર આપણને યાદ કરાવતો નથી, જીવનમાં આવતા સંકટો એ શું છે? ફરી આપણને પાછા વાળવા માંગે છે, પણ આપણે એ તરફ દુર્લક્ષ સીવીએ છીએ, અને કહેવાતી કઠિનાઈ માંથી ઊભા થઈ એ પછી, પાછા એના એ જ એમ જ જીવન પૂરું થઈ જાય છે અને અંત સમયે પછી ગાવું પડે છે! સુખ કે સબ સાથી દુઃખ મેં ના કોઈ.. રૂપિયા પૈસા ખાલી થઈ જવાનું દુઃખ તો હજી પણ ક્યારેક મટી શકે, પરંતુ જીવતર ખાલી થવાનું દુઃખ, કે જન્મારો એળે ગયા નું દુઃખ તો કેમ એ ખાલી નહીં થાય! એટલે સમય રહેતાં રામને સ્મરી લઈએ, તો પછી સુખ કે સબ સાથી એ ગાવાનો વારો નહીં આવે. સુખ દુઃખ એ દરેકનાં જીવનનાં એક નિશ્ચિત મુકામ છે અને તેનાથી વિચલિત થયા વિના આપણે સૌ જન્મ સફળ કરવા નાના મોટા દુઃખ સહન કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**જીવ લક્ષ્મીનો બાળક છે, તેથી જીવાત્મા લક્ષ્મીનો ઉપયોગ કરી શકે, પણ તેનો ઉપયોગ એક નારાયણ કરી શકે**

# પરમાત્માનું ધ્યાન કરતાં જેને સમાધિ લાગે છે તેને કાળ મારી શકતો નથી, ઊલટું તે કાળને મારે છે





વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ આ શરીરના દરેક દ્વાર ઉપર નાક, કાન, આંખ એમ દરેક ઈન્દ્રિય ઉપર પરમેશ્વરને પધરાવો, એટલે ત્યાં જરાસંધ અને કાળયવન પ્રવેશી શકશે નહીં, પ્રત્યેક ઇન્દ્રિય થી ભક્તિ કરે તે કાળયવન ઉપર વિજય મેળવે છે.**

હે ઈશ્વર.

માર્ચ અને ફાગણ માસ પૂરો થવા આવ્યો છે ચૈત્રી નવરાત્રિમાં માતાજીની પૂજા અર્ચના કરી આશીર્વાદ મેળવી યોગ્ય ફળ પ્રાપ્ત કરો. આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ આ શરીરના દરેક દ્વાર ઉપર નાક, કાન, આંખ એમ દરેક ઈન્દ્રિય ઉપર પરમેશ્વરને પધરાવો, એટલે ત્યાં જરાસંધ અને કાળયવન પ્રવેશી શકશે નહીં. પ્રત્યેક ઇન્દ્રિય થી ભક્તિ કરે તે કાળયવન ઉપર વિજય મેળવે છે. જરાસંધ પાછળ પડે છે, એટલે શ્રીકૃષ્ણ પ્રવર્ષણ પર્વત ઉપર જાય છે. ભક્તિનો કથા, શ્રવણ વગેરેનો વરસાદ જ્યાં સતત પડતો હોય, તે પર્વત પ્રવર્ષણ પર્વત.તમે પણએનો આશરો લો. એકાવનમાં પ્રવેશ એટલે વનમાં પ્રવેશ. વનપ્રવેશ કરો ત્યારે વનમાં જજો. ઘર છોડી ગંગાકિનારે પવિત્ર ભૂમિ ઉપર રહેવા જજો. જરાસંધનો ત્રાસ એ જન્મમરણનો ત્રાસ છે. માટે નિશ્ચય કરો કે, મારે હવે પુરુષ થવું નથી, સ્ત્રી થવું નથી. મારે જન્મ લેવો જ નથી. જન્મમરણના ત્રાસમાંથી છૂટવા માટે રોજ ૨૧૦૦૦ નામ જપ નિયમપૂર્વક કરો. કથા સાંભળવાથી પાપ બળે છે, કથા માર્ગદર્શન પણ આપે છે. કથા માંથી કાંઈક નિયમ લો.ભગવત ભક્તિનો નિયમ લો, નામજપનો નિયમ લો. કંઈક ત્યાગ કરવાનો નિયમ લો. બે નિયમો તો દરેકે લેવા જોઈએ. પાપ છોડવાનો નિયમ લેવો જોઈએ અને સત્કર્મનો નિયમ લેવો જોઈએ. એકવીસ હજાર જપ એટલા માટે કહ્યા કે, એક દિવસમાં મનુષ્યને ૨૧૬૦૦ શ્વાસ લેવા પડે છે. એટલે શ્વાસે શ્વાસે ભગવાનનું નામ લો. શ્રીકૃષ્ણ જાતે કાળયવનને મારતા નથી. તેઓ મુચુકુંદ રાજા જે પર્વત ની ગુફામાં રહીને તપશ્ચર્યા કરે છે ત્યાં આવ્યા છે. તેમની પાછળ કાળયવન દોડતો આવે છે. શ્રીકૃષ્ણે મુચુકુંદની ગુફામાં પ્રવેશ કર્યો. મુચુકુંદને જોઈ કાળયવનને તેણે પગની લાત મારી. મુચુકુંદે આંખ ખોલી.મુચુકુંદની દૃષ્ટિ કાળયવન ઉપર પડતાં તે બળીને ભસ્મ થયો. પરમાત્માનું ધ્યાન કરતાં જેને સમાધિ લાગે છે તેને કાળ મારી શકતો નથી, ઊલટું તે કાળને મારે છે. મુચુકુંદે ભગવાનની સ્તુતિ કરી. જીવને આ મનુષ્ય દેહ મળ્યોહોવા છતાં વિષયોમાં પ્રિત હોવાથી તે આપનાં ચરણારવિંદની સેવા કરતો નથી. સર્પના મુખમાં રહેલા દેડકા જેવી જીવની સ્થિતિ છે. સર્પના મુખમાં રહેલો દેડકો કોઈ માખી પાસે આવે તો તેને પકડવા ઈચ્છા કરે છે. તે પોતાના મરણનો વિચાર કરતો નથી.તેવી માણસની હાલત છે. મુચુકુંદ કહે છે, નાથ, એવી કૃપા કરો કે, સંસારના જડ પદાર્થમાં મારું મન ન જાય! મને અનન્ય ભક્તિ આપો! ભગવાને કહ્યું, આ જન્મમાં તને તેવી ભક્તિ મળવી કઠણ છે. હવે પછીના જન્મમાં તને બ્રાહ્મણશરીર પ્રાપ્ત થશે અને તે વખતે તને અનન્ય ભક્તિ પ્રાપ્ત થશે. દ્વાપર યુગનો રામ મુચુકુંદ તે કળિયુગમાં નરસિંહ તરીકે આવ્યા છે! મુચુકુંદ રાજાની કથા સ્પષ્ટપણે બતાવે છે કે,વૃદ્ધાવસ્થામાં ઈશ્વર સ્મરણ અને તપસ્યા કરવાથી આવતો જન્મ સુધરે છે, આ જન્મ નહીં.આ જન્મ સુધારવો હોય તો જુવાનીમાંથી જ ઈશ્વરસ્મરણ કરવું. માટે ધીરે ધીરે સંયમ વધારો. પરમાત્મા લક્ષ્મી છે. જીવ લક્ષ્મીનો બાળક છે,તેથી જીવાત્મા લક્ષ્મીનો ઉપયોગ કરી શકે,પણ તેનો ઉપયોગ એક નારાયણ કરી શકે. ઉપયોગ અને ઉપભોગમાં ફેર છે. શરીરને આવશ્યક વિષયો ઈન્દ્રિય ને આપે તે ઉપયોગ અને ઈન્દ્રિયોને આધીન થઈ વિષયો ભોગવે તે ઉપભોગ. પૈસાનો દુરુપયોગ થાય તો આ જીવન બગડે છે અને પર લોક પણ બગડે છે. સંપત્તિ અને શક્તિનોદુરુપયોગ કરે એ દૈત્ય. સમયનો સદુપયોગ કરો. સંપત્તિનો સદુપયોગ કરો. શરીરને બહુ ત્રાસ ન આપો અને લાડ પણ ન કરો. પરમાત્માએ મને વધારે આપ્યું એટલે તેનો સદુપયોગ કરવાની જવાબદારી મારા ઉપર આવી છે એમ માનો. શાસ્ત્રમાં લક્ષ્મીના ત્રણ પ્રકારો બતાવ્યા છેઃ લક્ષ્મી : નીતિ અને અનીતિથી જે ધન પ્રાપ્ત ભોગવિલાસમાં જશે અને થોડું સન્માર્ગે જશે. કર્યું હોય તે લક્ષ્મી.આવું ધન થોડું મહાલક્ષ્મી : જે ધર્મથી મેળવેલું નીતિનું ધન છે તે મહાલક્ષ્મી મહેનત કરતાં વધારો નફો લેતે એક પ્રકારની ચોરી છે. એવું ધન સારાં કાર્યોમાં જ વપરાય છે. એ ધન શાંતિદાતા છે. અલક્ષ્મી : પાપ નો પૈસો એ લક્ષ્મીનું સ્વરૂપ છે. તેનો ઉપયોગ વિલાસ પાછળ થાય છે. મનુષ્યને રડાવે છે. મૃતાત્મા કેવળ ધર્મને જ સાથે લઈને જાય છે. બીજું કોઈ સાથે આવતું નથી.રુક્ષ્મણી એ મહા લક્ષ્મી છે. તે શિશુપાલને મળે નહીં. તે તો નારાયણને જ મળે. શિશુનું લાલનપાલન કરવામાં જે જેનું જીવન, જેનાં ધન અને સમય પૂરાં થાય તે શિશુપાલ. જેને સંસારનું સુખ જોઈએ તે શિશુપાલ. મથુરામાં ભગવાનનું એક પણ લગ્ન થયું નથી. શ્રીકૃષ્ણ દ્વારિકા આવ્યા પછી બધાં લગ્નો થયાં છે. એક એક ઈન્દ્રિયના દ્વાર ઉપર કાબૂ મેળવો, બ્રહ્મવિદ્યાને પ્રાપ્ત કરો. તે પછી લગ્ન કરો. તેથી ગૃહાસ્થાશ્રમ પહેલાં બ્રહ્મચર્યાશ્રમ બતાવ્યો છે. મહારાજા ભીષ્મક વિદર્ભ દેશના રાજા છે. તેને પાંચ પુત્ર અને એક કન્યા છે. રાજાના મોટા પુત્રનું નામ રુકમી અને કન્યાનું નામ રુક્ષ્મણી. રુક્ષ્મણીની માતાનું નામ શુદ્ધમતિ. જ્યાં શુદ્ધ બુદ્ધ હોય ત્યાં મહા લક્ષ્મી આવે છે. ભીષ્મ રાજાની ઈચ્છા રુક્ષ્મણીનું લગ્ન શ્રીકૃષ્ણ સાથે કરવાની છે, પરંતુ રુકમીએ વિરોધ કર્યો કે,મારી બહેન ગોપાળને નહીં આપું,શિશુપાલને આપીશ. રુક્ષ્મણીને જ્યારે ખબર પડી કે, મારો ભાઈ જબરજસ્તી થી મારાં લગ્ન શિશુ પાલ સાથે કરવા માગે છે ત્યારે તેને દુઃખ થયું. રુકમણી એ શિશુપાલને જાન લઈને આવવા આમંત્રણ આપ્યું. અંતઃપુરમાં એક સુદેવ નામનો બ્રાહ્મણ આવતો હતો.તેને રુક્ષ્મણીએ કહ્યું, મહારાજ, મારું કામ કરશો? મારી ઈચ્છા શ્રીકૃષ્ણ સાથે લગ્ન કરવાની છે. મેં એક પત્ર લખ્યો છે અને તારે દ્વારકા જઈ શ્રીકૃષ્ણને આપવાનો છે. ભાગવતના છેલ્લા દિવસે આ લગ્ન ની કથા આવે છે.જેને તક્ષક નાગ નો દંશ થવાને છે તેને લૌકિક લગ્ન ની વાતો સંભળાવવાની હોય નહીં મરણ સમીપ હોય તેને લગ્ન વાર્તા ગમે?યોગીઓમાં શ્રેષ્ઠ એવા પરમ હંસ શિરોમણિ શુકદેવજી લગ્નની કથા કરે ખરા? એટલે આ તો જીવ- ઈશ્વરની લગ્નની કથા છે. રુક્ષ્મણીનો પત્ર જોઈએ તો તેમાં લખ્યું છે કે, હું નિષ્કામ છું. મારા મનમાં કોઈ વિકાર-વાસના નથી. રુક્ષ્મણી નિષ્કામ છે.શ્રીકૃષ્ણ નિર્વિકાર છે. નિષ્કામ-નિર્વિકારનું આ મિલન છે. એટલે આ શ્રીકૃષ્ણના લગ્નપ્રસંગની ભાષા લૌકિક છે, પરંતુ તેની પાછળનો સિદ્ધાંત અલૌકિક છે. લગ્નની વાત નથી. આ જીવના લગ્ન ઈશ્વર સાથે થાય તે બતાવવાનો આ લગ્નનો હેતુ છે. ભાગવતના શ્લોકોનો વિચાર કરતાં આ અર્થ નીકળે છે. લગ્ન પહેલાં રુક્ષ્મણી શું કહે છે તે જોયું.લગ્ન પછી ભગવાન રુક્ષ્મણીને કહે છે, મને કોઈ સ્ત્રીની જરૂર નથી. મને વંશવૃદ્ધિની પણ ઈચ્છા નથી. લગ્ન કર્યા પછી કોઈ પુરુષ આવું કહે ખરો? પ્રભુને પરણવાની ઈચ્છા કરે તેને સગાંવહાલાં ત્રાસ આપે છે. રુકમી પણ રુક્ષ્મણીનાં લગ્નમાં વિઘ્ન કરે છે, પરંતુ આ વિઘ્નો સદાગુરુનો આશ્રય લે તો દૂર થાય છે. રુક્ષ્મણી પણ સુદેવ બ્રાહ્મણનો આશરો લે છે. જેને પ્રભુને મળવું હોય તેણે જીવન સાદું રાખવું જોઈએ. રુક્ષ્મણી પાર્વતીનું પૂજન કરવા ગયા ત્યારે ચાલતાં જ મંદિરે ગયાં છે. રાજાની દીકરી છે પણ જીવન સાદું છે. માટે જીવ ઈશ્વર સાથે પરણે ત્યારે કૃતાર્થ થાય. રુક્ષ્મણી વિવાહ એ જીવ-ઈશ્વરનું લગ્ન છે. રુક્ષ્મણી ભગવાનની આદ્યશક્તિ છે પણ કોઈ સંત મધ્યસ્થી ન બને ત્યાં સુધી જીવ-શિવનું મિલન થતું નથી. રુક્ષ્મણીએ સુદેવ મારફત શ્રીકૃષ્ણ ઉપર પત્ર મોકલ્યો છે. સુદેવ બ્રાહ્મણ પત્ર લઈ દ્વારિકા આવ્યો છે. સુદેવને આવતો જોઈ દ્વારિકા નાથ ઊભા થાય. ભોજન પછી કુશળ સમાચાર પૂછ્યા છે. સુદેવે કહ્યું, હું ખાસ આ પત્ર લઈને આવ્યો છું. રુક્ષ્મણીનો પત્ર શ્રી કૃષ્ણ વાંચે છે. રુક્ષ્મણીએ સુંદર પત્ર લખ્યો છે. પત્રમાં સાત શ્લોક લખ્યા છે.છ શ્લોકોમાં શ્રી કૃષ્ણના છ સદ્ગુણોનું વર્ણન કર્યું છે. ઐશ્વર્ય, વીર્ય,યશ,જ્ઞાન,વૈરાગ્ય અને સાતમા શ્લોકમાં છે શરણાગતિ. જીવ અતિ દીન બની ભગવાનને શરણે જાય તો પ્રભુ ઉપેક્ષા કરે નહીં. પત્રમાં રુક્ષ્મણીએ શ્રીકૃષ્ણને 'ભુવનસુંદર' કહી સંબોધન કર્યું છે. સૃષ્ટિનો કર્તા સુંદર છે! રુક્ષ્મણી કહે છે,પ્રભુ,મહાત્માઓના મુખેથી તમારા સદગુણો સાંભળી મેં તમારી સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. ગુણોથી તમે મારું ચિત્ત ચોરી લીધું છે.તમારા ગુણ અને સ્વરૂપ નાં વખાણ સાંભળીને મારું મન નિર્લજ્જ થયું છે. વાચક ચાહક મિત્રો, સૂર્ય દેવ ઝડપભેર તેમનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યા છે, ત્યારે એ કુદરતી ઘટનાક્રમમાં આપણે સૌ સાવચેતી રાખીએ તે જરૂરી છે. ઠંડી ગરમી વરસાદ પડે તો તેને પ્રકોપ નહી આશીર્વાદરૂપ માની જીવન જીવવા પ્રયત્ન કરો બહુ મજા આવશે. જીવનમાં ઠંડી ગરમી વરસાદ કુદરતી ઘટનાક્રમ મુજબ જરૂરી છે. બસ અસ્તુ..

# ધ રુલના મોટા ભાગનું શૂટિંગ સમાપ્ત



## પુષ્પાને દુનિયાભરમાંથી શાનદાર રિસપોન્સ મળ્યો, ફિલ્મ આવી અને દરેક ઘરમાં માત્ર પુષ્પાનું રાજ હતું

અલ્લુ અર્જુનની પુષ્પાઃ ધ રુલની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મ ૧૫ ઓગસ્ટનો રોજ થિયેટરોમાં રિલીઝ થવાની છે. હાલમાં જ ફિલ્મમાંથી રશ્મિકા મંદાનાની એક તસવીર વાયરલ થઈ હતી. અત્યાર સુધી ફેન્સને ટેન્સન હતું કે ફિલ્મનું શૂટિંગ પૂર્ણ નહીં થાય તો તેની રિલીઝને પાછળ ધકેલવામાં આવી શકે છે. પરંતુ આ દરમિયાન અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાના ફેન્સ માટે ખુશખબર સામે આવી છે. ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. જ્યાં એક તરફ બીજો પાર્ટ પોસ્ટ પ્રોડક્શન સ્ટેજ પર છે. તો મેકર્સે ત્રીજા પાર્ટનું કામ શરુ કરી દીધું છે. પુષ્પાના મેકર્સે ત્રીજા પાર્ટના રિલીઝ કરવામાં વધુ સમય લેવા માંગતા નથી. આ માટે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ પહેલા જ તેના પર કામ શરુ કરી દીધું છે. પહેલા પણ અલ્લુ અર્જુને આને લઈને એક મોટી હિન્ટ આપી હતી. સુકુમાર ટૂંક સમયમાં જ રામચરણની સાથે તેના અપકમિંગ પ્રોજેક્ટ પર કામ શરુ કરવાનો છે. આ પહેલા એવી આશા રાખવામાં આવી રહી છે કે તેનો ત્રીજો પાર્ટ પણ આવશે. પુષ્પાને દુનિયાભરમાંથી શાનદાર રિસપોન્સ મળ્યો. ફિલ્મ આવી અને દરેક ઘરમાં માત્ર 'પુષ્પા'નું રાજ હતું. આ શાનદાર રિસપોન્સને જોતા મેકર્સે ટૂંક સમયમાં જ બીજા પાર્ટની જાહેરાત કરી હતી, જે છે 'પુષ્પાઃ ધ રુલ'. ફિલ્મ ૧૫ ઓગસ્ટના રોજ થિયેટરોમાં રિલીઝ થવાની છે. હાલમાં ફિલ્મને લઈને ઘણાં મોટા અપડેટ અવારનવાર સામે આવતા રહે છે. પહેલા કહેવામાં આવી રહ્યું હતું કે, મેકર્સે ઝડપથી શૂટિંગ પૂર્ણ કરવા અલગ-અલગ યુનિટ બનાવ્યા છે. આ દરમિયાન અલ્લુ અર્જુનની ફિલ્મના ત્રીજા પાર્ટને લઈને હિન્ટ આપી છે. મીડિયા રિપોર્ટ મુજબ અલ્લુ અર્જુન અને સુકુમાર જાણે છે કે, પુષ્પાઃ ધ રુલ'ની સ્ટોરી સિંગલ પાર્ટમાં બતાવવામાં આવશે નહીં. આ માટે તેને સ્ક્રિપ્ટ પર કામ શરુ કરી દીધું છે. આવામાં 'પુષ્પા ૩' બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, સુકુમારે ત્રીજા પાર્ટના કેટલાક ભાગોનું શૂટિંગ પણ કરી લીધું છે. પરંતુ હજુ સુધી તેની જાણકારી કોઈને પણ આપવામાં આવી નથી. આ રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે, 'પુષ્પાઃ ધ રુલ'ના મોટા ભાગનું શૂટિંગ થઈ ગયું છે. હાલમાં આ ફિલ્મ પોસ્ટ પ્રોડક્શન સ્ટેજ પર છે. આ વચ્ચે સુકુમાર અને અલ્લુ અર્જુન 'પુષ્પા ૩'ની શૂટ પૂર્ણ કરવા માંગે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મેકર્સ વર્ષ ૨૦૨૫ સુધી આ ફિલ્મને લાવવાની તૈયારીમાં છે. આ પછી પણ અલ્લુ અર્જુન જોડે ઘણી ફિલ્મો છે. સુકુમાર પણ આ પ્રોજેક્ટ પછી રામચરણ સાથે કામ શરુ કરશે.



# એ એક પબ્લિસિટી સ્ટંટ હતો જે તેણે Netflix માટે કર્યો હતો

## સુનીલ ગ્રોવરે કપિલ શર્મા સાથેની તેની લડાઈ વિશે વાત કરી અને મજાકમાં કહ્યું

### પોતાની જૂની દુશ્મની ભૂલીને 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો માટે સાથે આવ્યા



સુનીલ ગ્રોવરે કપિલ શર્મા સાથેની તેની લડાઈ વિશે વાત કરી અને મજાકમાં કહ્યું, એ એક 'પબ્લિસિટી સ્ટંટ' હતો જે તેણે **Netflix** માટે કર્યો હતો જ્યારે તે ભારતમાં આવ્યું ન હતું. બંને સ્ટાર્સ પોતાની જૂની દુશ્મની ભૂલીને 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો' માટે સાથે આવ્યા. સુનીલ ગ્રોવરે કપિલ સાથેની તેની લડાઈની મજાક ઉડાવતા કહ્યું કે આનું આયોજન વર્ષો પહેલા કરવામાં આવ્યું હતું. તેણે કહ્યું, 'જ્યારે અમે ફ્લાઈટમાં સવાર થયા ત્યારે અમને ખબર પડી કે ફ્રીંકફ્લેટ ભારત આવી રહ્યું છે, તેથી કંઈક પબ્લિસિટી સ્ટંટ હોય. ૪૬ વર્ષના સુનીલે ત્યાં સુધી કહ્યું કે નેટફ્લિક્સ ઈન્ડિયાએ તેને ફોન કર્યો અને પૂછ્યું કે શું કરી શકાય અને પછી તેને આ આઈડિયા આવ્યો. ૪૨ વર્ષીય કપિલે વધુમાં કહ્યું કે સુનીલ ઘણા પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત હતો. તે ઘણી સિરીઝ અને પ્રોજેક્ટ્સ કરી રહ્યો હતો, તેથી અમે સાથે આવી શક્યા નહીં. સુનીલે કહ્યું કે તેને પોતાનું કમબેક તેની 'ઘર વાપસી' જેવું લાગે છે કારણ કે તેને કપિલ અને તેની ટીમ સાથે કામ કરવાનું પસંદ છે. શોના ટીઝરથી જાણવા મળ્યું છે કે સુનીલ ગ્રોવર ગુત્થીના અવતારમાં પરત ફરી રહ્યો છે. તે પહેલા એપિસોડમાં રણબીર કપૂર અને નીતુ કપૂરને ચીડવતો જોવા મળશે. સુનીલ ગ્રોવર 'ધ કપિલ શર્મા શો'માં ગુત્થી અને ડોક્ટર મશૂર ગુલાટીનું કાલ્પનિક પાત્ર ભજવીને પ્રખ્યાત થયો હતો, પરંતુ કોમેડિયને કપિલ શર્મા સાથેના ઝઘડા પછી શો છોડીને બધાને ચોંકાવી દીધા હતા.

# અદિતિ રાવે સિદ્ધાર્થ સાથે લીધા સાત ફેરા

## તેલંગાણાના શ્રીરંગાપુરમ જિલ્લામાં રંગનાયક સ્વામી મંદિરમાં ગુપ્ત રીતે લગ્ન કર્યા



તાજેતરમાં સમાચાર આવ્યા હતા કે તાપસી પન્નુએ તેના વિદેશી બોયફ્રેન્ડ સાથે ગુપ્ત રીતે લગ્ન કરી લીધા છે અને હવે એવી ચર્ચા છે કે અદિતિ રાવ હૈદરી અને સિદ્ધાર્થ પણ લગ્નના બંધનમાં બંધાઈ ગયા છે. પરંતુ અત્યાર સુધી કપલે તેમના લગ્ન વિશે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. અહેવાલ મુજબ, અદિતિ અને સિદ્ધાર્થે તેલંગાણાના વાનપર્થી જિલ્લાના શ્રીરંગપુરમના શ્રી રંગનાયક સ્વામી મંદિરમાં લગ્ન કર્યા હતા. જો કે દંપતીએ હજુ સુધી તેમના લગ્નની જાહેરાત કરી નથી, પરંતુ પોર્ટલ દાવો કરે છે કે તેઓ ટૂંક સમયમાં મિસ્ટર અને મિસિસ તરીકે પ્રથમ તસવીર શેર કરી શકે છે. ગ્રેટ આંધ્રના એક અહેવાલ મુજબ, સિદ્ધાર્થ અને અદિતિ રાવ હૈદરીએ તેલંગાણાના શ્રીરંગાપુરમ જિલ્લામાં રંગનાયક સ્વામી મંદિરમાં ગુપ્ત રીતે લગ્ન કર્યા. મહાસમુદ્રમના શૂટિંગ દરમિયાન અદિતિ રાવ હૈદરી અને સિદ્ધાર્થનો રોમાંસ ખીલ્યો હતો. ત્યારથી તેઓ ઘણીવાર સાથે જોવા મળે છે. જોકે, બંનેએ ક્યારેય પોતાના સંબંધો વિશે ખુલીને વાત કરી નથી. અદિતિ રાવ હૈદરી અને સિદ્ધાર્થે ચંદીગઢમાં બોલિવૂડ અભિનેતા રાજકુમાર રાવ અને પત્રલેખાના લગ્નમાં પણ હાજરી આપી હતી. આ સિવાય તેણે હૈદરાબાદમાં શરવાનંદની સગાઈમાં પણ હાજરી આપી હતી. લાંબા સમયથી તેમના ડેટિંગની વાતો ચાલી રહી છે, પરંતુ એ બીજી વાત છે કે કપલે ક્યારેય જાહેરમાં તેમના સંબંધોની પુષ્ટિ કે ખંડન કર્યું નથી. અદિતિ કે સિદ્ધાર્થે ક્યારેય તેમના સંબંધો વિશે ખુલીને વાત કરી નથી. હા, બંને સોશિયલ મીડિયા પર સતત એકબીજાની પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા રહે છે. અગાઉ ડેટિંગની અફવાઓ વિશે વાત કરતા અદિતિએ મિડ-ડેને કહ્યું હતું કે, "હું મારા કામ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરતી હોવાથી, હું તેના પર ધ્યાન આપતી નથી. લોકો વાત કરશે અને તમે તેમને વાત કરતા રોકી નહીં શકો. તેઓ તે કરશે જે તેમને રસપ્રદ લાગશે અને હું તે કરી રહી છું જે મને રસપ્રદ લાગે છે. વાત એ છે કે જ્યાં સુધી મારી પાસે સારું કામ છે ત્યાં સુધી મારે આ બધા પર ધ્યાન આપવાની જરૂર નથી. હું મને ગમતા નિર્દેશકો સાથે કામ કરું છું.




# આસિત મોદી વિરુદ્ધ કેસ જીત્યા બાદ જેનીફરે ચિમકી આપી દીધી

## કોર્ટનો ચુકાદો આવ્યાને ૪૦ દિવસ વીતી ચુક્યા છે, પરંતુ હજી સુધી પ્રોડક્શન હાઉસે બાકી મહેનતાણું નથી ચુકવ્યું

તારક મેહતા કા ઉલ્ટા ચશમા શોમાં મિસીઝ સોઢીનો રોલ ભજવીને ઘેર-ઘેર ફેમસ થયેલી જેનિફર મિસ્ત્રી બંસીવાલે શો મેકર આસિત મોદીના ખરાબ વર્તનના કારણે શો છોડવો પડ્યો હતો. તેમજ તેણે આસિત મોદી વિરુદ્ધ ઉત્પીડનનો કેસ પણ દાખલ કર્યો હતો. કોર્ટે આ મામલે ૪૦ દિવસ પહેલાં જેનિફર મિસ્ત્રીના પક્ષમાં નિર્ણય આપ્યો હતો. જોકે, જેનિફર આ કેસ જીત્યા બાદ પણ ખુશ નથી. જો કે, આ ચુકાદો આવ્યા બાદ જેનીફરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈંસ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ દ્વારા એ તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો છે, જેમણે આ કેસ જીતવા પર તેમને શુભકામનાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત આ કેસમાં જે ચુકાદો આવ્યો છે, તેના પર વાત કહી છે. અભિનેત્રીએ કહ્યું આ અહીંથી પુરુ થતું નથી, કેમ કે હું મહારાષ્ટ્ર ગર્વમેન્ટની કમિટી જે આ કેસને હેન્ડલ કરી રહી હતી, તેના આ ચુકાદાને સ્વીકારતી નથી. આ ચુકાદામાં મને પાંચ લાખનું વળતર આપવાની વાત કહેવામાં આવી છે, જો કે મારુ અમાઉન્ટ મેં હજુ સુધી માગ્યું જ નથી, અને વળતરની તો કોઈ વાત જ નથી, મેં ક્યારેય કહ્યું પણ નથી. પણ જે દોષિત છે, તેમને સજા મળી જોઈએ, કેમ કે ચુકાદામાં ફક્ત આસિતજીને વળતર માટે કહેવામાં આવ્યું છે, જેમાં સોહેલ અને જતિનનો ક્યાંય ઉલ્લેખ જ નથી. હું રાહ જોઈ રહી છું કે આ ત્રણેયને કડકમાં કડક સજા થાય, જે પણ હું મારા તરફથી કરી શકું છું, કોર્ટમાં જઈને, તે કરીશ. હું ૨૪ માર્ચ હોળીના એક દિવસ પહેલા ૩ વાર પોલીસ સ્ટેશનમાં જઈ છું, મારી દસ વર્ષની છોકરીને એકલી ઘરમાં મુકીને હું અને મારો પતિ ગયા. ત્યાં તેઓ ટેનિશ મેચ રમી રહ્યા છે, આમથી તેમ મોકલે છે, અમુક પોલીસના ટ્રાંસફર થઈ ગયા હોવાના બહાના બનાવતા હોવાના આરોપ લગાવ્યો છે. કોઈ મને જવાબ આપતા નથી, ચાર્જશિટ ફાઈલ થઈ નથી. હું એ જાણવા માગું છું કે, ચાર્જશિટ ફાઈલ થાય. હું હવે છોડીશ નહીં, પિક્ચર અભી બાકી હેં મેરે દોસ્ત. જેનિફરે જણાવ્યું કે, કોર્ટનો ચુકાદો આવ્યાને ૪૦ દિવસ વીતી ચુક્યા છે, પરંતુ હજી સુધી પ્રોડક્શન હાઉસે બાકી મહેનતાણું નથી ચુકવ્યું." એક્ટ્રેસે જણાવ્યું કે, 'શોમાં મહિનાઓ સુધી કરેલી મહેનતના પૈસા મને હજી સુધી નથી મળ્યા. હું ન્યાયની આશા સાથે કોર્ટમાં પહોંચી હતી, પરંતુ વર્ષ વીત્યા બાદ પણ પૈસા નથી મળ્યા. હજી સુધી ન્યાયથી વંચિત છું. જેનિફર મિસ્ત્રીએ આસિત મોદી ઉપરાંત સોહેલ અને જતીન વિરુદ્ધ પણ કેસ કર્યો હતો. તેમાંથી એકને પણ હજી સુધી સજા નથી થઈ. એક્ટ્રેસે ચુકાદાને લઈને નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ચુકાદા દરમિયાન સોહેલ અને જતીન હાજર નહોતા. હું નાખુશ છું. લોકલ કમિનીટ નિર્ણય આપી ચુકી છે કે મને મારી મહેનતના પૈસા મેળવવાનો હક છે. એ સાબિત થઈ ચૂક્યું છે કે આસિત મોદી ઉત્પીડન મામલે ગુનેગાર છે. આ કોઈ નવી વાત નથી. હું શરૂઆતથી જ બધું જાણતી હતી, પરંતુ ત્રણેય આરોપીઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે. જેનિફર પોતાની તકલીફો અંગે કહ્યું કે, તે એક વર્ષથી આઘાતમાં છે અને ત્રણેય આરોપી બેદરકારીથી ફરે છે. તે કહે છે કે, 'કેસ પર નિર્ણયથી સાફ થઈ ગયું છે કે હું ન તો કોઈ ખોટી વાત કરી રહી હતી કે ન તો બનાવટી વાર્તા સંભળાવી રહી હતી.

# જૈસ્મીન ભસીનને જલપરી બનીને ચાલવુ અઘરું પડ્યું

## જલપરીના લુકમાં એક્ટ્રેસે હેર બાંધ્યા છે અને એની સાથે-સાથે ગળામાં કોઇ એસેસરીઝ પહેરી નથી અને કાનમાં ઇયરરિંગ્સ પહેરી છે



એક્ટ્રેસે આ ડ્રેસમાં પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે વાળને બાંધી દીધા છે જલપરીના લુકમાં એક્ટ્રેસે હેર બાંધ્યા છે

ટીવી એક્ટ્રેસ જૈસ્મીન ભસીન ઈન્ડસ્ટ્રીમાં પોતાની એક્ટિંગની સાથે-સાથે ક્યૂટ અંદાજ માટે જાણીતી છે. જૈસ્મીનની ક્યૂટનેસ પર લાખો લોકો દીવાના છે. લોકો એની દરેક અદાઓ પર ફિદા થઈ જાય છે. આટલું જ નહીં એક્ટ્રેસની ડ્રેસિંગ સેન્સ પણ લાજવાબ હોય છે. જૈસ્મીન જે પણ પહેરે છે એમાં કમાલની લાગે છે. એક્ટ્રેસ એની ક્યૂટનેસ અને ડ્રેસિંગ સેન્સને કારણે અનેક વાર ટ્રોલ થતી હોય છે. જો કે હાલમાં જસ્મીનને જલપરી બનવું અઘરું પડ્યું છે. જલપરીમાં એક્ટ્રેસને ચાલવાના પણ ફાંફા પડી ગયા છે. જૈસ્મીન ભસીને હાલમાં એક ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં એક્ટ્રેસનો લુક છવાઈ ગયો છે. જૈસ્મીન ભસીને એવા કપડા પહેર્યા કે લોકો જોતા રહી ગયા. આ ઈવેન્ટમાં એક્ટ્રેસે જલપરી લુક કેરી કર્યો હતો. આ ઈવેન્ટમાં જૈસ્મીને બ્લૂ કલરનો મસ્ત ડ્રેસ પહેર્યો હતો જેમાં નીચ નેટમાં ફ્રિલનું વર્ક કર્યુ હતુ. એક્ટ્રેસે આ ડ્રેસમાં પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે વાળને બાંધી દીધા છે. જલપરીના લુકમાં એક્ટ્રેસે હેર બાંધ્યા છે અને એની સાથે-સાથે ગળામાં કોઈ એસેસરીઝ પહેરી નથી અને કાનમાં ઈયરરિંગ્સ પહેરી છે. આમાં એક્ટ્રેસ મસ્ત લાગી રહી છે, પરંતુ હાલમાં ટ્રોલર્સના નિશાન પર ચડી ગઈ છે. જૈસ્મીન ભસીને ઘાંસૂ લુકમાં પૈપરાઝીને એકથી એક ચઢિયાતા પોઝ આપ્યા. એક્ટ્રેસની એક-એક અદાઓ પર ફેન્સ ફિદા થઈ ગયા છે. એક્ટ્રેસનો આ લુક સોશિયલ મિડીયામાં છવાઈ ગયો છે. એક્ટ્રેસ પૈપરાઝીને એકથી એક હટકે પોઝ આપી રહી છે. આ ડ્રેસમાં જૈસ્મીન ભસીન ખૂબ સુંદર લાગી, પરંતુ એક્ટ્રેસને આમાં ચાલવાના ફાંફા પડી ગયા હતા. જૈસ્મીન આ ડ્રેસમાં હટકે લાગી રહી હતી. જો કે ટ્રોલર્સે એક્ટ્રેસને આડે હાથે લીધી છે. જૈસ્મીન ભસીન આ ડ્રેસમાં કોઈની મદદ વગર ચાલી શકે એમ નથી. એક્ટ્રેસનો આ લુક ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જૈસ્મીન ભસીનનો એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે જેમાં ડ્રેસથી કંટાળીને હાથમાં પકડવાની કોશિશ કરી રહી છે. એક્ટ્રેસ ચાલને કારણે ટ્રોલ થઈ રહી છે. એક યુઝર્સે કોમેન્ટમાં લખ્યુ છે કે નગર નિગમ રોડ સફાઈ મશીન. જ્યારે બીજા યુઝર્સે આ શું ફેશન છે, જેમાં ચાલી પણ ના શકો. આ રીતની અનેક યુઝર્સે કોમેન્ટ્સ કરી છે.

# કરીના કપૂર દરરોજ રાત્રે રડતી હતી

## જો તેની જગ્યાએ કોઈ બીજું હોત તો કદાચ તે આ સંજોગોમાં ટકી શકી ન હોત

હાલમાં કરીના કપૂર ક્રુ માટે સતત ચર્ચામાં છે. આ ફિલ્મમાં તેની સાથે તબ્બુ અને કૃતિ સેનન પણ લીડ રોલમાં છે. કરીના કપૂરે પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે. પરંતુ તેની ફિલ્મી સફર સરળ ન હતી. ચિત્રની વાર્તાની જેમ આ પણ ઉતાર-ચઢાવથી ભરેલી હતી. કરીનાએ એક ઈન્ટરવ્યુમાં પોતાના વીતેલા દિવસોને યાદ કર્યા છે, જેમાં તેણે જીવનમાં જે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે તેના વિશે ખુલીને વાત કરી છે. ઈન્ટરવ્યુમાં કરીનાએ એ સમયગાળો યાદ કર્યો જ્યારે તેની 'જબ વી મેટ' રિલીઝ થઈ ન હતી. 'જબ વી મેટ' પહેલા તેની ઘણી ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. તે સમયે કરીના ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતી. વાતચીત દરમિયાન કરીનાએ કહ્યું કે જો તેની જગ્યાએ કોઈ બીજું હોત તો કદાચ તે આ સંજોગોમાં ટકી શકી ન હોત. કરીનાએ કહ્યું કે તેણે ક્યારેય કોઈને આ વાતનો અહેસાસ થવા દીધો નથી. એક સમયે તેણે ફિલ્મોમાંથી બ્રેક લેવાનું અને તેની ફિલ્મની પસંદગી વિશે વિચારવાનું નક્કી કર્યું. કરીનાએ કહ્યું, મેં ઘણી ફિલ્મો કરવાનીના પાડી હતી. તે સમયે મને લાગ્યું કે મારી ફિલ્મો સારી નથી ચાલી રહી તેથી મારે બ્રેકની જરૂર છે જેથી હું સમજી શકું કે આ બધું કેમ થઈ રહ્યું છે. મેં નક્કી કર્યું કે મારે પરફેક્ટ સ્ક્રિપ્ટની રાહ જોવી જોઈએ જે કામ કરી શકે. ભલે તેને આવતાં એક કે બે વર્ષ લાગે. કરીનાએ બોક્સ ઓફિસના દબાણ અંગે પણ ખુલીને વાત કરી છે. તેણે કહ્યું, અમે એક ક્રાફટની પાછળ દોડી રહ્યા છીએ. પરંતુ બોક્સ ઓફિસ નંબરો પણ આમાં ઘણું મહત્વ ધરાવે છે. હું ઘણી વાર રાત્રે રડતાં સૂઈ જતી અને વિચારતી કે મારી ફિલ્મો કેમ સારી નથી ચાલી રહી. કરીના કપૂરની ક્રુ ૨૯ માર્ચે થિયેટરોમાં રિલીઝ થવા જઈ રહી છે. કરીનાના ફેન્સ આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. તસવીરમાં તબ્બુ અને કૃતિ સેનન



# સારા ખાન રાજકારણમાં જવા માંગે

કંગનાએ રાજકારણમાં પ્રવેશ કર્યો છે. ભારતીય જનતા પાર્ટીએ તેમને હિમાચલ પ્રદેશના મંડીથી લોકસભાના ઉમેદવાર બનાવ્યા છે. લાંબા સમયથી ચર્ચા હતી કે તે ચૂંટણી લડી શકે છે. કંગનાને ટિકિટ મળતા જ સારા અલી ખાનનો એક જૂનો વીડિયો વાયરલ થયો છે. તેણે રાજકારણમાં જવાનો રસ દાખવ્યો છે. વીડિયોમાં અભિનેત્રીએ જહાન્વી કપૂરને પોતાની બેસ્ટ ફ્રેન્ડ કહી ન હતા તે કહે છે કે તેઓ માત્ર સારા મિત્રો છે. સારાની બે ફિલ્મો 'મર્ડર મુબારક' અને 'એ વતન મેરે વતન' OTT પ્લેટફોર્મ પર રિલીઝ થઈ છે. બંને ફિલ્મોને મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. 'મર્ડર મુબારક'ના પ્રમોશન દરમિયાન સારાએ કોમેડિયન અનુભવ સિંહ બસ્સી સાથે વાત કરી હતી. અનુભવે તેને ટ્રૂ અને ફોલ્સનો પ્રશ્ન પૂછ્યો. તેણે કહ્યું, 'સારા અલી ખાન ભવિષ્યમાં રાજકારણમાં આવવા માંગે છે.' આના પર અભિનેત્રીએ કહ્યું, 'હા, પોતે જઈ શકે છે.' તેવો જવાબ આપ્યો. રેડિટ પર વીડિયો શેર કરવામાં આવ્યો છે. કોમેન્ટમાં એક યુઝરે લખ્યું કે, 'આ લોકો કોઈ ફિલ્ડ નહીં છોડે.'

# ક્રીમ કલરની શેરવાની સાથે માથા પર મરુણ રંગની પાઘડી

બોલિવૂડના છોટે નવાબ એટલે કે સૈફ અલી ખાન સામાન્ય રીતે આ દિવસોમાં ફેમિલી સાથે જોવા મળે છે. પરંતુ આ દિવસોમાં સૈફ અલી ખાન મુંબઈના રસ્તા પર એકલો જોવા મળ્યો. આ દરમિયાન સૈફ એવા અંદાજમાં જોવા મળ્યો જે કોઈ દુલ્હો હોય. દુલ્હા લુકમાં સૈફ અલી ખાનને જોતા ચર્ચાનો વિષય બન્યો છે. આમ આ અવતારમાં સૈફ અલી ખાનને જોતા જાણે કોઈ દુલ્હનીયાને લેવા જતો હોય એવો લાગી રહ્યુ છે. સૈફ અલી ખાનનો એક વિડીયો સામે આવ્યો છે જે હાલમાં વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં એક્ટર એકદમ અલગ અંદાજમાં એટલે કે દુલ્હાના રૂપમાં જોવા મળી રહ્યો છે. વિડીયોમાં એક્ટર ઘોડાગાડી પર બેઠેલો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન સૈફ અલી ખાન એકદમ રોયલ લુકમાં જોવા મળ્યો. સામે આવેલા વિડીયોમાં તમે જોઈ શકો છો કે દુલ્હાના આઉટફિટમાં એક્ટર જોવા મળી રહ્યો છે. આ દરમિયાન એક્ટરે ક્રીમ કલરની શેરવાની પહેરી છે. આ સાથે માથા પર મરુણ રંગની પાઘડી પહેરી છે. પાઘડી પર સફેદ રંગની પાંખ લગાવેલી જોવા મળે છે. સૈફનો આ લુક એકદમ રોયલ છે. આ રોયલ લુકમાં સૈફ મસ્ત લાગી રહ્યો છે. જો કે આ શેના માટે છે એ વિશે કોઈને જાણ નથી. આ વિડીયોમાં પૈપ્સ પણ પૂછી રહ્યા છે કે સર તમે ક્યાં જાવો છો? પરંતુ સૈફ પૈપ્સને આ વાતનો કોઈ જવાબ આપતા નથી અને સ્માઈલ આપીને વાત ટાળી દે છે. મળતી માહિતી અનુસાર આ વિડીયો કોઈ ફિલ્મના શૂટનો તેમજ એડ માટે પણ હોઈ શકે છે. જો કે આ વિશે કોઈ ઓફિશિયલી જાણકારી મળી નથી. સૈફ અલી ખાન લાસ્ટમાં આદિપુરુષમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં એક્ટર રાવણના રોલમાં જોવા મળ્યો હતો. એક્ટરની અપકમિંગ ફિલ્મોની વાત કરીએ તો દેવરામાં જોવા મળશે.



### ઝાલોદની સાયન્સ કોલેજ ખાતે ચૂંટણીલક્ષી ફરજમાં જોડાયેલા કર્મયોગીઓ માટે તાલીમ વર્ગ યોજાયો

# ઝાલોદ મતવિસ્તારના પ્રિસાઇડીંગ અને મહિલા પોલીગ ઓફિસરો માટે યોજાયા તાલીમ વર્ગ

## પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા થીયરીની સાથો સાથ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

દાહોદ જિલ્લામાં આગામી ૭ મે, ૨૦૨૪ના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે થનારી મતદાનની કામગીરી સુનિશ્ચિત રીતે સુપેરે પાર પડે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારીઓને તેમની ફરજના ભાગરૂપે તબક્કાવાર તાલીમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ઝાલોદ મતવિભાગના પ્રિસાઈડિંગ અને મહિલા પોલીગ ઓફિસર્સ માટે સાયન્સ કોલેજ ઝાલોદ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડે અને પ્રાંત અધિકારીની રાહબરી હેઠળ આજરોજ તાલીમ વર્ગો યોજાયા હતા. આ તાલીમ વર્ગમાં દાહોદ જિલ્લા ચુંટણી અધિકારી યોગેશ નિરગુડે એ રૂબરૂ મુલાકાત લઈ ચૂંટણી ફરજ પરના પ્રિસાઈડિંગ અને મહિલા પોલીગ ઓફિસર્સને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપી પ્રોત્સાહન વધાર્યું હતું. તાલીમ વર્ગમાં માસ્ટર ટ્રેનર્સ દ્વારા પ્રિ-પોલ, પોલ-ડે અને આફટર પોલ, EVM, VVPAT, રિસીવીંગ-ડિસ્પેચીંગ સહિતની તબક્કાવાર તમામ પ્રકારની કામગીરી અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જરૂરી જાણકારી સાથે સમજ અપાઈ હતી. આ સાથે દિવ્યાંગ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે અંગે પણ આવા મતદારોને જરૂરી સુવિધા અને સહાયકની સેવા ઉપલબ્ધિ અંગે પણ જાણકારી અપાઈ હતી. તદ્ઉપ રાંત તમામને EVM, VVPAT અંગે હેન્ડસ ઓન ચૂંટણીલક્ષી કામગીરી સબબ જાણકારી સાથે પ્રત્યક્ષ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પણ પુરૂ પડાયું હતું. આ ચૂંટણીમાં મતદાન વખતે મતદારે ફોટો વોટર સ્લીપની સાથોસાથ ચૂંટણીપંચે સૂચવેલ વૈકલ્પિક અન્ય ૧૨ દસ્તાવેજી પુરાવાઓ પૈકી કોઈ એક પુરાવો પણ હવે રજૂ કરવાનો રહેશે તેની પણ સમજ કેળવવામાં આવી હતી. ચૂંટણી ફરજ ઉપરના અધિકારીઓ/ કર્મચારીઓને પોસ્ટલ બેલેટ-ઈડીસી દ્વારા મતદાન અંગે પણ માહિતગાર કરાયાં હતાં. પ્રિસાઈડિંગ ઓફિસર અને મહિલા પોલીગ ઓફિસર માટે યોજાયેલા આ તાલીમ વર્ગમાં સુપરવાઈઝરી કામગીરી બાબતે ચોકસાઇ અને સચોટતાની સાથે મતદાનની કામગીરી સરળ બની રહે તે માટે મતદાન મથકના ફરજ પરના અધિકારીઓ-કર્મચારીઓ માટે જુદા જુદા વૈધાનિક ફોર્મની વિગતો ભરવા ઉપરાંત રજીસ્ટરમાં તેની નોંધણી, મોકપોલ, મતદાન પ્રક્રિયા, પૂર્ણ થયા બાદ EVM મશીન VVPAT સીલ કરીને તેના ડિસ્પેચીંગ સુધીની તમામ બાબતો અંગે તાલીમાથી-ઓને વિગતવાર માર્ગદર્શન પુરૂ પડાયું હતું.

આ સાથે જિલ્લા ચુંટણી અધિકારી યોગેશ નિરગુડે એ ઝાલોદ વિધાનસભા ખાતે ઈ.વી.એમ. સ્ટ્રોંગરૂમ મુલાકાત લઈને આનુશાંગિક વ્યવસ્થા કરવા માટે સૂચનો કર્યા હતા. ઉપરાંત પોલીગ સ્ટાફના પોસ્ટલ બેલેટની ચાલી રહેલ કામગીરી સમીક્ષા પણ કરવામા હતી. આ તાલીમ દરમ્યાન, ઝાલોદ પ્રાંત અધિકારી એ.કે.ભાટીયા, મામલતદાર શૈલેશ પરમાર, નાયબ મામલતદાર સહિત મોટી સંખ્યામા પ્રિસાઈન્ડીંગ અને મહિલા પોલીગ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અયોધ્યાના રામ મંદિર પરિસરમાં ફરજ બજાવતા સુરક્ષા જવાનને ગોળી વાગી

। અયોધ્યા, તા.૨૮ ।

અયોધ્યા રામ મંદિરમાં રોજ હજારો ભક્તો દર્શન કરવા માટે હોય છે. જેમની સુરક્ષા માટે અહીં મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ તહેનાત હોય છે. જો કે તાજેતરમાં જ રામ મંદિરના પરિસરમાં ફરજ બજાવતા એક PAC જવાનને ગોળી વાગવાની ઘટના સામે આવી છે. અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ સંકુલમાં તૈનાત PAC જવાનને શંકાસ્પદ સંજોગોમાં ગોળી વાગી હતી. ઈજાગ્રસ્ત સૈનિકને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત ગંભીર જણાતા તેને લખનૌ ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યો છે. અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ સંકુલમાં તૈનાત PAC જવાનને શંકાસ્પદ સંજોગોમાં ગોળી વાગી હતી. કહેવામાં આવી રહ્યું છે કે ૩૨ બટાલિયન પીએસીના કમાન્ડો પોતાના હથિયાર AK-47 સાફ કરી રહ્યા હતા. તે જ સમયે ભૂલથી એક ગોળી નીકળી હતી, જે પીએસી જવાનની છાતીમાંથી નીકળી ગઈ હતી. ઘટનાની માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચેલા અયોધ્યા રેન્જ IG પ્રવીણ કુમારે જણાવ્યું કે, ફાયરિંગ કરાયેલી ગોળી આકસ્મિક રીતે જવાનની છાતીમાંથી પસાર થઈ હતી. જોકે એ સ્પષ્ટ નથી થયું કે ગોળી જવાનના હથિયારમાંથી ચલાવવામાં આવી હતી કે અન્ય કોઈ સાથીદારના હથિયારમાં થી. આ અંગે તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક રીતે મળેલી માહિતી અનુસાર PAC જવાનનું નામ રામ પ્રસાદ (૫૩) છે. તેઓ શ્રી રામ જન્મભૂમિ સંકુલની સુરક્ષામાં તહેનાત હતા. મંગળવારે સાંજે અચાનક તેને ગોળી વાગી હતી. છાતીમાં ગોળી વાગ્યા બાદ તેમના સાથીદારોએ જવાન રામ પ્રસાદને ઉતાવળમાં ડિવિઝનલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, પરંતુ તેમની સ્થિતિ ગંભીર જોઈને ડૉક્ટરોએ રામ પ્રસાદને લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથે લખનૌ ટ્રોમા સેન્ટરમાં રીફર કર્યા હતા. ઈજાગ્રસ્ત કમાન્ડો રામ પ્રસાદ અમેઠીનો રહેવાસી છે, જ્યારે તેનો પરિવાર લખનૌમાં રહે છે. તે ૩૨મી કોર્પ્સ પીએસીમાં પોસ્ટેડ હતા. હાલમાં તેને ગોળી કેવી રીતે વાગી તેની ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી.

# ભાજપ યોજશે મોદી પરિવાર સભા, ૫૦ હજારથી વધુ બુથમાં યોજાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

લોકસભાની ચૂંટણીને લઈ ભાજપમાં એક્શનમાં આવી ગયો છે. મળતી જાણકારી અનુસાર, ગુજરાતમાં ભાજપ ચાર હજારથી વધુ મોદી પરિવાર સભા યોજશે. ૧૦થી ૧૨ બુથ દીઠ એક સભા યોજવાનું આયોજન છે. એટલે કે રાજ્યના ૫૦ હજારથી વધુ બુથમાં મોદી પરિવાર સભા યોજાશે.

આયોજનના પ્રદેશ સંયોજક તરીકે ધવલ દવે અને મનિષ પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. મોદી પરિવાર સભામાં મોદી સરકારની અને ગુજરાત સરકારની સિદ્ધીઓ વર્ણવી જનતા સુધી પહોંચાડાશે. મોદી પરિવાર સભા માટે રાજ્યમાં ક્લસ્ટર સંયોજક નિયુક્ત કરવામાં આવ્યા છે. જામનગર, રાજકોટ, પોરબંદર માટે બ્રિજરાજસિંહ ઝાલા, અમરેલી, જૂનાગઢ, ભાવનગર માટે હાર્દિક ડોડિયા, કચ્છ, બનાસકાંઠા, પાટણ માટે યોગેંદ્રસિંહ ગોહિલને જવાબદારી સોંપવામાં આવી છે. રાજકીય પક્ષોમાં સોશિયલ મીડિયાની અંદર ભારતીય જનતા પાર્ટી સૌથી પાવરફૂલ પક્ષ છે તે વાતમાં કોઈ શંકા નથી. સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ ઉપર ભારતીય જનતા પાર્ટી પોતાનો પ્રચારથી કરી રહ્યો છે. અનેકવિધ પ્રકારના કન્ટેન્ટ ક્રિએટ કરી ભાજપ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી રહ્યો છે.

# કડાણા-વડોદરા બસ વાયા દિવડા કોલોની થઈ સંચાલિત ન થતાં રોષ

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૮ ।

વડોદરા ડેપો દ્વારા વડોદરા-કડાણા બસ ચાલુ કરવામાં આવેલ છે જે કડાણાથી સવારે ૯:૧૦ મિનિટે ઉપડી વડોદરા જાય છે આ બસના રૂટ મુજબ દીવડા કોલોની-સંઘરી-લુણાવાડા-હાલોલ થઈ વડોદરા ૧૩ કલાકે પહોંચવાનું હોય છે પરંતુ પ્રથમ ગ્રાહી મક્ષીકાની જેમ સૌપ્રથમ આવતું સ્ટોપેજ દીવડા કોલોની ઉપર ન લાવતા બારોબાર જ લઈ જવામાં આવે છે આ બાબતે ડેપો મેનેજર તેમજ એસટી સ્ટાફને જણાવવા છતાં ગંભીરતાને ધ્યાનમાં લેવાતી નથી પરિણામે પેસેન્જર ને હાલાકી ભોગવી પડે છે જેથી કોલોની વસાહત ના કર્મચારીઓમાં ઉગ્ર રોષજોવા મળે છે પ્રજાની માંગ છે કે દીવડા કોલોની સ્ટેન્ડ ઉપરથી આવતા અને જતા આ બસ સંચાલિત કરવામાં આવે.

# રેલવે યાત્રી યૂટીએસ એપથી હવે ૫૦ કિમીના અંતર સુધીની જનરલ ટિકિટ બુક કરી શકે છે

## અનરિઝર્વ્ડ ટિકિટ મેળવવા માટે યાત્રીઓને લાઈનમાં ઉભા રહેવાની આવશ્યક્તા નહી

। અમદાવાદ, તા.૨૮ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર યાત્રીઓને અનરિઝર્વ્ડ (જનરલ) ટિકિટ મેળવવા લાઈનમાં ઉભા રહેવાની આવશ્યક્તા નથી. યૂટીએસ એપ મારફતે ૫૦ કિમીના અંતર સુધી હવે યાત્રી પોતે જ પોતાની અનરિઝર્વ્ડ (જનરલ) ટિકિટ બુક કરીને પોતાનો સમય અને પૈસા બંને બચાવી શકે છે. હવે યાત્રીઓ પોતાના મોબાઈલ ફોનમાં યૂટીએસ એપ ડાઉનલોડ કરીને ઘર બેઠાં કોઈપણ સ્ટેશનથી કોઈપણ સ્ટેશન સુધીની અનરિઝર્વ્ડ (જનરલ) ટિકિટ બુક કરી શકે છે. આના મુખ્ય લાભ નીચે જણાવ્યા મુજબ છે -

- ઘર બેઠા અથવા સ્ટેશનથી 50 KMના ક્ષેત્રમાં રહીને પોતે પોતાના મોબાઈલ ફોનમાં ટિકિટ બુક કરી શકે છે.
- યાત્રા, સિઝન તથા પ્લેટફોર્મ ટિકિટની સુવિધા ઉપલબ્ધ.
- ચુકવણી માટે યૂપીઆઈ/ડેબિટ કાર્ડ/ક્રેડિટ કાર્ડ અને આર-વૉલેટ-ની સુવિધા ઉપલબ્ધ છે.
- સ્ટેશને જઈને ટિકિટ બારી પર લાઈનમાં ઉભા રહેવાની ઝંઝટ સમાપ્ત.
- સમય અને પૈસા બંનેની બચત કરો.
- છુટા પૈસાની કોઈ સમસ્યા નહીં.
- પેપરલેસ ટિકિટની સુવિધા ઉપલબ્ધ છે.
- પર્યાવરણ માટે હિતકારી.

# ૩૧મી માર્ચથી ૦૨મી એપ્રિલ દરમિયાન ખોડિયાર-ગાંધીનગર સેક્શનમાં આવેલ રેલવે ક્રોસિંગ નંબર ૧૯ બંધ રહેશે

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ ડિવિઝન પર ખોડિયાર-ગાંધીનગર રેલ્વે સેક્શન વચ્ચે આવેલ રેલ્વે ક્રોસીંગ નં. ૧૯ કિમી (૫૨૭/૩-૪) બીસીએમ મશીન દ્વારા ડીપ સ્ક્રીનીંગ કાર્ય માટે ૩૧ માર્ચ ૨૦૨૪ ના રોજ ૨૦:૦૦ વાગ્યાથી ૦૨ એપ્રિલ ૨૦૨૪ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે.

રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન રેલ્વે ક્રોસિંગ નંબર ૨૦ કિમી (૫૨૭/૧૦-૧૧) અને રેલ્વે અંડર બ્રિજ (RUB) કિમી (૫૨૮/૯-૧૧) નો ઉપયોગ કરી શકે છે.

# ઝાલોદ તાલુકાના વિવાદિત વરોડ ટોલ ટેક્સ બુથ પર એપ્રિલ મહિનાથી ભાવ વધારો

### રોડ લાઇટ માટે કોઈ સુવિધા ન હોવાથી ટોલ ભાવ વધારાની સરકારની નીતિ સામે જોવાતો આક્રોશ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સડક પરિવહન (રાજમાર્ગ મંત્રાલય) દ્વારા દરેક ટોલ રોડ પર ટોલ ટેક્સના ભાવ વધારા એક એપ્રિલ થી કરવામાં આવી રહેલ છે. ઝાલોદ તાલુકાના વરોડ ટોલ ટેક્સ બુથ પર પણ એક એપ્રિલ થી સરકારના નિયમ મુજબ ભાવ વધારો થઈ રહેલ છે. સરકાર દ્વારા ટોલ ટેક્સના ભાવ વધારાના અમલીકરણ માટે તારીખ જાહેર થયેલ છે. પરંતુ વરોડ ટોલ નાકા પર વાહન ચાલકો માટે તૂટેલા અને ભંગાર રોડ તેમજ રાત્રી દરમ્યાન લાઈટ-ની સુવિધા વગરના હોવા છતાંય ટોલ ટેક્સ ચૂકવવો પડે છે. આ રોડ ખૂબ જ દયનીય હાલતમાં છે તેમજ ઊબડખાબડ પણ જોવા મળે છે જેથી આ રોડને લઈ કેટલીય વાર ગંભીર અકસ્માત પણ સર્જાયેલ છે. છેલ્લા કેટલાય વર્ષોથી સારા રોડ અને લાઈટ-ને લઈ માંગણી કરવામાં આવી પણ રોડ બનાવવા અંગે જાડી ચામડીના અધિકારીઓ ચૂપ્પી સેવી રહેલ છે.

હાલમાં આદીવાસી સમાજ તેમજ રાજકીય પાર્ટીઓ દ્વારા આ ટોલ હટાવવા તેમજ જન સુવિધા આપવા માટે માંગણી કરવા જન આંદોલન પણ કરવામાં આવ્યું છતાય જવાબદાર અધિકારીઓ રોડ ન બનાવવાનું મન બનાવી બેઠા હોય તેમ લાગી રહેલ છે. સરકાર દ્વારા રોડ ટેક્સના ભાવ એપ્રિલ મહિનામાં વધારવામાં આવી રહેલ છે. સમય પર ટેક્સ લેવો છે પણ સુવિધા આપવી નથી આવું કેવું સરકારનું અક્કડ વલણ. સુવિધા વગરના આ રોડ પર સરકાર દ્વારા ટોલ ટેક્સ લેવાય એવો છે જ નથી છતાય સરકાર દ્વારા દાદાગીરી પૂર્વક જાહેર જનતાના નાણાં ખંખેરી રહેલ છે. સુવિધા વગર ટોલ ટેક્સ ટોલ રોડ પર વસુલાતા વરોડ ટોલ બુથને અહીંથી નીકળતા લોકો દાદાગીરી વાળો ટોલ ટેક્સ પણ કહે છે. હાલ તો સુવિધા ન ઉપલબ્ધ કરાવાતા આ ટોલ પર એપ્રિલ મહિનાથી થતા ભાવ વધારાથી લોકોમાં નારાજગી જોવાઈ રહેલ છે તેમજ સરકારની સરમુખત્યારશાહી જોવાતી હોય તેવું જોવા મળી રહેલ છે.

# જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ વિસ્તારના માઈગ્રન્ટ મતદારોને ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે વિશેષ સુવિધા

## સ્થળાંતરિત મતદારો ટપાલ મતપત્ર અથવા દિલ્હી, ઉધમપુર અને જમ્મુ ખાતે સ્થાપિત વિશિષ્ટ મતદાન મથક ખાતે રૂબરૂ મતદાન કરી શકશે

। અમદાવાદ, તા.૨૮ ।

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં કોઈપણ મતદાર મતદાનથી વંચિત રહી જાય નહીં તે સુનિશ્ચિત કરવાના હેતુથી ભારતના ચૂંટણી પંચ દ્વારા જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ વિસ્તારના સ્થળાંતરિત મતદારોને ટપાલ મતપત્ર અથવા દિલ્હી, ઉધમપુર અને જમ્મુ ખાતે સ્થાપિત વિશિષ્ટ મતદાન મથક ખાતે રૂબરૂ મતદાન કરી શકશે. આ મતદારોમાં માત્ર એવા મતદારોનો સમાવેશ થશે કે જે ભારતમાં અન્ય કોઈપણ જગ્યાએ વસવાટ કરતા હોય અને તેમને જમ્મુ-કશ્મીરના રિલીફ અને રિહેબિલિટેશન કમિશનર દ્વારા સ્થળાંતરિત હોવા બાબતે પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવ્યું હોય.

આ માટે જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશના લાયકાત ધરાવતા સ્થળાંતરિત મતદારો કે જે બારામુલ્લા, શ્રીનગર, અનંતનાગ અને રજૌરી લોકસભા મતવિસ્તારના મતદારોએ અને ECI અથવા VSP વેબસાઈટ ઉપરથી ફોર્મ-M અથવા ૧૨-C ડાઉનલોડ કરી તે ફોર્મમાં જરૂરી વિગતો ભરી હાલના રહેઠાણના પુરાવા તથા માઈગ્રન્ટ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અથવા રીલીફ અને રિહેબિલિટેશન કમિશનર, જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા જારી કરવામાં આવ્યા હોય એવા અન્ય દસ્તાવેજો સાથે તેમના નજીકના મતદાર નોંધણી અધિકારીની કચેરીમાં રજૂ કરવાના રહેશે.

અરજદારની અરજીના આધારે સંબંધિત મતદાર નોંધણી અધિકારી ERO હીં ઉપર તેમનું રજીસ્ટ્રેશન કરશે. અરજદારે ફોર્મ-M રજૂ કર્યું હશે તો તે દિલ્હી, ઉધમપુર અને જમ્મુ ખાતે સ્થાપિત કરવામાં આવેલ વિશિષ્ટ મતદાન મથક પર જઈ મતદાન કરી શકશે. જો અરજદારે ફોર્મ- ૧૨-C માં અરજી કરી હશે તો તેમને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની સુવિધા મળી શકશે.

# પશ્ચિમ રેલવેએ ત્રણ સ્પેશિયલ ટ્રેનોનું શેડ્યુલ જુન સુધી લંબાવ્યું

। અમદાવાદ, તા.૨૮ ।

યાત્રીઓની માગ અને વેકેશનને ધ્યાને રાખી પશ્ચિમ રેલવે દ્વારા આ ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તારીત કરવામાં આવ્યા છે. પશ્ચિમ રેલવેએ ગાંધીનગર કેપિટલ ભુજ સ્પેશિયલ, ભુજ- ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ, બાન્દ્રા ટર્મિનસ ગાંધીધામ સાપ્તાહિત સ્પેશિયલ તેમજ ગાંધીધામ બાન્દ્રા સાપ્તાહિક સ્પેશિયલ અને બાન્દ્રા ટર્મિનસ ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને વધુ બે મહિના વિસ્તારીત કરી દેવાઈ છે.

હાલ ઉનાળાની ગરમીઓ શરૂ થઈ ગઈ છે અને થોડા દિવસોમાં જ મોટાભાગની શાળાઓમાં વેકેશન પડી જશે. ત્યારે આ વેકેશન દરમિયાન લોકો વધુ મુસાફરી કરતા હોય છે. સગા સંબંધીઓને મળવા માટે કે વતનથી દૂર રહેતા લોકો સંતાનોને વેકેશન પડતા જ વતનની વાટ પકડતા હોય છે. આ દરમિયાન ટ્રેનમાં લોકોને વધુ ભીડનો સામનો ન કરવો પડે તે હેતુથી પશ્ચિમ રેલવે દ્વારા કેટલીક સ્પેશિયલ ટ્રેનની સમય મર્યાદા પુરી થતી હોવાથી તેમને વધુ બે મહિના માટે લંબાવવામાં આવી છે.

તાજેતરમાં ઉતરાયણ અને હોળીના તહેવારને ધ્યાને રાખી કેટલીક સ્પેશિયલ ટ્રેન શરૂ કરાઈ હતી. જેની અવધિ ૩૦ માર્ચ અને ૩૧ માર્ચ સુધીમાં પુરી થતી હતી. જે હવે યાત્રીકોની માગને ધ્યાને રાખી જુન સુધી લંબાવવામાં આવી છે.

**પશ્ચિમ રેલવે દ્વારા ૩ જોડી સ્પે. ટ્રેનોના ફેરા વિસ્તારવામાં આવ્યા**

ટ્રેન નંબર ૦૯૪૫૫ ગાંધીનગર કેપિટલ-ભુજ સ્પેશિયલ જેને પહેલાં ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૩૦ જૂન ૨૦૨૪, સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ જેને પહેલાં ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૩૦ જૂન ૨૦૨૪, સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે લાગણીની દષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. તમારા પ્રેમી કે પ્રેમિકાને ન ગમતા હોય તેવા કપડાં પહેરવાનું ટાળો કેમ કે એનાથી તેમની લાગણી દુભાઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી બીમારી અંગે ચર્ચા કરવાનું ટાળો. બીમારી તરફથી તમારૂં ધ્યાન અન્યત્ર દોરવા તમારી જાતને કોઈક કામમાં પરોવો કેમ કે તમારી બીમારી વિશે તમે જેટલી વધારે વાતો કરશો એટલી જ તે વધુ વકરશે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે. તમારા પ્રિયપાત્રનું. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. તમારૂં મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે, તેના ગુસ્સા પર નારાજ થવા કરતા તેના શબ્દો ને સમજવું વધુ સારું રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાળો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે. તમારે એ સમજવું જોઈએ કે આ માત્ર સમયનો વેડફાટ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.

## ઈલીગલી રહેતા લોકોને શરતોને આધિન મળશે ગ્રીનકાર્ડ?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

અમેરિકાના હાલના પ્રમુખ જો બાઈડન દેશમાં ૧૦ વર્ષથી વધુ સમયથી ઈલીગલી રહેતા હોય તેવા માઈગ્રન્ટ્સને ગ્રીન કાર્ડ આપવાના પ્રોગ્રામનો વિસ્તાર કરે તેવી શક્યતા છે. રિપોર્ટ અનુસાર, આ પ્રોગ્રામનો ફાયદો એવા લોકોને મળશે કે પોતે ઈલીગલ હોય પરંતુ જો તેમને ડિપોર્ટ કરવામાં આવે તો તેનાથી તેમના લીગલ સિટીઝન રિલેટિવને તેની સીધી અસર પડતી હોય. આ શરતનો એક સાદો અર્થ એવો કાઢી શકાય કે અમેરિકામાં રહેતા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટના અમેરિકામાં જન્મેલા બાળકો, સિટીઝનશીપ ધરાવતા પતિ અથવા પત્ની કે પછી બીજા કોઈ બ્લડ રિલેટિવ જો અમેરિકન સિટીઝન હોય તો તેનો અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટને ફાયદો મળી શકે છે. જો બાઈડન હાલના જે પ્રોગ્રામનો વિસ્તાર કરવાનું વિચારી રહ્યા છે તેના હેઠળ દર વર્ષે ચાર હજાર અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટને ગ્રીન કાર્ડ મળી શકે છે. એક્ઝિક્યુટિવ ઓફિસ ફોર ઈમિગ્રેશન રિવ્યૂ પ્રોગ્રામ હેઠળ જેમને ડિપોર્ટ કરવાની કાર્યવાહી થઈ રહી હોય કે પછી ડિપોર્ટેશન ઓર્ડર ઈશ્યૂ થઈ ગયો હોય તેવા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ 'કેન્સલ યોર રિમૂવલ' હેઠળ પોતાને અમેરિકામાં જ રહેવા દેવા અને ગ્રીન કાર્ડ ઈશ્યૂ કરવા અપીલ કરી શકે છે. જોકે, આ સમગ્ર બાબત હજુ વિચારણા હેઠળ છે ને તેનો ક્યારથી અમલ થશે અને અમલ થશે કે કેમ તે હજુ નક્કી નથી. રિપોર્ટ અનુસાર, જસ્ટિસ ડિપાર્ટમેન્ટની એક્ઝિક્યુટિવ ઓફિસ ફોર ઈમિગ્રેશન રિવ્યૂ હેઠળ સપ્ટેમ્બર ૨૦૨૩માં જ આ બાબતે એક દરખાસ્ત કરવામાં આવી હતી જેનો હેતુ હજારો માઈગ્રન્ટ્સને લીગલ પરમેનન્ટ રેસિડન્સી આપવાનો હતો. આ દરખાસ્ત હેઠળ જે માઈગ્રન્ટ ક્વોલિફાય થવા ઈચ્છતા હોય તેમને ૧૦ વર્ષ અમેરિકામાં રહેવા ઉપરાંત તેમની કોઈ ગંભીર ગુનામાં સંડોવણી નથી તેવું પણ પુરવાર કરવું પડશે. જોકે, આ પ્રપોઝલ ડોક્યુમેન્ટમાં એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આ પ્રોગ્રામ હેઠળ ગ્રીન કાર્ડ માટે એપ્લાય કરનારા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટને ઈમિગ્રેશન કોર્ટમાં પોતાનો વારો આવે ત્યાં સુધી રાહ જોવી પડશે, જેમાં વર્ષો પણ લાગી શકે છે. બરાક ઓબામાએ પણ પોતાના શાસનકાળમાં ચાઈલ્ડહૂડ અરાઈવલ પ્રોગ્રામ હેઠળ બાળપણમાં ઈલીગલી અમેરિકા આવેલા લોકોને સિટીઝનશીપ આપવાનો રસ્તો સાફ કર્યો હતો જેનો લાખો લોકોએ ફાયદો લીધો હતો. જો બાઈડન અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારથી જ તેમણે ડોનાલ્ડ ટ્રમ્પની ઈમિગ્રેશન પોલિસીમાં મોટાપાયે ફેરફાર કરવાનું શરૂ કર્યું હતું, જેમાં રિમેઈન ઈન મેક્સિકો પ્રોગ્રામને પડતો મૂકવાનો પણ સમાવેશ થાય છે. જોકે, બાઈડન પોતાના શાસનકાળ દરમિયાન છેલ્લા બે-ત્રણ વર્ષથી મેક્સિકો બોર્ડર પરથી અમેરિકામાં ઉતરી આવેલા માઈગ્રન્ટ્સના ધાડેધાડાને કારણે ભયાનક પોલિટિકલ પ્રેશર હેઠળ છે.

### માર્ચમાં જ મે જેવી ગરમી : હીટ વેવનું એલર્ટ જારી

# દેશના ઘણા રાજ્યોમાં માર્ચ મહિનામાં જ તીવ્ર ગરમીનું મોજું જોવા મળી રહ્યું છે

### માર્ચમાં આકરી ગરમીને ધ્યાનમાં રાખીને જૂન સુધીમાં દેશના ઘણા રાજ્યોમાં આકરી ગરમી પડી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દેશના ઘણા રાજ્યોમાં માર્ચ મહિનામાં જ તીવ્ર ગરમીનું મોજું જોવા મળી રહ્યું છે. માર્ચમાં આકરી ગરમીને ધ્યાનમાં રાખીને જૂન સુધીમાં દેશના ઘણા રાજ્યોમાં આકરી ગરમી પડી શકે છે. ભારતના હવામાન વિભાગના તાજેતરના અપડેટમાં, કર્ણાટક, ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે. ભારતીય હવામાન વિભાગએ આગામી બે-ત્રણ દિવસમાં કેટલાક રાજ્યોમાં તાપમાન સરેરાશ કરતા વધુ રહેવાની આગાહી કરી છે. આઈએમડીના વરિષ્ઠ વૈજ્ઞાનિક આરકે જેનામાનીએ કહ્યું કે, એક વિરોધી ચક્રવાત છે જેના કારણે મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં આગામી ૨-૩ દિવસ સુધી તાપમાન ૪૦-૪૧ ડિગ્રી સેલ્સિયસ રહેશે. હવામાનશાસ્ત્રીએ કોંકણ અને ગોવા પ્રદેશોમાં ગરમ અને ભેજવાળી સ્થિતિની આગાહી કરી છે. તેમણે એમ પણ કહ્યું છે કે આગામી બે દિવસ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ મહારાષ્ટ્રના આંતરિક ભાગોમાં ગરમીનું મોજું યથાવત રહેશે. સ્કાયમેટના અપડેટ મુજબ બુધવારે ગુજરાતના ભુજમાં પારો ૪૧.૬ ડિગ્રી અને રાજકોટમાં ૪૧.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો.

#### મહારાષ્ટ્રના અકોલામાં તાપમાન ૪૧.૫ ડિગ્રી સેલ્સિયસ અને વાશિમમાં ૪૧.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું





**૨૭ થી ૨૯ માર્ચ સુધી ઉત્તરીય આંતરિક કર્ણાટકના અલગ-અલગ ભાગોમાં, ૨૭ અને ૨૮ માર્ચે ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છ અને ૨૭ માર્ચે દક્ષિણ પશ્ચિમ રાજસ્થાનમાં હીટ વેવની સ્થિતિ અત્યંત સંભવિત છે. આ ઉપરાંત, ૨૭ થી ૨૯ માર્ચ દરમિયાન ગુજરાત, મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રના અલગ-અલગ વિસ્તારોમાં ગરમ રાતની અપેક્ષા છે, જેમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા વધારે રહેશે. જ્યારે કેન્દ્રમાં મહત્તમ તાપમાન મેદાનોમાં ઓછામાં ઓછું ૪૦ ડિગ્રી સેલ્સિયસ, દરિયાકાંઠાના વિસ્તારોમાં ૩૭ ડિગ્રી સેલ્સિયસ અને પહાડી વિસ્તારોમાં ૩૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે છે, જે સામાન્ય કરતાં ઓછામાં ઓછા સાડા ચાર ડિગ્રી વધારે હોય ત્યારે હીટ વેવ થાય છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, અલ નીનોને કારણે, આ વર્ષે ઉનાળાની મોસમ સામાન્ય કરતાં વધુ ગરમ રહેવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગએ પૂર્વોત્તર દ્વીપકલ્પના ભારતમાં સામાન્ય દિવસો કરતાં વધુ ગરમ રહેવાની આગાહી કરી છે. ભારતીય હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું છે કે અલ નીનોની અસર ઉનાળાની ઋતુ પર ચાલુ રહેશે. અલ નીનો એ મધ્ય પેસિફિક મહાસાગરમાં પાણીના ગરમ થવાને કારણે આબોહવાની ઘટના છે. અલ નીનોની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળી રહી છે અને તેનાથી ભારતમાં ગરમી વધી શકે છે.**

### લોકસભા ચૂંટણી પહેલા સરકારની ભેટ

## મનરેગાના વેતનમાં બમ્પર વધારો, જાહેરનામું બહાર પાડ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કેન્દ્ર સરકારે 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના' (મનરેગા) હેઠળ કામ કરતા મજૂરોને મોટી ભેટ આપી છે. સરકારે મનરેગાના વેતન દરમાં ૩ થી ૧૦ ટકાનો વધારો કર્યો છે. ગુરુવારે (૨૮ માર્ચ) આ સંબંધમાં એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. લોકસભા ચૂંટણી પહેલા વેતન દરમાં વધારો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે છે. મનરેગા કામદારો માટે નવા વેતન દરો ૧ એપ્રિલ, ૨૦૨૪થી લાગુ થશે. મનરેગાના વેતનમાં વધારો ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલા વધારા જેવો જ છે. નોટિફિકેશન અનુસાર, ૨૦૨૩-૨૪ની સરખામણીમાં ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૨૦૨૪-૨૫ માટે વેતન દરમાં ઓછામાં ઓછો ૩ ટકાનો વધારો થયો છે. તે જ સમયે, ગોવામાં વેતનમાં સૌથી વધુ વધારો કરવામાં આવ્યો છે. અહીં મનરેગાના વેતન દરમાં ૧૦.૬ ટકાનો વધારો થયો છે. સરકારે એવા સમયે દરોમાં વધારો કર્યો છે જ્યારે પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાંથી ભંડોળ રોકવાને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. બિઝનેસ સ્ટાન્ડર્ડે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે ગ્રામીણ વિકાસ મંત્રાલયે શ્રમ દરોને સૂચિત કરતા પહેલા ચૂંટણી પંચ પાસેથી પરવાનગી માંગી હતી. તેનું કારણ એ છે કે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને હાલમાં સમગ્ર દેશમાં આદર્શ આચારસંહિતા લાગુ છે. કમિશન તરફથી લીલી ઝંડી મળતા જ મંત્રાલયે તુરંત જ વધેલા વેતન અંગે સૂચના જારી કરી હતી. તમને જણાવી દઈએ કે વેતન દરોમાં ફેરફાર એ નિયમિત પ્રક્રિયા છે. આ વર્ષે સંસદમાં રજૂ કરાયેલા અહેવાલમાં ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ પરની સંસદીય સ્થાયી સમિતિએ રાજ્યોમાં મનરેગાના વેતન દરોમાં તફાવત વિશે માહિતી આપી હતી. સમિતિએ કહ્યું કે હવે જે વેતન આપવામાં આવી રહ્યું છે તે પૂરતું નથી. જો આપણે વર્તમાન જીવન ખર્ચ પર નજર કરીએ તો, વેતન દર પૂરતો નથી. સંસદીય સ્થાયી સમિતિએ લઘુત્તમ વેતન અંગે કેન્દ્ર સરકારની સમિતિ 'અનુપ સત્પથી સમિતિ'ના અહેવાલને પણ ટાંક્યો હતો.

## સરકાર બફર સ્ટોક દ્વારા ખેડૂતો પાસેથી ૫ લાખ ટન ડુંગળી ખરીદશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને ટૂંક સમયમાં રાહત મળી શકે છે. સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આગળનો આદેશ ન મળે ત્યાં સુધી બીજા શબ્દોમાં કહીએ તો અનિશ્ચિત સમય માટે લંબાવ્યો છે. બીજી તરફ ડુંગળીના ભાવને નિયંત્રિત કરવા માટે, સરકાર બફર સ્ટોક દ્વારા ખેડૂતો પાસેથી લાખો ટન ડુંગળી ખરીદવા જઈ રહી છે. આ સાથે સામાન્ય જનતાને આશા છે કે ડુંગળીના ભાવ નિયંત્રણમાં આવશે અને તે સસ્તી થશે. તમને જણાવી દઈએ કે, સરકાર બફર સ્ટોક દ્વારા ખેડૂતો પાસેથી ૫ લાખ ટન ડુંગળી ખરીદશે. સરકારે નાફેડ અને એનસીસીએફને રવિ સિઝન માટે ડુંગળીની ખરીદી શરૂ કરવા સૂચના આપી છે. મીડિયા રિપોર્ટ્સ અને કન્ઝ્યુમર અફેર્સ સેક્રેટરી અનુસાર, આ ખરીદી એક-બે દિવસમાં ઔપચારિક રીતે શરૂ થશે. ડુંગળીની વધતી કિંમતોને અંકુશમાં લેવા માટે સરકારે ગયા વર્ષે ડિસેમ્બરમાં ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો.

### અમેરિકાના બાલ્ટિમોરમાં બ્રિજ તૂટી પડ્યા બાદ

## ગુમ થયેલા છ લોકોની લાશ પણ ના શોધી શકાઈ

### મંગળવારે પોર્ટ ઓફ બાલ્ટિમોરથી ઉપડેલું માલવાહક જહાજ ડાલી પોર્ટ પરથી નીકળ્યાના માત્ર પોણો કલાકમાં જ બ્રિજ સાથે અથડાઈ ગયું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

અમેરિકાના બાલ્ટિમોરમાં મંગળવારે રાત્રે ૧.૨૭ કલાકે મહાકાય કાર્ગો શિપ અથડાતાં પાતાપ્સ્કો નદી પરનો ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ તૂટી પડવાના મામલામાં એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. આ અકસ્માત થયો ત્યારે અત્યંત વ્યસ્ત રહેતા બ્રિજ પરના રસ્તાનું સમારકામ કરવા માટે આઠ લોકો ફરજ પર હતા, જે તમામ બ્રિજ તૂટી પડતાં જ પાતાપ્સ્કો નદીના થીજવી દે તેવા ઠંડા પાણીમાં ડૂબી ગયા હતા. ગઈકાલે રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન બે લોકોને બચાવવામાં આવ્યા હતા, જેમાંથી એકની હાલત ખૂબ જ ગંભીર હતી. જોકે, આ ઘટનાને ૨૪ કલાકથી પણ વધુનો સમય વિતિ ગયા બાદ નદીમાં પડેલા લોકોના જીવતા રહેવાની કોઈ શક્યતા ના રહી હોવાથી તેમને શોધવાની કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ તૂટી પડ્યો ત્યારે અહીંનું તાપમાન માઈનસ બે ડિગ્રી હતું, આવી કાતિલ ઠંડીમાં કોઈ વ્યક્તિ જો ૨૪ કલાક જેટલો સમય નદીના પાણીમાં રહે તો તેનું બચવું અશક્ય છે તેમ જણાવતા કોસ્ટ ગાર્ડ્સે ગુમ થયેલા છ લોકોને શોધવાની કામગીરી બંધ કરી હતી. આ દુર્ઘટનામાં માર્યા ગયેલા તમામ મજૂરો માઈગ્રન્ટ્સ હોવાનું બહાર આવ્યું છે જે એલ સાલ્વાડોર, ગ્વાટેમાલા, હોન્ડુરાસ અને મેક્સિકોના વતની હતા. ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં કન્સ્ટ્રક્શનના કામમાં માઈગ્રન્ટ કામદારો મોટાપાયે રોકાયેલા છે. જે બ્રિજ સાથે શિપ અથડાયું હતું તેને ૧૯૭૭માં ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો, અને ૨૦૨૩માં તેના પરથી ૧૨.૪ મિલિયન વાહનો પસાર થયા હતા. આ અકસ્માત બાદ બ્રિજની ડિઝાઈન પર પણ સવાલો ઉઠાવાઈ રહ્યા છે, એક્સપર્ટ્સનું એવું કહેવું છે કે જો બ્રિજના સપોર્ટને યોગ્ય રીતે કવર કરવામાં આવ્યા હોત તો કદાચ તેને તૂટી પડતો બચાવી શકાયો હોત. બ્રિજ જેના ટેકા પર ઉભો હોય તેને ટેકનિકલ ભાષામાં પાયલન તરીકે ઓળખવામાં આવે છે, જેને પ્રોટેક્ટ કરવા માટે જે બ્લોકિંગ ડિવાઈસનો ઉપયોગ થાય છે તેને ફેન્ડર કહેવાય છે. મંગળવારે પોર્ટ ઓફ બાલ્ટિમોરથી ઉપડેલું માલવાહક જહાજ 'ડાલી' પોર્ટ પરથી નીકળ્યાના માત્ર પોણો કલાકમાં જ બ્રિજ સાથે અથડાઈ ગયું હતું. ૯૫૮ ફુટ લાંબુ આ કાર્ગો જહાજ શ્રીલંકા તરફ જઈ રહ્યું હતું, તેમાં ૪,૭૦૦ કન્ટેઈનર્સ લોડ કરવામાં આવ્યા હતા અને તેના ચાલકદળના તમામ ૨૨ સભ્યો ભારતીયો હતા. શિપની માલિકી ધરાવતી કંપનીનો દાવો છે કે તેની કેપેસિટી કરતાં ત્રીજા ભાગના જ કન્ટેનર તેમાં લોડ કરાયા હતા, તેમજ આ જહાજનું ૨૦૧૫થી અત્યારસુધી ૨૭ વાર ઈન્સપેક્શન પણ થઈ ચૂક્યું છે.

## મોટા માલવાહક જહાજોમાં ૧ લાખ હોર્સ પાવર સુધીના એન્જિન હોય છે

### સરળ શબ્દોમાં કહીએ તો, એક નાનું કાર્ગો શિપ એક દિવસમાં ૧,૦૦૦ કારમાં વાપરી શકાય તેટલું તેલ વાપરે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કાર્ગો જહાજો વિશ્વની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે. અનાજ અને તેલ જેવી વસ્તુઓ એક દેશમાંથી બીજા દેશમાં લઈ જવામાં આવે છે. શું તમે ક્યારેય વિચાર્યું છે કે હજારો કિલોમીટરની મુસાફરી કરતા માલવાહક જહાજો દ્વારા કેટલું ઈંધણ વપરાય છે? માઈલેજ શું છે? કાર્ગો જહાજ એક કિલોમીટરનું અંતર કાપવા માટે કેટલું ઈંધણ વાપરે છે? મોટા માલવાહક જહાજોમાં ૧ લાખ હોર્સ પાવર સુધીના એન્જિન હોય છે. કાર્ગો જહાજની માઈલેજ અથવા ઈંધણનો વપરાશ તે જહાજના કદ અને વજન પર આધારિત છે. જહાજ જેટલું મોટું અને ભારે હશે, તેને ચલાવવા માટે વધુ ઊર્જાની જરૂર પડશે.

સરળ શબ્દોમાં કહીએ તો, નાના માલવાહક જહાજો ઓછું ઈંધણ વાપરે છે અને વધુ માઈલેજ આપે છે, જ્યારે મોટા જહાજો વધુ ઈંધણ વાપરે છે અને ઓછું માઈલેજ આપે છે. મોટાભાગના માલવાહક જહાજો મુખ્યત્વે ડીઝલ એન્જિન પર ચાલે છે અને ઘણું બળતણ વાપરે છે. નાના અથવા મધ્યમ કદના કાર્ગો જહાજ દરરોજ ૨૦થી ૭૦ મેટ્રિક ટન (૨૦,૦૦૦–૭૦,૦૦૦ લિટર) ઈંધણ વાપરે છે. જ્યારે મોટા કદનું કાર્ગો જહાજ ૩૫૦-૪૦૦ મેટ્રિક ટન (૩૫૦૦૦૦ લિટર) ઈંધણનો વપરાશ કરી શકે છે. સરળ શબ્દોમાં કહીએ તો, એક નાનું કાર્ગો શિપ એક દિવસમાં ૧,૦૦૦ કારમાં વાપરી શકાય તેટલું તેલ વાપરે છે. એ જ રીતે, એક મોટું માલવાહક જહાજ એટલું ઈંધણ વાપરે છે કે તે ૧૦,૦૦૦ કાર (૩૫ લિટરની ક્ષમતા)ની ટાંકી ભરી શકે છે. કાર્ગો જહાજોને એક કિલોમીટરનું અંતર કાપવા માટે ૨૦૦થી ૨૫૦ લિટર ઈંધણની જરૂર પડી શકે છે. બળતણનો વપરાશ બચાવવા માટે કેટલાક આધુનિક કાર્ગો જહાજો તેમની મુસાફરી દરમિયાન પવન ઉર્જાનો પણ ઉપયોગ કરે છે. પરંપરાગત સેઈલ અથવા માસ્ટને બદલે આવા જહાજો વિશાળ પતંગનો ઉપયોગ કરે છે, જે વહાણને આગળ વધારવામાં મદદ કરે છે.

**વિશેષ**

### ફર્સ્ટ ટાઇમ વોટર બનનારા નિરમા યુનિ.ના યુવાનોએ લીધા અચૂક મતદાનના શપથ

# અમદાવાદમાં 'નિરમા યુનિવર્સિટી' ખાતે 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા

### જિલ્લા ચૂંટણી તંત્રના સહયોગથી યુવા મતદારો માટે નવા મતદાન કાર્ડ બનાવવા માટે કેમ્પનું કરાયું આયોજન

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુનિવર્સિટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ પ્રકારના કાર્યક્રમો થકી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આ અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરની નિરમા યુનિવર્સિટી ખાતે જિલ્લા ચૂંટણી તંત્ર અને NSS યુનિટના સંયુક્ત ઉપક્રમે 'મતદાન જાગૃતિ' અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં યુવાનોમાં મતદાન પર્વના મહત્ત્વ અને મતદાન અંગે જાગૃતિ લાવવા કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે ખાસ અમદાવાદ ચૂંટણી તંત્રના સહયોગથી NSS યુનિટ દ્વારા નવા મતદારો માટે મતદાન કાર્ડ બનાવવા માટે એક કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૦૦થી પણ વધુ યુવાનોએ મતદાન કાર્ડ બનાવવા કેમ્પનો લાભ લીધો હતો. આ ઉપરાંત યુવાનો દ્વારા સિગ્નેચર કેમ્પેઈન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ફર્સ્ટ ટાઈમ વોટર બનનારા સૌ યુવાનોએ દેશહિતમાં અચૂક મતદાનના શપથ લીધા હતા.

આ ઉપરાંત ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. વધુમાં યુવાનોને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ તમામ વ્યવસ્થાઓ, હેલ્પલાઈન નંબર, સક્ષમ એપ્લિકેશન વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આગામી દિવસોમાં વધુમાં વધુ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોમાં 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમોનું આયોજન કરી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવશે, એવું સ્વીપ એક્ટિવિટીના નોડલ અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ લોકો મતદાન કરે તે દિશામાં અમદાવાદ ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે.











ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત



ન્યૂઝ બ્રિફ

## TRP મોલના થિયેટર, પીજી ગર્લ્સ હોસ્ટલ, ગેમ્સ ઝોન સીલ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદના TRP મોલમાં અગાઉ લાગેલી આગ મામલે તપાસ અને કાર્યવાહીનો ધમધમાટ ચાલી રહ્યો છે. અત્રે જણાવીએ કે, AMCએ મોલમાં થિયેટર, હોસ્ટેલને સીલ કર્યુ છે. પીજી ગર્લ્સ હોસ્ટલ,ગેમ્સ ઝોનને પણ સીલ કર્યું છે. મંજૂરીના વિરુદ્ધમાં ઉપયોગ કરાતા AMCએ કાર્યવાહી દોર ચલાવ્યું છે. TRP મોલમાં આગ લાગવાના મામલે AMC તંત્ર હરકતમાં આવ્યું છે. જે રીતે પરવાનગી લેવામાં આવી હતી તેના વિરુદ્ધમાં ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું તપાસમાં સામે આવતા થિયેટર, પીજી ગર્લ્સ હોસ્ટેલ અને ગેમ્સ ઝોનને સીલ મારવામાં આવ્યુ છે. અમદાવાદના બોપલ વિસ્તારમાં આવેલાં TRP મોલમાં શનિવારે રાતે ભીષણ આગ લાગી હતી. TRP શોપિંગ મોલમાં ચોથા માળે બોપલ લક્ઝુરિયસ ગર્લ્સ PG આવેલું હતું. શોપિંગ મોલ હોવા છતાં પણ ત્યાં રેસિડેન્શિયલ PG શરૂ કરી દેવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા PG સંચાલકને નોટિસ ફટકારવામાં આવી હતી.

## ભાવ ન મળતા ખેડૂતોએ રસ્તા પર ટામેટા ફેંકી કર્યો વિરોધ

। (એજન્સી) વલસાડ, તા.૨૮ ।

વલસાડમાં ટામેટાના પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો છે. દૂર દૂરથી ખેડૂતો નાનાપોંઢાના માર્કેટયાર્ડમાં ટામેટાનું વેચાણ કરવા આવતા હોય છે. પરંતુ પુરતો ભાવ ન મળતા રસ્તા પર ટામેટા ફેંકી ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો હતો. વલસાડ જિલ્લાની નાનાપોંઢા બજારમાં ખેડૂતોએ ટામેટા ફેંક્યા હતા. જો કે ખેડૂતોને ટામેટાનો યોગ્ય ભાવ ન મળતા ખેડૂતોમાં આક્રોશ જોવા મળ્યો છે. આજે વહેલી સવારથી ખેડૂતો નાનાપોંઢાના APMCમાં ખેડૂતોએ વિરોદ્ધ નોંધાવ્યો છે. ધરતીપુત્રને ટામેટાનો ખર્ચ પણ નીકળતો ન હોવાથી ખેડૂતોમાં નારાજગી સાથે આક્રોષ પણ જોવા મળી રહ્યો છે. તેમજ માર્કેટયાર્ડનો સમય બદલાતા ખેડૂતોને હાલાકીનો સામનો કરવો પડે છે.



એલિસબ્રિજ વિધાનસભા મતવિસ્તારમાં પોલિંગ એજન્ટને ઈલેક્શનનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

### ૨૦થી વધુ જગ્યા ઉપર ઇન્કટેક્સ વિભાગે કાર્યવાહી કરી

## અમદાવાદમાં આયકર વિભાગ ના દરોડા બીજા દિવસે પણ યથાવત

### ઇન્કટેક્સ વિભાગે ૨૦થી વધુ બેન્કએકાઉન્ટ સીઝ કર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદમાં આયકર વિભાગ ના દરોડા બીજા દિવસે પણ યથાવત છે. ગોપાલ ડેરી અને આશ્રમ રોડ પરની રિવર વ્યૂ હોટલ પર તપાસ ચાલી રહી છે. ૨૦થી વધુ જગ્યા ઉપર ઈક્મટેક્સ વિભાગે કાર્યવાહી કરી છે. જેમાં ૭૫થી વધુ અધિકારીઓ તપાસમાં જોડાયા છે. દરોડામાં કરોડો રૂપિયાના બિન હિસાબી વ્યવહારો પકડાયા છે. ગોપાલ ડેરીના બિન હિસાબી વ્યવહારો તપાસવા ટેકનીશિયનો અને નિષ્ણાંતોની મદદ લેવાઈ છે. આ સાથે જ ઈન્કમટેક્સ વિભાગે ૨૦થી વધુ બેન્ક એકાઉન્ટ સીઝ કર્યા છે. અમદાવાદમાં સતત બીજા દિવસે IT વિભાગનું સર્ચ ચાલી રહ્યુ છે. ગોપાલ ડેરી અને આશ્રમ રોડ પરની રિવર વ્યૂ હોટલમાં તપાસમાં કરોડોના બિનહિસાબી વ્યવહાર મળ્યા હોવાનું બહાર આવી રહ્યુ છે. IT વિભાગના ૭૫થી વધુ અધિકારીની ટીમ દ્વારા ૨૦થી વધુ સ્થળે સર્ચ ઓપરેશન ચાલી રહ્યુ છે. પ્રાથમિક માહિતી મુજબ તપાસમાં કરોડો રૂપિયાના બિનહિસાબી વ્યવહાર મળી આવ્યા છે. ગોપાલ ડેરીના વ્યવહાર તપાસવા ટેક્નિશિયન, નિષ્ણાતોની મદદ લેવાઈ છે જ્યારે IT વિભાગે ૨૦થી વધુ બેંક એકાઉન્ટ સિઝ કર્યા છે. લોકસભા ચૂંટણી પહેલા જ ગુજરાતમાં આઈટી વિભાગે મોટી કાર્યવાહી કરી છે. અમદાવાદમાં બિન હિસાબી વ્યવહારો પકડાયા છે. શહેરના હોટલ અને ડેરીના વ્યવસાય સાથે સંકળાયેલા ગ્રૂપ પર આવકવેરા વિભાગે દરોડા પાડ્યા છે. નોધનીય છે કે અગાઉ આવકવેરા વિભાગ દ્વારા બિલ્ડર લોબી અને જ્વેલર્સને ગ્રૂપ પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. ગુજરાતમાં એક તરફ લોકસભા ૨૦૨૪ની ચૂંટણીનો માહોલ છે ત્યારે આવકવેરા વિભાગ શહેરમાં એક્શન મોડમાં આવ્યું છે. અમદાવાદ આવકવેરા વિભાગની ટીમ દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા છે. ગોપાલ ડેરી અને આશ્રમ રોડ પરની રિવર વ્યૂ હોટલ પર દરોડા પાડવામાં આવ્યા છે.

### આચાર સંહિતાના પાલન માટેનું આયોજન કરાયું

## અમદાવાદ કલેક્ટર ઓફિસ ખાતે શરૂ કરાયો કંટ્રોલ રૂમ

### આચાર સંહિતાને લઈને શરૂ કરવામાં આવેલા civigil પોર્ટ પર ૧૩ દિવસમાં ૫૨ જેટલી આચારસંહિતા ભંગની ફરિયાદ મળી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

મતદાર કાર્ડ માટે શરૂ કરાયેલા ૧૯૫૦ હેલ્પ લાઈન પર ૧૩ દિવસમાં ૧૫૦૦થી વધુ કોલ નોંધાયા છે, સાથે જ આચાર સંહિતાને લઈને શરૂ કરવામાં આવેલા civigil પોર્ટ પર ૧૩ દિવસમાં ૫૨ જેટલી આચારસંહિતા ભંગની ફરિયાદ મળીલોકસભા ૨૦૨૪ની ચૂંટણીની જાહેરાત થતાની સાથે આદર્શ આચાર સંહિતા લાગુ થઈ ચૂકી છે. જે આચાર સંહિતાનું પાલન થાય તે માટે અમદાવાદ કલેક્ટર ઓફિસ ખાતે કંટ્રોલરૂમ શરૂ કરાયો છે. કે જ્યાં cvigil પોર્ટલ મારફતે ઓનલાઈન ફરિયાદોનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.




સાથો સાથ મતદારો માટે ચૂંટણી કાર્ડમાં સુધારો કરવો કે મતદાન યાદીમાં નામ છે કે નહીં તે જાણવા માટેની હેલ્પલાઈન પણ શરૂ કરાયો છે. મતદાર કાર્ડ માટે શરૂ કરાયેલા ૧૯૫૦ હેલ્પ લાઈન પર ૧૩ દિવસમાં ૧૫૦૦થી વધુ કોલ નોંધાયા છે. સાથે જ આચાર સંહિતાને લઈને શરૂ કરવામાં આવેલ civigil પોર્ટલ પર ૧૩ દિવસમાં ૫૨ જેટલી આચારસંહિતા ભંગની ફરિયાદ મળી છે. સાબરમતી, મણિનગર અને અસારવાથી ઓનલાઈન પોર્ટલ પર ૩ ફરિયાદ મળી છે. જે ફરિયાદમાં ફ્લાઈંગ સ્ક્વોર્ડ મોકલીને ત્વરિત કાર્યવાહી પણ કરાઈ છે. જેમાં સૌથી વધારે પોસ્ટર અને બેનરોની ફરિયાદ મળી છે. જે જે જગ્યાએથી ફરિયાદ મળી છે ત્યાં ચૂંટણી વિભાગની ટીમે કામગીરી હાથ ધરી છે.

### ભારત અને બાંગ્લાદેશના બે પાસપોર્ટ સાથે પકડાયો

## ગેરકાયદે ભારતમાં ઘુસી પાસપોર્ટ બનાવી રહેતો બાંગ્લાદેશી ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

આ કેસની વિગત મુજબ પોલીસને માહિતી મલી હતી કે મોહંમદ લાબુ સરદાર નામનો શખ્સ ચંડોળા તળાવના છાપરા ખાતે ગેરકાયદે રહે છે અને બાંગ્લાદેશી પાસપોર્ટ ધરાવે છે. તે સિવાય તેણે ખોટા દસ્તાવેજોને આધારે ભારતીય પાસપોર્ટ મેળવેલો છે. ઉપરાંત તે ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકોને અહીં લાવે છે. જેને આધારે પોલીસે પાસપોર્ટ ઓફિસ, બેક્રો તથા સીમકાર્ડ કંપનીઓમાંથી આ અંગેની માહિતી મેળવી હતી. જેમાં પાસપોર્ટ ઓફિસમાંથી ભારતીય પાસપોર્ટની નકલ, ચૂંટણી કાર્ડ, જન્મતારીખના દાખલાની નકલ તેમજ બેક્રોના એકાઉન્ટ સ્ટેટમેન્ટ અને સીમકાર્ડ કંપનીમાંથી આધારકાર્ડની ઝેરોક્ષ મેળવી હતી. જેની ખરાઈ કકર્યા બાદ આરોપીની શોધ હાથ ધરી હતી. તપાસને અંતે ક્રાઈમ બ્રાંચે આ કેસમાં મુળ બાંગ્લાદેશના નોડાઈલ જીલ્લાના પાચુડીયાના રહેવાસી તથા અમદાવાદમાં ચંડોળા તળાવના છાપરા આયશા બીબીની ચાલી સામે રહેતા મોહંમદ લાભુ મોહંમદખલીલ સરદાર (૪૨)ની ધરપકડ કરી હતી. વધુ તપાસમાં આરોપી ૨૦૦૧થી ભારતમાં ગેરકાયદે રહેતો હોવાનું બહાર આવ્યું હતું. અંદાજે ૧૨ વર્ષ અગાઉ કુબેરનગરના સંતોષીનગર ખાતે રહેતા રમેશભાઈ નામના શખ્સ મારફતે સરદારનગરના સરનામા વાળુ ચૂંટણી કાર્ડ બનાવડાવ્યું હતું. જેને આધારે તેણે આધાર કાર્ડ બનાવડાવ્યું હતું. ૨૦૧૫ માં ગુલબાઈ ટેકરા પાસપોર્ટ ઓફિસમાં અરજી કરીને પાસપોર્ટ મેળવ્યો હતો. ત્યારબાદ તેણે પોતાના ઓળખીતા રોબીયલભાઈ મલેશિયા ખાતે રહેતા હોવાથી તેમને કામ માટે મલેશિયા જવું છે એમ જણાવ્યું હતું.બાદમાં તેના સાળા રફીકઉલ્લા મારફતે એજન્ય હોમાયતજે કોલકાતામાં રહે છે તેને અમદાવાદ મોકલ્યો હતો.બાદમાં તેણે તેને પોતાના ભારતના અસલી ડોક્યુમેન્ટ્સ (આધાર કાર્ડ, પાસપોર્ટ, ચૂંટણી કાર્ડ) તથા રોકડા રૂ. ૩૦,૦૦૦ આપ્યા હતા. જોકે બાદમાં તેના મલેશિયાના વિઝા આવ્યા ન હતા. આ અંગે તેણે એજન્ટને પુછતા તેણે કહ્યું કે જે એજન્ટને કામ સોંપ્યું હતું તેનું અકસ્માતમાં મોત થયું છે. જેને કારમે દસ્તાવેજો કે નાણાં પરત આવ્યા નથી. તેનો ભારત દેશનો અસલ પાસપોર્ટ, આધાર કાર્ડ અને ચૂંટમી કાર્ડ કોલકાતાના એજન્ટ પાસેછે.તેમજપોતાનોબાંગ્લાદેશનોઅસલપાસપોર્ટ,આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડ કોલકાતાના જ એજન્ટ પાસે છે. તેમજ પોતાનો બાંગ્લાદેશનો અસલ પાસપોર્ટ બાંગ્લાદેશ ખાતે તેના વતનમાં મુકી રાખ્યો હોવાનું જણાવ્યું હતું. તેના ઘરમાંથી બે પાસપોર્ટ તથા આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ વગેરે કબજે કરવામાં આવ્યા હતા.

### એક નાટ્યગૃહ પાસેથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

## સુરતના નાનપુરામાં રૂપિયા ૪૦૦ માટે મિત્ર એ જ નિર્દયીપણે મિત્રની હત્યા કરી

### પોસ્ટમોર્ટમના રિપોર્ટમાં સામે આવ્યું કે યુવાનને બેરહેમી રીતે મરાયો છે : યુવાનને માથામાં ઈજા થવાથી મોત થયું

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરતના નાનપુરામાં માત્ર ૪૦૦ રૂપિયા માટે એક મિત્રએ જ મિત્રની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. ૪૦૦ રૂપિયા માટે કરવામાં આવેલ હત્યા સીસીટીવીમાં કેદ થઈ છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની અટકાયત કરી છે.

ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ ગઈ કાલે ૧૨ માર્ચના રોજ નાનપુરાના મક્કાઈપુલ વિસ્તારમાં આવેલ એક નાટ્યગૃહ પાસેથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો. યુવાન લોહીલુહાણ હાલતમાં જોવા મળતા તેની હત્યા થઈ હોવાની આશંકા હતી. યુવાનનો મૃતદેહ મળતા પોલીસ ઘટના સ્થળ પર પંહોચી સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી. અઠવાલાઈન્સ પોલીસે યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો. પોસ્ટમોર્ટમના રિપોર્ટમાં સામે આવ્યું કે યુવાનને બેરહેમી રીતે માર મારવામાં આવ્યો છે. યુવાનને માથામાં ઈજા થવાથી તેનું મોત થયુ છે.

હત્યાની થિયરી પર પોલીસે કામગીરી કરતાં તપાસ હાથ ધરી. પોલીસે યુવાનની હત્યા થઈ હતી તે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચેક કરતા મોટો ઘટસ્ફોટ થયો. સીસીટીવી ફૂટેજમાં પોલીસે જોયું કે ૧૧ માર્ચની સાંજે ૬.૩૬ કલાકે મૃતક યુવક ફૂટપાથ પર બેઠો હોય છે ત્યારે અન્ય એક યુવાન આવી તેની સાથે ઝઘડો કરવા લાગે છે. યુવાન સાથે આ વ્યક્તિ પહેલા માથાકૂટ કરે છે અને પછી તેને ગડદાપાટુનો માર મારે છે. અને આ જ સીસીટીવીમાં ફૂટેજના આધારે પોલીસે યુવાનની હત્યાના આરોપ માં તેના મિત્રને અટકાયતમાં લીધો છે.

પોલીસ પૂછપરછમાં આરોપીએ મિત્રની હત્યા કરી હોવાની કબૂલાત કરી. આરોપીએ કહ્યુ કે બંને ઓડિશાના રહેવાસી છે. આરોપીનું નામ રામકિશોર છે જેણે ૪૦૦ રૂપિયાની લેતીદેતી મામલે પોતાના જ મિત્ર ભુરીયાની હત્યા કરી. પોલીસે ફૂટપાથ પર રહેતા લોકોના નિવેદનનો અને સીસીટીવી ફૂટેજના આધારે રામકિશોર પ્રધાનની તેના મિત્રની હત્યા કરવા મામલે અટકાયતમાં લેતા હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી.

### વધુએક હાર્ટએટેકનો કીસ્સો સામે આવ્યો

## વડોદરાના પાણીગેટ વિસ્તારમાં ચા પીતા એક યુવકને હાર્ટએટેક આવ્યો

### છેલ્લા ૧૫ દિવસથી ફરી યુવાનો હાર્ટએટેકના કારણે મૃત્યુ પામતા હોવાની ઘટનાઓ સામે આવી રહી છે

। (એજન્સી) વડોદરા, તા.૨૮ ।

વડોદરાના પાણીગેટ વિસ્તારમાં ચા પીતા એક યુવકને હાર્ટએટેક આવ્યો. યુવકની હાર્ટએટેકથી મોત થતા પરિવારમાં શોકનો માહોલ જોવા મળ્યો. પાણીગેટ વિસ્તારમાં રહેતો યુવકનું હાર્ટએટેકના કારણે મોત થયું. અનિલ ચૌહાણ નામનો યુવક ચા પીતો હતો ત્યારે અચાનક છાતીમાં દુ:ખાવો ઉપડ્યો અને તબીબી સારવાર મળે તે પહેલા જ મૃત્યુ પામ્યો.રાજયભરમાં છેલ્લા કેટલાક સમયથી ફરી હાર્ટએટેકનાકિસ્સાઓમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૧૫ દિવસથી ફરી યુવાનો હાર્ટએટેકના કારણે મૃત્યુ પામતા હોવાની ઘટનાઓ સામે આવી રહી છે. એક જિમ ટ્રેનર જેના નખમાં પણ રોગ નહોતો તેનું હાર્ટએટેકના કારણે મોત થયું.



જ્યારે અગાઉ ગાંધીનગરમાં એક કર્મચારી કામ કરતો હતો ત્યારે કામ કરતા જ અચાનક ઢળી પડ્યો. આ કર્મચારી નાયબ મામલતદાર હતા. નાયબ મામલતદાર મનીષ કડીયા જેમની ઉંમર ૪૨ વર્ષની હતી. તેઓ મામલતદાર ઓફિસમાં કામ બપોરના સમયે કામ કરતા અચાનક ઢળી પડ્યા. સાથે કામ કરતા સહકર્મચારીઓએ ડોક્ટરને તાત્કાલિક બોલાવ્યા. પરંતુ ડોક્ટર આવે તે પહેલા જ તેઓ હાર્ટએટેકના કારણે મૃત્યુ પામ્યા.

### દુષ્કર્મ આચરનારા મોહમ્મદ હનીફની પોલીસે ધરપકડ કરી

## પરિણીતાની એકલતાનો લાભ ઉઠાવીને શખ્સે દુષ્કર્મ આચર્યું

### ટેલરિંગનું કામકાજ કરતા બંગાળી યુવકની પત્ની ઉપર પાડોશમાં જ રહેતા શખ્સ દ્વારા દુષ્કૃત્ય ગુજારવામાં આવ્યું

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરતના અઠવા વિસ્તારમાં પાડોશમાં રહેતા શખ્સ દ્વારા બંગાળી પરિવારની પરિણીતાની એકલતાનો લાભ ઉઠાવી દુષ્કર્મ આચરનારા નરાધમની અઠવા પોલીસે ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

આરોપી બગી ચલાવવાના વ્યવસાય સાથે સંકળાયેલો છે અને પરિણીતાનો એકલતાનો લાભ ઉઠાવી દુષ્કૃત્ય આચર્યું હતું. એટલું જ નહીં પરંતુ અનિતા ના બાળકો અને પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચારતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

સુરતના અઠવા પોલીસ મથક હદ વિસ્તારમાં ટેલરિંગનું કામકાજ કરતા બંગાળી યુવકની પત્ની ઉપર અગાઉ પાડોશમાં જ રહેતા શખ્સ દ્વારા દુષ્કૃત્ય ગુજારવામાં આવ્યું છે. અઠવા પોલીસ મથકમાં પીડિત પરિણીતાએ આપેલી ફરિયાદમાં જણાવ્યાનુસાર, મોહમ્મદ હનીફ કુરેશી નામનો પાડોશમાં રહેતો હતો. પતિ ટેલરિંગનું કામકાજ કરતા હોવાથી મોહમ્મદ હનીફ કુરેશી વારંવાર તેણીના ઘરે કાપડના ટુકડા લેવા માટે આવતો હતો. દરમિયાન અગાઉ પતિની ગેરહાજરીનો લાભ ઉઠાવી મહમદ હનીફે "તું મને ખૂબ જ પસંદ છે. તારા પતિ કરતા સુંદર હું દેખાવું છું, તારા પતિ જોડે લગ્ન કેમ કર્યા?? કહી બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યો હતો.

માનસિક ત્રાસથી કંટાળી ત્યારબાદ પરિણીતા ઘરથી દૂર નજીકમાં રહેવા માટે ચાલી ગઈ હતી. છતાં પણ આરોપી મહમદ હનીફ કુરેશીએ પરણીતાનો પીછો છોડ્યો ન હતો. ત્યાં પણ પરિણીતાના પતિની એકલતાનો લાભ ઉઠાવી આરોપીએ દુષ્કર્મ આચર્યું હતું.

એટલું જ નહીં પરંતુ જો આ બાબતની જાણ પતિને કરશે તો બાળકો અને પતિને જાનથી મારી નાખશે તેવી ધમકી પણ આપી હતી. જ્યાં અંતે માનસિક ત્રાસથી કંટાળેલી પરિણીતાએ સમગ્ર હકીકત પતિને જણાવતા મામલો સામે આવ્યો હતો. જે બાદ અઠવા પોલીસ મથકમાં આ મામલે પરિણીતાએ ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન અઠવા પોલીસે આરોપી મોહમ્મદ હનીફ કુરેશીની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. જ્યાં આગળની કાર્યવાહી અથવા પોલીસે હાથ ધરી છે.


### મહાનગરપાલિકામાં મોટું કૌભાંડ । કોર્પોરેશનમાં ૧૪૨ સિક્યોરિટી ગાર્ડ બીજે નોકરી કરતાં હોવાનું ખૂલ્યું

## સુરતમાં સિક્યોરિટી ગાર્ડ ડબલ નોકરી કરતાં હોવાનું સામે આવ્યું

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરત મહાનગરપાલિકાની દસ જેટલી સિક્યુરિટી એજન્સીનું કૌભાંડ સામે આવ્યું છે. જેમાં એક જ સિક્યોરિટી ગાર્ડ પાસેથી ડબલ કામ લઈ પાલિકાને આર્થિક નુકશાન પહોંચાડવામાં આવતું હતું. એજન્સીના સિક્યોરિટી ગાર્ડ પાલિકાની કચેરી સહિતના સ્થળો પર તો ફરજ બજાવતા જ હતા, પરંતુ તેની સાથે અન્ય સ્થળો પર પણ ફરજ બજાવતા હોવાનું પાલિકાની તપાસમાં સામે આવ્યું છે.

કૌભાંડ ખૂલતા જ કસૂરવાર દસ જેટલી સિક્યોરિટી એજન્સીને નોટિસ પાઠવી ૫ લાખથી વધુના દંડની વસુલાત કરવામાં આવી છે. પાલિકાની તપાસમાં આવતા ૧૪૨ સિક્યોરિટી ગાર્ડ અન્યત્ર સ્થળે ફરજ બજાવતા હોવાનું બહાર આવતા કસૂરવાર અધિકારીઓ



સામે પણ કાર્યવાહીની ચીમકી મેયરે આપી છે. સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, ગાર્ડન સહિત બીઆરટીએસ રૂટ પર ફરજ બજાવતા સિક્યોરિટી ગાર્ડનું કૌભાંડ સામે આવ્યું છે. છેલ્લા અઢી મહિનાથી પાલિકા દ્વારા કરવામાં આવી રહેલી તપાસ દરમ્યાન આ કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું છે. જેમાં ૧૦ જેટલી સિક્યુરિટી એજન્સીના સુરક્ષા કર્મીઓ પાલિકામાં ડબલ શિફટમાં ફરજ બજાવતા હોવાની સાથે અન્યત્ર સ્થળે પણ ફરજ બજાવતા આવા ૧૪૨ સુરક્ષા કર્મીઓ પાલિકાની તપાસમાં મળી આવ્યા છે. જેના પગલે સુરત મહાનગરપાલિકા દ્વારા આવી ૧૦ જેટલી સિક્યુરિટી એજન્સીને નોટિસ પાઠવી ૫.૭૮ લાખની પેનલ્ટી ફટકારવામાં આવી છે.

આ એજન્સીઓ દ્વારા સુરક્ષા કર્મીઓ પાસે ડબલ શિફટમાં કામ લેવામાં આવતું હતું. જ્યાં ઓન પેપર ત્રણ શિફટ બતાવવામાં આવતી હતી. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ મળી આવી હતી. જેમાં એક જ સિક્યોરિટી ગાર્ડ પાસે વધારાનું કામ લઈ વેતન ઓછું આપવામાં આવતું હતું. જે સુરક્ષા કર્મીઓ અન્ય સ્થળે પણ સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. પાલિકાની તપાસમાં બહાર આવતા પાલીકા દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં સેન્ટ્રલ ઝોનમાં શિવ એજન્સી દ્વારા ૧૧ જેટલા સિક્યુરિટી ગાર્ડ પાસે ડબલ કામ લેવામાં આવતું હતું. જે બદલ ૫૬,૧૯૯ રૂપિયાની પેનલ્ટી ફટકારવામાં આવી છે. તેવી જ રીતે ઉધના ઝોન વિસ્તારમાં આવેલી બિગ એજન્સીના ૧૪, લિંબાયત ની એસ્કોર્ટના ૧૫, વરાછા એ-ઝોનની શક્તિ એજન્સીના ૧૮, વરાછા બી ઝોનની શક્તિ એજન્સીના ૧૭, રાંદેર ઝોનની આર. એસના ૧૩, અઠવા ઝોનની સૈનિકના ૧૫, કતારગામ ઝોનની ગણેશના ૧૨, જ્યારે બીઆરટીએસ એ-માં બાલાજી એજન્સીના ૧૨ અને બીઆરટીએસ બી-માં એમ.કે.એજન્સીના ૧૨ સુરક્ષા કર્મીઓ ડબલ ડ્યુટી કરતા મળી આવ્યા છે. આમ તમામ એજન્સી પાસેથી ૫,૭૮,૮૫૯ રૂપિયાની પેનલ્ટી વસૂલ કરવામાં આવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
CNN CHANNEL NINE NETWORK GUJARAT
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨